Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 06 SEPTEMBER, 2024 Vol. 22, No. 36 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### કેનેડામાં જગમિત સિંહે વીડિયો જાહેર કરી દેશના ઉદ્યોગપતિઓ સામે ટ્રુડો ઝુકી ગયાનો આક્ષેપ મુક્યો

# એનડીપીએ સમર્થન ખેંચતા ટ્રુડો સરકાર સંકટમાં

### સપ્ટેમ્બરના અંતમાં શરૂ થનાર સત્રમાં કોઈ અવિશ્વાસનો પ્રસ્તાવ આવે તો ટ્રુડોએ અન્ય પક્ષોનું સમર્થન મેળવી બહુમતિ સાબિત કરવી પડશે

**ટોરોન્ટો**

કેનેડામાં લિબરલ પાર્ટી અને ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી વચ્ચેનું ગઠબંધન તૂટી જતા જસ્ટિન ટ્રુડોની સરકારને માથે સંકટ આવ્યું છે. આ સાથે જ



લઘુમતીવાળી ટ્રુડો સરકારે સત્તામાં રહેવા માટે હવે અન્ય પક્ષોનું સમર્થન મેળવવું પડશે તેમ જાણકારો જણાવી રહ્યા છે. કેનેડામાં યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં કોઈને સ્પષ્ટ બહુમતિ ન મળતાં જસ્ટીન ટ્રુડોની લિબરલ પાર્ટીએ NDPના સહયોગથી સરકાર બનાવી હતી. NDP અને લિબરલ પાર્ટી વચ્ચેના કરારને 'સપ્લાય એન્ડ કોન્ફિડન્સ' કહેવામાં આવ્યું હતું. કરાર હેઠળ NDPએ બિલ પસાર થવા દરમિયાન લિબરલ પાર્ટીને ટેકો આપ્યો હતો. બદલામાં ટ્રુડો સરકારે NDP સંબંધિત પોલિસીઓ લાગુ કરી હતી.

દરમિયાન ખાલિસ્તાન સમર્થક નેતા જગમિત સિંહે એક વીડિયો જાહેર કરીને કહ્યું હતું કે, તેઓ 2022માં બંને પક્ષ વચ્ચે થયેલી સમજૂતીને રદ કરી રહ્યા છે. લિબરલ પાર્ટી દેશના ઉદ્યોગપતિઓ સામે ઝૂકી ગઈ છે. તેઓ પરિવર્તન લાવવા સક્ષમ નથી. પીએમ ટ્રુડોએ લોકોને નિરાશ કર્યા છે. તેઓ હવે બીજી તકને લાયક નથી. તેઓ તેમની સાથે કરેલી સમજૂતીને 'કચરાના ટોપલા'માં ફેંકી દેવાના છે. ટ્રુડોની પાર્ટીના સંસદમાં 130 સભ્યો છે અને સત્તામાં રહેવા માટે વધુ 9 બેઠકની જરૂર છે. અત્યાર સુધી એનડીપીના 24 સાંસદો લિબરલ એટલે કે ટ્રુડોને સમર્થન આપતા હતા. પરંતુ એનડીપીએ ગઠબંધનમાંથી છુટા થવાની બાત કરતા લિબરલ સરકારને હવે સત્તા ટકાવવા માટે ક્યૂબેક પાર્ટી (32 બેઠક)ના સમર્થનની જરૂર પડશે. કેનેડાની સંસદમાં વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટીના 119 સભ્યો છે. સુત્રોના મતે 25 દિવસ પહેલાં ચૂંટણી અંગે એક સરવેના જાહેર થયેલા તારણોમાં કન્ઝર્વેટિવ પાર્ટીનો દબદબો રહ્યો હતો. આવા સંજોગોમાં એનડીપીએ ગઠબંધનમાંથી ખસી જવાની વાત કરતા ટ્રુડો માટે ચૂંટણી ટાળવું હિતાવહ રહેશે તેમ તજજ્ઞો માની રહ્યા છે. અહેવાલો અનુસાર લિબરલ પાર્ટીએ બજેટ પસાર કરવા અને ચૂંટણી ટાળવા માટે હાઉસ ઓફ કોમન્સમાં અન્ય વિરોધપક્ષો પાસેથી સમર્થન મેળવવું પડશે. આ મહિનાના અંતમાં સંસદનું સત્ર શરૂ થશે. જો કોઈપણ પક્ષ સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવે તો ટ્રુડો સરકારે તેની બહુમતી સાબિત કરવી પડશે. જો ટ્રુડો સરકાર તેની બહુમતી સાબિત કરી શકશે નહીં તો દેશમાં ઓક્ટોબર 2025 પહેલાં ચૂંટણી યોજવી પડી શકે છે.

## જગમિત સિંહ ઉપર ભારત વિરોધી પ્રવૃત્તિમાં સામેલ હોવાના આરોપો

2017થી જગમિત સિંહ NDPના મુખ્ય નેતા છે. તેનો જન્મ 1979માં કેનેડાના ઓન્ટારિયોમાં થયો હતો. તેમનાં માતા-પિતા પંજાબથી કેનેડા આવ્યાં હતાં. અહેવાલો અનુસાર જગમિત 2011માં સંસદસભ્ય બન્યા હતા. ભારતે 2013માં જગમિત સિંહને વિઝા આપવાનો ઇનકાર કર્યો હતો. તેના પર ભારતવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો અને કટ્ટરપંથીઓ સાથે સંબંધ હોવાનો આરોપ હતો. વિઝા રદ થયા પછી જગમિત સિંહે આરોપ લગાવ્યો કે 1984થી શીખવિરોધી રમખાણોના પીડિતો માટે અવાજ ઉઠાવવા બદલ ભારત તેનાથી નારાજ છે. કેનેડિયન વેબસાઈટ ગ્લોબ એન્ડ મેઈલ અનુસાર, જગમિત સિંહે જૂન 2015માં સાન ફ્રાન્સિસ્કોમાં ખાલિસ્તાનના સમર્થનમાં એક રેલીમાં ભાગ લીધો હતો. તેમને ભિંડરાંવાલાના પોસ્ટર સાથે સ્ટેજ પર બોલતા સાંભળવામાં આવ્યા હતા.

## એનડીપી ચૂંટણી માટે તૈયાર, અવિશ્વાસનો પ્રસ્તાવ પણ લાવશે : જગમિત સિંહ

જગમિત સિંહે કહ્યું હતું કે તેઓ આ મહિનાના એન્ડમાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવી રહ્યા છે. તેમની પાર્ટી આગામી ચૂંટણી માટે તૈયાર છે. જગમિત સિંહે સમર્થન પાછું ખેંચી લીધા બાદ ટ્રુડોની સરકાર સ્પષ્ટપણે મુશ્કેલીમાં છે.

## ચીને ફરી વધાર્યું વિશ્વભરનું ટેન્શન કોરોના સહિત 36 વાયરસ મળ્યા

**શાંઘાઈ**

ચીને ફરી વિશ્વભરનું ટેન્શન વધાર્યું છે. વૈજ્ઞાનિકોના સંશોધન અને તપાસ મુજબ ચીનમાં બેટ કોરોના વાયરસ સહિત 36 નવા વાયરસો મળી આવ્યા છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં ચીનમાં ફર ફાર્મના પ્રાણીઓમાં 125 વાયરસની ઓળખ કરવામાં આવી છે, જે માનવ વસ્તીમાં ફેલાઈ શકે તેવું જોખમ છે. આ અભ્યાસ પ્રકાશિત થયા બાદ સમગ્ર વિશ્વમાં ચિંતા વધી ગઈ છે. સિડની યુનિવર્સિટીના જીવવિજ્ઞાની અને વાઈરોલોજિસ્ટ પ્રોફેસર એ.ડી.હોમ્સે ચીનમાં તેમના સાથી વિજ્ઞાનીઓ સાથે મળીને આ રિપોર્ટ તૈયાર કર્યો છે. તેમણે જણાવ્યું કે, 'ફર ફાર્મ્સ અમારા વિચાર કરતા વધુ ભયંકર ઝૂનોટિક બિમારીઓનું પ્રતિનિધિત્વ કરે છે. સંશોધનમાં વિજ્ઞાનીઓને નોળિયા, શિયાળ, રેકૂન કુતરા, ગિનિ પિગ અને હરણ સહિતના પ્રાણીઓમાં આ ભયંકર વાયરસ મળી આવ્યા છે.



સામાન્ય રીતે ચીનમાં અનેક સ્થળે આ પ્રકારની ફર ફાર્મિંગ થતી હોય છે અને તેમાં ભાગ્યે જ રોગ અંગે તકેદારી રાખવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. ત્યારે પ્રોફેસર હોમ્સે કહ્યું કે, અમને સંશોધન દરમિયાન જાણવા મળ્યું છે કે, આ પ્રાણીઓ વાયરસથી ભરેલા છે અને તેમાંથી કેટલાક વાયરસો અતિ ભયંકર કક્ષાના છે, જે એક ચિંતાનો વિષય છે. વિજ્ઞાનીઓની ટીમે ઉત્તર-પૂર્વ ચીનના મોટાભાગના ફાર્મોમાં કુલ 461 પ્રાણીઓની તપાસ કરી છે, વાયરસથી બિમારીના કારણે આ પ્રાણીઓનું મોત થયું હતું. વિજ્ઞાનીઓએ વિવિધ 125 વાયરસની ઓળખ કરી છે.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

BEST of MONTREAL
The Suburban
BEST of MONTREAL GAGNANT 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
InterSky VOYAGES TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# વિદેશી વિદ્યાર્થીઓ અઠવાડિયામાં ૨૪ કલાક જ કામ કરી શકશે

## ભારતીય વિદ્યાર્થીઓને ટોરોન્ટો જેવા મોંઘા શહેરોમાં રહેવાનો ખર્ચ કાઢવામાં મુશ્કેલી પડશે

**ટોરોન્ટો**

કેનેડામાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્?સ આ મહિને અમલમાં આવનારાં નવા નિયમ અનુસાર ઓફ કેમ્પસ વર્ક એટલે કે યુનિવર્સિટી કેમ્પસ બહાર કામ કરવાના કલાકો અઠવાડિયામાં ૨૪ પૂરતાં મર્યાદિત થશે. જેને કારણે ભારતીય વિદ્યાર્થીઓને ટોરોન્ટો જેવા મોંઘા શહેરોમાં રહેવાનો ખર્ચ કાઢવામાં મુશ્કેલી પડશે. કોરોના મહામારી દરમિયાન નિયમોમાં અપાયેલી છૂટની મર્યાદાઓ પણ ૩૦ એપ્રિલે પુરી થઈ ચૂકી છે. જો કે, ઉનાળા અને શિયાળાની રજાઓ દરમિયાન કામ કરવાના કલાકો પર કોઈ મર્યાદા લદાઈ નથી.



૨૦૨૨માં કેનેડામાં કુલ ૫.૫ લાખ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ હતાં. જેમાંથી ૨.૨૬ લાખ સ્ટુડન્ટ્સ ભારતીય હતા. કેનેડામાં હાલ કુલ ૩.૨ લાખ ભારતીય સ્ટુડન્ટ્સ ગીગ વર્કર તરીકે કામ કરી કેનેડાના અર્થતંત્રમાં તેમનું પ્રદાન આપી રહ્યા છે. ઓફ કેમ્પસ એટલે કે, યુનિવર્સિટીના કેમ્પસની બહાર મળતી નોકરીઓ કરીને સ્ટુડન્ટ્સ તેમનો રહેવા -ખાવાનો ખર્ચ કાઢતાં હોય છે. મોટાભાગની શિફ્ટ આઠ કલાકની રહેતી હોવાખી નવા નિયમ અનુસાર સ્ટુડન્ટ્સ હવે દર અઠવાડિયે ત્રણ જ પાર્ટ ટાઈમ શિફ્ટમાં જ કામ કરી શકશે. જેના કારણે તેમને ખર્ચા કાઢવાનું ભારે પડશે. કેનેડામાં મે મહિનાથી કલાક દીઠ ૧૭.૩૬ ડોલર્સનું મહેનતાણું અમલમાં આવ્યું છે પણ હવે સામે કામના કલાકો મર્યાદિત થવાને કારણે સ્ટુડન્ટસ માટે આ લાભ રહ્યો નથી. ઉલટું મોટાં શહેરોમાં તો તેમના માટે રહેવું મુશ્કેલ બનશે. ૨૦૨૩માં કેનેડામાં કલાક દીઠ ૧૬.૬૫ ડોલર્સનું મહેનતાણું ચૂકવવામાં આવતું હતું.

# ઓન્ટેરિયોમાં 4,000થી વધુ સ્ટોર્સ આવતા અઠવાડિયેથી શરાબનું વેચાણ કરી શકશે

## વર્ષ 2026 સુધીમાં કરિયાણા સહિતની દુકાનોને પણ લાયસન્સન અપાશે

**ઓન્ટેરિયો**

સમગ્ર ઓન્ટેરિયોમાં 4,000થી વધુ સુવિધા સ્ટોર્સને આલ્કોહોલ વેચવા માટેનું લાઈસન્સ આપવામાં આવ્યું છે. કારણ કે, નવા નિયમો આવતા અઠવાડિયે અમલમાં આવવાના છે. ઓન્ટેરિયોના આલ્કોહોલ એન્ડ ગેમિંગ કમિશનએ જણાવ્યું હતું કે, તેણે બિયર, વાઈન અને રેડી-ટુ-ડ્રિંક કોકટેલ વેચવા માટે સુવિધા સ્ટોર્સને મંજૂરી આપતા પહેલા આવા 4,146 લાઈસન્સ મંજૂર કર્યા છે. શરાબના વેચાણનું વિસ્તરણ 2018ની ચૂંટણીમાં પ્રીમિયર ડગ ફોર્ડે કરેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરે છે. ગયા ડિસેમ્બરમાં ફોર્ડે જાહેરાત કરી હતી કે, તમામ સગવડતા અને કરિયાણાની દુકાનોને 2026 સુધીમાં બિયર, વાઈન, સાઈડર અને રેડી-ટુ-ડ્રિંક કોકટેલ્સ વેચવાની મંજૂરી આપવામાં આવશે. મે મહિનામાં તેમણે સુવિધા સ્ટોર્સની સમયરેખાને 5 સપ્ટેમ્બર સુધી લંબાવીને તેને ઝડપી બનાવવાની યોજનાની જાહેરાત કરી હતી. સરકારે કહ્યું છે કે તેની આલ્કોહોલ વિસ્તરણ યોજનાઓ ઓન્ટેરિયનોને વધુ પસંદગી અને સગવડ આપશે. AGCOએ જણાવ્યું હતું કે, તે લાયસન્સધારકોને આલ્કોહોલના સુરક્ષિત અને જવાબદાર વેચાણ માટે તેમની જવાબદારીઓ પૂરી કરવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# પંજાબી સિંગર એ.પી ધિલ્લોનના ઘર બહાર ફાયરિંગ થતાં ચકચાર

## લૉરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારની ગેંગે ફયરિંગની જવાબદારી લીધી

**વાનકુંવર**

કેનેડામાં ઈન્ડો-કેનેડિયન રેપર, સિંગર અને પંજાબી મ્યુઝિકની દુનિયાના જાણીતા રેકોર્ડ પ્રોડ્યૂસર એ.પી.ધિલ્લોના ઘર બહાર ફયરિંગ થવાની ઘટના સામે આવી છે. ઘણા અહેવાલોમાં દાવો કરાયો છે કે, કેનેડાના વાનકુરમાં તેમના ઘર બહાર ગોળીબાર થયો હતો. મીડિયા રિપોર્ટ મુજબ સોશિયલ મીડિયામાં ફયરિંગનો વીડિયો પણ સામે આવ્યો છે. સુરક્ષા એજન્સીઓને આશંકા હતી કે, ફયરિંગ પાછળ ગોલ્ડી બરાડની ગેંગનો હાથ છે. જોકે લૉરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારની ગેંગે ફયરિંગની જવાબદારી લીધી છે.



# ફુગાવાની અસર : બેન્ક ઓફ કેનેડાએ વ્યાજ દર ઘટાડીને 4.25 ટકા કરી દીધો

**ઓન્ટેરિયો**

જૂનથી તેના સતત ત્રીજા કટમાં, બેન્ક ઓફ કેનેડાએ ફુગાવામાં સતત સ્થિરતાને ટાંકીને બુધવારે તેનો મુખ્ય વ્યાજ દર ઘટાડીને 4.25 ટકા કર્યો હતો. જ્યારે અર્થશાસ્ત્રીઓ દ્વારા આ પગલાની વ્યાપકપણે અપેક્ષા રાખવામાં આવી હતી. બેંક ઓફ કેનેડાના ગવર્નર ટિફ મેકલેમે બુધવારે એક ન્યૂઝ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, જો આપણે કોઈ મોટું પગલું ભરવાની જરૂર હોય, તો અમે એક મોટું પગલું ભરવા માટે તૈયાર છીએ. આ સમયે 25 બેસિસ પોઈન્ટ યોગ્ય લાગતા હતા. બુધવારનો નિર્ણય આ ઉનાળાની શરૂઆતમાં સ્થિર પેટર્નને અનુસરે છે. જ્યારે જૂનમાં દર ઘટાડીને 4.75 ટકા અને જુલાઈમાં 4.5 ટકા કરવામાં આવ્યો હતો.

મેકલેમે જણાવ્યું હતું કે, ફુગાવાના દરને અસર કરે તેવા જોખમોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે. આવાસ અને આશ્રય માટેની કિંમતો તેમજ કેટલીક અન્ય સેવાઓ, હજુ પણ ફુગાવા પર દબાણકર્તા છે. તેમણે કહ્યું કે, જો ફુગાવો અમારા જુલાઈના અનુમાન પ્રમાણે વ્યાપકપણે હળવો થતો રહે તો વધુ કાપની અપેક્ષા રાખવી વ્યાજબી છે. મેકલેમની ટિપ્પણીઓ બુધવારની જેમ તેણે જુલાઈમાં કરી હતી. કેનેડાનો વાર્ષિક ફુગાવાનો દર જુલાઈમાં ઘટીને 2.5 ટકા થયો હતો, જે જૂનમાં 2.7 ટકા હતો, તેમ સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ ઓગસ્ટમાં જણાવ્યું હતું. માર્ચ 2021 પછી તે સૌથી નીચો છે.










# ઓન્ટેરિયોની શાળાઓમાં નવા ફોન નિયમોમાં સ્પષ્ટતાનો અભાવ

## શાળા ચાલુ હોય તે સમયે વિદ્યાર્થીઓએ સેલફોનને સાઈલેન્ટ અને ન દેખાય એમ રાખવા પડશે

**ઓન્ટેરિયો**

વર્ગમાં સેલફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતા નવા નિયમો આ અઠવાડિયે સમગ્ર ઑન્ટેરિયોની શાળાઓમાં લાગુ થઈ રહ્યા છે. પરંતુ વિવેચકો કહે છે કે, તેઓને ખાતરી નથી કે નિયમો કેવી રીતે લાગુ કરવામાં આવશે અથવા તે કેટલા અસરકારક રહેશે. એપ્રિલમાં ઑન્ટેરિયો સરકારે વર્ગખંડોમાં સેલફોન ઉપયોગ પરના પગલાંને પ્રમાણિત કરવાની યોજનાની જાહેરાત કરી કહ્યું હતુ કે, તે શીખવાના સમયમાંથી વિક્ષેપો દૂર કરવા માંગે છે. જ્યારે પ્રાંતે 2019માં સેલફોન પર પહેલાંથી જ કેટલાક નિયંત્રણો મૂક્યા હતા. નવા નિયમો વધુ ચોક્કસ માર્ગદર્શિકા સેટ કરે છે જે ગ્રેડ દ્વારા તૂટી જાય છે. આ અઠવાડિયે શરૂ કરીને કિન્ડરગાર્ટનથી ગ્રેડ 6 સુધીના વિદ્યાર્થીઓએ સમગ્ર શાળા ચાલુ હોય તે સમયે સેલફોનને સાઈલેન્ટ અને ન દેખાય એમ રાખવા જોઈએ. ગ્રેડ 7 થી ગ્રેડ 12ના વિદ્યાર્થીઓ માટે વર્ગના સમય દરમિયાન સેલફોનનો ઉપયોગ કરી શકાતો નથી. પ્રાંતે કહ્યું છે કે સેલફોનનો ઉપયોગ ફક્ત ત્યારે જ થઈ શકે છે જો કોઈ શિક્ષક દ્વારા પરવાનગી આપવામાં આવે અથવા જો વિદ્યાર્થીઓને વિશેષ શિક્ષણ અથવા તબીબી જરૂરિયાતો હોય.

જ્યારે વિક્ષેપો ઘટાડવાનો એકંદર ઉદ્દેશ્ય આવકાર્ય છે, શિક્ષક સંઘો કહે છે કે તેઓને નિયમો કેવી રીતે લાગુ કરવા જોઈએ તે અંગે સ્પષ્ટતાની જરૂર છે અને તેમને અમલમાં મૂકનારા શિક્ષકોને સમર્થન આપવું જોઈએ.

રકારે કહ્યું છે કે જે વિદ્યાર્થીઓ નિયમોનું પાલન નથી કરતા તેમને તેમના ફોનને ક્લાસરૂમમાં સુરક્ષિત જગ્યા પર રાખવા માટે કહેવામાં આવશે. જો તેઓ તેનું પાલન નહીં કરે, તો તેમને આચાર્યની ઓફિસમાં જવાનું કહેવામાં આવશે. ઑન્ટેરિયો સેકન્ડરી સ્કૂલ ટીચર્સ ફેડરેશનના પ્રમુખ કારેન લિટલવુડે જણાવ્યું હતું કે તે શિક્ષકો પરના બોજ વિશે ચિંતિત છે. "અત્યારે શિક્ષકો પાસેથી ઘણી અપેક્ષા રાખવામાં આવે છે.

# કેનેડામાં બ્રહ્માકુમારી આશા દીદીનું 10મી સપ્ટેમ્બરે પ્રવચન યોજાશે

**ટોરોન્ટો**



હાલમાં કેનેડામાં બ્રહ્મા કુમારીઝ પોતાની સેવાના ૫૦ વર્ષ પુરા થતાં તેની ઉજવણી કરી રહી છે. જે નિમિત્તે ભારતના ઓમ શાંતિ રિટ્રીટ કેન્દ્ર, દિલ્હી - એનસીઆરના ડિરેક્ટર બીકે આશા દીદી ટોરોન્ટો ખાતે પધારી રહ્યા છે. આશા દીદી તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ને મંગળવારના રોજ સાંજે ૬ થી ૮ વચ્ચે, રેડ રોઝ કોન્વેનશન સેંટર, ૧૨૩૩, ડેરી રોડ, પૂર્વ, મિસિસાગા ખાતે અતિથિ વક્તા તરીકે પધારશે. આ તકે તેઓ "સુંદર જીવન માટે તમારી આંતરિક શક્તિઓને જાગૃત કરવી" વિષયે પોતાનું પ્રવચન પ્રસ્તુત કરશે.

જેથી કેનેડામાં રહેતા આધ્યાત્મિક પ્રેમીઓને પ્રવચનનો લાભ લેવા અપીલ કરાઈ છે. બીકે આશાદીદીએ બેંગલોર યુનિવર્સિટીમાંથી સુવર્ણચંદ્રક સાથે એમએ, સોસિઓલોજી કરેલ છે અને માઉન્ટ કાર્મેલ ડિગ્રી કોલેજ, બેંગલોરમાં લેકચરર તરીકે સેવાઓ આપી છે. તેઓએ પોતાનું જીવન ૧૯૭૩થી સંસ્થાને સમર્પિત કર્યું છે.

# USમાં ગેરકાયદે પ્રવેશ માટે હવે મેક્સિકોના બદલે કેનેડા રૂટ ઉપર ભારતીયોની પસંદગી

## એક જ મહિનામાં હજારો ભારતીયો અમેરિકામાં ઘૂસ્યા, કેનેડાની વિઝા સ્ક્રિનિંગ પ્રોસેસ પણ પ્રભાવિત

**ન્યૂ યોર્ક**

ડોક્યુમેન્ટ્સ વિના કેનેડાથી અમેરિકા જનારા ભારતીયોની સંખ્યા રેકોર્ડ સ્તરે વધી છે. જેના લીધે કેનેડાની વિઝા સ્ક્રિનિંગ પ્રોસેસ પણ પ્રભાવિત થઈ છે. વધુમાં યુકેમાં શરણ લેનારાની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. અહેવાલો પ્રમાણે કેનેડા જતાં ભારતીયો યુકેમાં શરણ માંગી રહ્યા છે. યુએસ કસ્ટમ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (સીબીપી)ના આંકડાના આધારે તૈયાર રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, જૂનમાં ૫૧૫૨ ભારતીયોએ ડોક્યુમેન્ટ્સ વિના પગપાળા કેનેડામાંથી અમેરિકામાં ઘૂસણખોરી કરી હતી. કેનેડામાંથી દર મહિને અમેરિકા જતાં ભારતીયોની સંખ્યા, કુખ્યાત મેક્સિકો રૂટ મારફત થતી ઘૂસણખોરી કરતાં પણ વધી છે. અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરનારા ભારતીયો હવે મેક્સિકોના બદલે કેનેડાના રૂટને પ્રાથમિકતા આપી રહ્યા છે. આ ટ્રેન્ડ ડિસેમ્બર, ૨૦૨૩ બાદ જોવા મળ્યો છે.

કેનેડા અને અમેરિકા વચ્ચે ૯ હજાર કિલોમીટર લાંબી સરહદ છે. જે દુનિયાની સૌથી લાંબી ઓપન બોર્ડર છે. જે ૩૪૦૦ કિલોમીટરની ભારત-ચીન સરહદથી લગભગ ત્રણ ગણી લાંબી છે.

યુએસ સીબીપીના આંકડા જણાવે છે કે, વર્ષ ૨૦૨૩માં દરમહિને સરેરાશ કેનેડા-અમેરિકા બોર્ડર પર અટકાયત થનાર ભારતીયોની સંખ્યા ૨૫૪૮ હતી. જે જાન્યુઆરી-જૂનમાં ૪૭ ટકા વધી છે. આ મહિનામાં સંખ્યા ૩૭૩૩ હતી. સુત્રો અનુસાર, યુકેના કકએરપોર્ટક પર શરણ લેનાર ભારતીયોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.






તંત્રી સ્થાનેથી

# સંદીપ ઘોષ CBIના સાણસામાં મમતાને માથે મુસીબતના એંધાણ

પશ્ચિમ બંગાળમાં ગેંગ રેપની ઘટના સાથે જ સંદીપ ઘોષનું નામ ચર્ચામાં આવ્યું હતુ. આ સંદીપ ઘોષ આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ રહી ચૂક્યા છે અને તેમના પર ભ્રષ્ટાચાર તેમજ ગેરવહિવટના આરોપો છે. હવે સંદીપ ઘોષની સીબીઆઈએ ધરપકડ કરી છે. આ ઘટનાક્રમથી બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને માથે આફતનો વર્તારો છે.



તંત્રી - સ્વદેશ

સીબીઆઈ બંગાળના ઘોષને કસ્ટડીમાં લઈને કોઈ વિસ્ફોટક વાત કઢાવવા માગે છે. જેને કારણે કદાચ મમતા બેનર્જી ચિંતામાં મુકાયા છે. મમતા બેનર્જીની સરકાર ભારે દબાણમાં આવી ગઈ છે. સીબીઆઈ તેની સ્પેશિયલ ક્રાઈમ બ્રાન્ચની ઓફિસમાં સંદીપ ઘોષની સતત પૂછપરછ કરી રહી હતી. ત્યારપછી મોડી રાત્રે સીબીઆઈના અધિકારીઓ તેને એન્ટી કરપ્શન બ્રાન્ચમાં લઈ ગયા હતા. સંદીપ ઘોષ ઉપરાંત ધરપકડ કરાયેલા લોકોમાં હોસ્પિટલને સપ્લાય કરતાં બે કોન્ટ્રક્ટરો બિપ્લબ સિંધા, સુમન હલબઝરા તેમજ સંદીપ ઘોષના બોડીગાર્ડ ઓફિસર અલી ખાનનો સમાવેશ થાય છે.

CBI છેલ્લાં ૧૫ દિવસથી આ લોકોની પૂછપરછ કરી રહી હતી. સંદીપ કોષ ઉપર લાગેલા આરોપોની તપાસ માટે CBI અધિકારીઓ અને ટીમમાં સામેલ અન્ય અધિકારીઓ હોસ્પિટલના રેકોર્ડની તપાસ કરી રહ્યા છે. અગાઉ હોસ્પિટલના ભૂતપૂર્વ ડેપ્યુટી સુપ્રિ. અલીએ નાણાંકીય અને અન્ય વહીવટી અનિયમિતતાઓને લઈને કોલકાતા હાઈકોર્ટમાં અરજી કરી હતી.

સંદીપ ઘોષે પણ આર.જી. કાર મેડિકલ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે, અખ્તર અલી કહે છે કે, સંદીપ ઘોષ હોસ્પિટલની આખી સિસ્ટમ જાણે છે અને તેણે તેનો દુરુપયોગ કર્યો હતો. અખ્તર અલીએ તેના પર નાણાંકીય ગોલમાલનો આરોપ પણ લગાવ્યો હતો. સંદીપ ઘોષની વર્ષ ૨૦૨૩માં મુર્શિદાબાદમાં બદલી કરાઈ હતી. ટૂંક સમયમાં સંદીપ ઘોષને તેમના પદ પર પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. જ્યારે અત્તર અલીની બદલી કરવામાં આવી હતી. કોલકાતા બળાત્કાર કેસની તપાસ કરી રહેલી સીબીઆઈ ટીમે ઘોષના નેતૃત્વમાં રહેલા અખ્તર અલીને પણ તપાસમાં સહયોગ માટે બોલાવ્યા હતા અને તેમની પાસેથી ઘણી માહિતી લીધી હતી. આ સિવાય અલીએ બુધવારે કોલકાતા હાઈકોર્ટમાં પીઆઈએલ પણ દાખલ કરી હતી. જેમાં સંદીપ ઘોષ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અને કથિત અનિયમિતતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અખ્તર અલીની ફરિયાદ અંગે રાજ્ય તકેદારી વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષકે ૨૦ જુલાઈ, ૨૦૨૩ના રોજ આરોગ્ય વિભાગના અગ્ર સચિવને એક અહેવાલ મોકલ્યો હતો અને આરજી કાર મેડિકલ કોલેજમાં ચાલી રહેલી ગેરરીતિઓની વિગતવાર તપાસની ભલામણ કરી હતી. સંદીપ ઘોષ સામે હવે શરૂ થયેલી તપાસમાં સીબીઆઈ અને રાજ્ય પોલીસની વિશેષ તપાસ ટીમે તેને તપાસમાં સહકાર કરવા માટે ઘણી વખત બોલાવ્યા છે. આ ઉપરાંત ૨૦૨૧માં પણ રાજ્યના એકાઉન્ટન્ટ જનરલે હોસ્પિટલમાં નાણાંકીય ગેરરીતિઓ અંગેનો અહેવાલ પણ રજૂ કર્યો હતો. તપાસ સાથે જોડાયેલા એક અધિકારીનું કહેવું છે કે સંદીપ ઘોષ દ્વારા વર્ષ ૨૦૨૧માં મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પ્રિન્સિપાલ તરીકેનો ચાર્જ સંભાળ્યો ત્યારથી મંજૂર થયેલા તમામ ટેન્ડરોની સઘન તપાસ કરવામાં આવી રહી છે. તેમાંથી કદાચ ઘણા ગોટાળા બહાર આવશે. ભારતીય જનતા પાર્ટીના આઈટી સેલના વડા અને પશ્ચિમ બંગાળ સંગઠનના સહપ્રભારી અમિત માલવીયએ સોશિયલ મીડિયા સાઈટ X પર પોસ્ટ કરીને દાવો કર્યો છે કે , પકડાયેલા લોકો TMC સાથે સંકળાયેલા છે. તેમણે એક વીડિયો પણ જાહેર કર્યો છે અને લખ્યું છે કે, તેમાં બિપ્લબ સિંઘા અને સુમન હઝરા તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય કલ્યાણ ઘોષ સાથે જોવા મળે છે. સંદીપ ઘોષ અને તૃણમૂલ કોંગ્રેસ સાથે ધરપકડ કરાયેલા તમામ લોકોનું જોડાણ માત્ર સંયોગ ન હોઈ શકે. જ્યારે તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તા તૌસીફ રહેમાન કહે છે કે, સીબીઆઈએ સંદીપ ઘોષની આરજી કાર મેડિકલ કોલેજમાં ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ કરી છે. સીબીઆઈ પહેલા પણ પશ્ચિમ બંગાળ સરકારે તાલા પોલીસ સ્ટેશનમાં સંદીપ ઘોષ વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી હતી અને આર.જી. કાર મેડિકલ કોલેજમાં ચાલતા ભ્રષ્ટાચારના આરોપોની તપાસ માટે વિશેષ તપાસ ટીમની પણ રચના કરી હતી.

આમ ટીએમસપી પણ ઘોષની ધરપકડ બાદ સક્રિય છે. અને તે પોતાને ઘોષથી દૂર રાખવા મથામણ કરી રહી છે. સોશિયલ મીડિયામાં આરોપ-પ્રત્યારોપનો સિલસિલો ચાલુ છે. સોશિયલ મીડિયા પર ફેલાતા સમાચાર અને નિવેદનોને ધ્યાનમાં લેતા કોલકાતા પોલીસે અત્યાર સુધીમાં ૨૮૦ લોકોને નોટિસ મોકલી છે. જ્યારે એક વિદ્યાર્થીની ધરપકડ કરી છે. કોલકાતા પોલીસે જેમને નોટિસ મોકલી છે તેમાં શાસક તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદો, વરિષ્ઠ હાર્ટ સ્પેશિયાલિસ્ટ, વિદ્યાર્થીઓ, વિવિધ રાજકીય પક્ષો સાથે સંકળાયેલા લોકો અને સામાન્ય લોકોનો પણ સમાવેશ થાય છે. નોટિસ બાદ તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સુખેન્દુ શેખર રોયે કોલકાતા હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી છે. કોલકાતા પોલીસની જનસંપર્ક શાખા સાથે સંકળાયેલા એક અધિકારીનું કહેવું છે કે જે લોકોએ સોશિયલ મીડિયા સાઈટ્સ પર વાંધાજનક પોસ્ટ કરી છે તેઓને જ નોટીસ મોકલી ખુલાસા મંગાઈ રહ્યા છે.

આર.જી. કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મૃત વિદ્યાર્થીનીની તસવીર અને નામ શેર કરનારાઓને પણ નોટિસ આપવામાં આવી છે. આ સિવાય પોસ્ટમોર્ટમ રિપોર્ટને સાર્વજનિક કરનાર અને તેનું ખોટું અર્થઘટન કરનારાઓને પણ તેડાવાયા છે. શહેરના સોલ્ટ લેક વિસ્તારમાં રહેતી એક વિદ્યાર્થીની પર આરોપ છે કે તેણે તેના એક્સ હેન્ડલ ઉપર મુખ્ય મંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ ઉશ્કેરણીજનક પોસ્ટ લખી છે. બીજી તરફ કોલકાતા પોલીસના સાયબર સેલે કહ્યું છે કે કોલકાતામાં બનેલી ઘટના અંગે ફેક ન્યૂઝ ફેલાવવું એ ગુનાની શ્રેણીમાં આવે છે. એટલે પોલીસ કાયદેસની કાર્યવાહી કરશે.

આમ ગંગરેપ અને સંદીપ ઘોષના ગેરવહિવટ મુદ્દે શરુ થયેલી સીબીઆઈ તપાસથી મમતાનું તંત્ર જોરદાર હરકતમાં આવી ગયું છે. સંભવત ભાજપ સીબીઆઈના સહારે મમતાને નિશાન બનાવી શકે છે. મમતા આ વાત સારી પેઠે જાણે છે. પરંતુ ગેંગરેપની ઘટના બાદ મમતા સરકારની ઈમેજ ખરડાઈ છે એટલે તે હવે પહેલાની જેમ ભાજપ કે કેન્દ્ર સરકાર પણ આક્રમકતાથી બોલી રહી નથી. આવા સંજોગોમાં સીબીઆઈ સમક્ષ ઘોષ કોઈ પણ વાંધાજનક બાબતોનો સ્વીકાર કરે તો તેના છાંટા મમતાની સરકાર સુધી પડવાનું નિશ્ચિત છે.

manoj1968@yahoo. ca






# વડોદરામાં પત્નીની છેડતી કરતાં વૃધ્ધ વકીલની સળિયાથી ઘા કરી અસીલ દ્વારા કરપીણ હત્યા

**વડોદરા**

શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા વૃધ્ધ વકીલની સિંઘરોટ પાસે મિનિ નદીના બ્રિજ પર કરપીણ હત્યા થઇ હતી. વકીલ તેના અસીલ અને અસીલની પત્ની સાથે ફરવા ગયા બાદ વકીલે અસીલની પત્નીની છેડતી કરતાં રોષે ભરાયેલા અસીલે રોડના ઘા મારી વકીલને પતાવી દીધો હોવાનું બહાર આવ્યું હતું.

ગોત્રી વિસ્તારમાં ગાયત્રી વિદ્યાલયની સામે મહીનગરમાં રહેતા ૭૫ વર્ષના વિઠ્ઠલપ્રસાદ મગનલાલ પંડિત વકીલાત તેમજ ગોત્રી વિસ્તારમાં આવેલા બહુચરમાતાજી મંદિરના પૂજારી તરીકે પણ કામ કરે છે. ગઇકાલે રાત્રે તેમને સિંઘરોટ અમરાપુરા ગામની સીમમાં મિનિ નદીના બ્રિજ પર અકસ્માત થયો છે તેવો મેસેજ મળતાં તેમનો પુત્ર યશસ્વી ઉર્ફે ક્રિષ્ણા તેમજ પત્ની બંને સયાજી હોસ્પિટલ દોડી ગયા હતાં. હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન મોડી રાત્રે તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે પ્રાથમિક તબક્કે તેમના પુત્ર યશસ્વીને જાણવા મળ્યું હતું કે વિઠ્ઠલપ્રસાદ પંડિતનું મોત અકસ્માતમાં નહી પરંતુ અસીલે મારક હથિયારોથી માર મારી કરપીણ હત્યા કરી હતી.

આ અંગે તાલુકા પોલીસ સ્ટેશનમા ગુનો દાખલ થયા બાદ પોલીસે નરેશ બાબુભાઇ રાવળ (રહે.શિવાલય હાઇટ્સ, ગોત્રી)ની અટકાયત કરી તેની પૂછપરછ કરતાં હત્યાની કબૂલાત કરી હતી અને પોલીસને જણાવ્યું હતું કે એક વર્ષ પહેલાં હું મંદિરે જતો હતો ત્યારે વિઠ્ઠલપ્રસાદે પૈસાની લેતીદેતીના ઝઘડા મુદ્દે વાત થઇ ત્યારે વિઠ્ઠલપ્રસાદે મારો કેસ લડવા તૈયારી બતાવી હતી અને સિવિલમાં દાવો કર્યો હતો. બાદમાં તેઓ કેસની તારીખના બહાને ઘેર બોલાવતા અને મારી પત્ની સાથે અડપલા કર્યા હતાં પરંતુ તેઓ કેસ લડતા હોવાથી ત્યારે તેને નજરઅંદાજ કર્યું હતું.

# વડોદરામાં ધીંગાણું, બર્થ ડેની ઉજવણી કરતા પરિવાર પર હુમલા બાદ તોડફોડ

**વડોદરા**

વડોદરામાં યાકુતપુરા કાનુડા ખાંચામાં રહેતા ઈકબાલ હુસેન અહેમદ હુસેન મકરાણીએ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે મારા પૌત્ર મોહમ્મદ નોમાનનો જન્મદિવસ હોય રાત્રે 8:00 વાગે અમે ઉજવણી કરતા હતા. મારા સગા સંબંધીઓ મારા ઘરે આવ્યા હતા. જેમની ગાડીઓ મારા ઘરની સામે પાર્ક કરતા હતા. મારો દીકરો મોહમ્મદ તુફેલ અમારા સંબંધીની ગાડી પાર્ક કરાવવા બહાર ગયો હતો તે વખતે અશફાક અલીમાસુમ અલી સૈયદ તેની ગાડી લઈને મારા ઘરની બહાર ઉભા હતા. મારા દીકરાએ તેઓને કહ્યું કે તમારી ગાડી આપના ઘરના આંગણમાં મૂકી દો નહિતર બીજો કોઈ તેની ગાડી મૂકી જશે જેથી અશફાક અલીએ ઉશ્કેરાઈને ગાળો બોલે ઝપાઝપી કરી હતી ઘરના સભ્યો તથા મહોલ્લાના માણસોએ વચ્ચે પડી સમાધાન કરાવ્યું હતું.

ત્યારબાદ રાત્રે 11:00 વાગે અગાઉ થયેલા ઝઘડા નો ઉપરાણું લઈને નવાજઅલી ઈમ્તિયાઝ અલી સૈયદ તથા મુખ્તારઅલી યાસીનઅલી સૈયદ તથા તોસીફ સહિત પાંચ થી છ લોકો મારા ઘરે ગાળો બોલતા બોલતા ઘૂસી ગયા હતા અને મારી પત્ની અને મારા ત્રણે દીકરાને માર્યો હતો. હુમલાખોરોએ ઘરમાં ઘૂસીને તોડફોડ કરી હતી.

# મંજીપુરા ગામે પૂર્વ પ્રેમીથી કંટાળેલી પરિણીતાએ ચોથા માળેથી ઝંપલાવ્યું

**નડિયાદ**

સુંદર વન સોસાયટીના ચોથા માળે અલ્પેશભાઈ લક્ષ્મણભાઈ વાઘેલા દેવીપુજક પત્ની ભારતીબેન સાથે રહે છે. ભારતીબેનને લગ્ન અગાઉ સુરેશ ઉર્ફે અરવિંદભાઈ દેવીપુજક (માતર) સાથે પ્રેમ સંબંધ હતો. બાદમાં પરિણીતાએ પ્રેમ સંબંધનો અંત આણ્યો હતો. છતાં સુરેશ પરિણીતાને પ્રેમ સંબંધ રાખવા અવારનવાર ફોન કરી દબાણ કરતો હતો. પરંતુ ભારતીબેન લગ્ન બાદ પ્રેમ સંબંધ રાખવા માગતી ન હતી. તા.૩ સપ્ટેમ્બરે સુરેશ ઉર્ફે ભગાએ ભારતીબેન તેમજ તેના પતિ પર ફોન કરી ચારિત્ર બાબતે ગમે તેમ બોલ્યો હતો. જેથી ભારતીબેને પતિને જણાવેલું કે, સુરેશે મારી જિંદગી બરબાદ કરી નાખી છે. આ લોકો આપણને સુખેથી જીવવા નહીં દે અને મને સમાજમાં બદનામ કરી નાખશે. જેથી મને માફ કરી દો અને મને મારા પિયરમાં મૂકી આવો, મારે મારા માતા પિતાને મળવું છે. તેમ કહી પોક મૂકી હતી ત્યારે પતિ અલ્પેશે તને કંઈ નહીં થાય તેમ કહી શાંત કરી પત્ની માટે ઠંડુ લેવા દુકાને ગયો હતો. ત્યારે ભારતીબેને દુકાને ગયેલ પતિને ફોન કરી આવજે હું જાઉ છું તેમ કહી ચોથા માળેથી મોતની છલાંગ લગાવી હતી.

# વડોદરામાં ચારધામ યાત્રાના બહાને સિનિયર સિટિઝન પાસે રૂપિયા દોઢ લાખ પડાવી લેવાયા

## સિનિયર સિટિઝન ગંગોત્રી પહોંચ્યા પછી મુંબઇના ઠગે તેઓના નંબર બ્લોક કરી દીધા

**વડોદરા**

સુભાનપુરા ન્યૂ આઈપીસીએલ રોડ પર આસ્થા એવન્યુમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા મનોહરભાઈ બાલકૃષ્ણભાઈ કાનિટકરે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ફેબ્રુ. ૨૦૨૩માં ટ્રાવેલ્સના સંચાલકે મને ફોન કરી જણાવ્યું હતું કે, હું ભુપેશ સુરતી બોલું છું. ચારધામ યાત્રા માટે ભુપેશ ભીમભાઇ સુરતીએ વ્યક્તિ દીઠ ૨૨,૫૦૦ નું પેકેજ બુક કરવા માટે જણાવ્યું હતું. મારી, મારી પત્ની પ્રભાવતીબેન, મારા સાળી નીલાબેન કુલકર્ણી, મારા ભાઈ ઉમાકાંત તથા ભાભી રાજશ્રી એમ મળીને કુલ પાંચ વ્યક્તિઓની ચારધામ યાત્રા માટે ૧.૧૨ લાખમાં પેકેજ નક્કી કર્યુ હતું. તેણે અમને કેદારનાથ થી ચારધામ યાત્રા જવા માટે હેલિકોપ્ટરના બુકિંગ બાબતે વાત કરતા તેના માટે અલગથી ૪૭,૫૦૦ની માંગણી કરતા અમે તે રૂપિયા પણ ચૂકવી દીધા હતા. ત્યારબાદ તેણે સ્વખર્ચે અમને હરિદ્વાર આવવા જણાવતા અમે તારીખ ૧૨-૦ ૫ - ૨૦૧૩ ના રોજ હરિદ્વાર પહોંચ્યા હતા. ભૂપેશે અમને લેવા માટે ટેક્સી મોકલી હતી. ત્યારબાદ ગંગોત્રી જવાના રસ્તા પર ભુપેશે અમને હોટલ બુક કરી આપી હતી. આગળની યાત્રા માટે અમે ભુપેશનો સંપર્ક કરતા તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. અને અમારા નંબર બ્લેક લિસ્ટમાં નાખી દીધા હતા.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# વડોદરામાં આક્રોશ : અભદ્ર કમેન્ટોથી કંટાળી નેતાઓ સ્તબ્ધ

## પૂરને કારણે મિલકતો અને ઘરવખરીને વ્યાપક નુકસાન, મદદ કરવા માટે તંત્ર પોતે જ લાચાર દેખાતા સોશિયલ મીડિયામાં પ્રત્યાઘાત

**વડોદરા**

વડોદરા શહેરમાં પૂરના પાણી ઓસર્યા પછી ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને રાજકીય પક્ષોના કાર્યકરો વિરુદ્ધ હેરાન થયેલા નાગરિકો દ્વારા ફટકાર વરસાવવાનું બંધ થઈ રહ્યું નથી. તો બીજી તરફ જે જન પ્રતિનિધિ પોતાના સોશિયલ મીડિયા પર પૂર અંગે કરેલી કામગીરીનો ચિતાર મૂકે તે સાથે જ નાગરિકો તેના વિરુદ્ધ ફટકાર દર્શાવવાનું શરૂ કરી દે છે. જેના કારણે હવે અનેક રાજકીય લોકોએ તેમના દ્વારા થઈ રહેલી કામગીરીને સોશિયલ મીડિયા પર રજૂ કરવાનું બંધ કરી દીધું છે. શહેરમાં વર્ષ 1976થી પણ વધુ ભયાનક પૂર આ વખતે નાગરિકોએ અનુભવ્યું છે. વર્ષોથી પાણી ન આવતા હોય તેવા વિસ્તારમાં પણ આ વર્ષે પૂરે ખાનાખરાબી સર્જી દીધી છે. જેનાથી લોકોની મિલકતોને પારાવાર નુકસાન થયું છે. માત્ર તેઓના વાહનને જ નહીં પરંતુ અનાજ અને અન્ય ઘરની વસ્તુઓની ખાનાખરાબી ગઈ છે. હવે નાગરિકોનો આક્રોશ ચરમ સીમાએ પહોંચ્યો છે. હવે પૂરના પાણી ઓસર્યા બાદ રાજકીય અગ્રણીઓ



દ્વારા થતી કામગીરી અપૂરતી અને સંતોષકારક ન હોવાની ખૂબ જ વ્યાપક ફરિયાદો ઉઠી છે.

વડોદરાના નાગરિકોએ પોતાની નારાજગી અંગે હવે સ્થાનિક નેતાઓ પર ભરોસો રાખવાના બદલે સીધો પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાઓ સમક્ષ પોતાની વેદના રજૂ કરવાની શરૂ કરી દીધી છે. જેથી અનેક ઉચ્ચ નેતાઓની નજર હવે વડોદરામાં થઈ રહેલી પૂરની રાહત અને બચાવ કામગીરી સમક્ષ મંડાઈ છે. જે અંતર્ગત વડોદરા ખાતે રાજ્ય સ્થળના મંત્રીઓ અને નેતાઓની લટાર પણ વધી ગઈ છે. જો વડોદરાને હવે સાચવવામાં નહીં આવે તો નાગરિકોનો ગુસ્સો સત્તાધારી પક્ષ વિરુદ્ધ વધુ મજબૂત થશે અને તેને કારણે આગામી દિવસોમાં વધુ મુશ્કેલી વધી જશે તેવા દિવસો દૂર નથી તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

આના કારણે હવે પક્ષે પણ વડોદરાની સ્થિતિની ગંભીરતા સમજવા લાગી છે. હવે જે કોઈ જનપ્રતિનિધિ પોતાના દ્વારા થઈ રહેલી પૂર અંગેની રાહત અને બચાવની કોઈ કામગીરી કરે અને તેની વાહવાહી લૂંટવા પોતાના કે અન્યના સોશિયલ એકાઉન્ટ પર તસવીરો અથવા વિડીયો શેર કરે તેઓની નાગરિકોએ બરાબરની ખબર લીધી છે. જ્યારે સોશિયલ મીડિયા પર રાહત અને બચાવ કામગીરીના વખાણ કરતા વિડીયો કે ફોટા મૂક્યા છે તે સાથે જ નાગરિકોનો આક્રોશ ફાટે છે અને અનેક અભદ્ર કોમેન્ટનો મારો પણ શરૂ થાય છે.

## ભાજપના નેતાઓથી અકળાઈ પ્રજા, પ્રવેશબંધીના બેનરો લગાવ્યાં

પાણી ઓસરતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વિધાનસભાના દંડક બાળુ શુક્લ, મહિલા ધારાસભ્ય મનીષાબેન વકીલ, તથા કેટલાક કોર્પોરેટર વિવિધ વિસ્તારમાં લોકોની તકલીફોમાં મદદરૂપ થવા પહોંચ્યા પરંતુ લોકોના આક્રોશનો ભોગ બનવાનો વારો આવ્યો હતો. લોકસભા, વિધાનસભા, કોર્પોરેશનની ચૂંટણી સમયે લોકોની પ્રાથમિક સુવિધા મળતી હોતી નથી ત્યારે મતદાનના બહિષ્કારના બોર્ડ લાગતા હોય છે પરંતુ આ વખતે પૂરની પરિસ્થિતિથી ત્રસ્ત થયેલા લોકોમાં નેતાઓ માટે ઘૃણા પેદા થઇ છે. શહેરમાં વિશ્વામિત્રી નદીમાં 1976 પછી સૌ પ્રથમવાર સૌથી વધુ પૂરના પાણી નીચાણવાળામાં જ નહીં પરંતુ વિશ્વામિત્રીથી એક કિલોમીટર દૂર એવા વિસ્તારોમાં પણ પૂરના પાણી ફરી વળ્યા હતા. ખાસ કરીને સોસાયટી વિસ્તારોમાં તો ક્યારે પણ પાણી ભરાતા ન હતા તેવા વિસ્તારોની સોસાયટીઓમાં એક માળ સુધી પૂરના પાણી પહોંચી ગયા હતા. જેથી લોકોમાં નેતાઓ પ્રત્યે આક્રોશ વધી રહ્યો છે. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલી પુરુષોત્તમનગર સોસાયટીના લોકોએ સોસાયટીના નાકે બેનર મારી લખ્યું છે કે, આ સોસસાટીમાં કોઇ પણ રાજકારણી પાર્ટીના નેતા અને કાર્યકર્તાઓએ પ્રવેશ કરવો નહીં.

## તાવ-ચામડીના દર્દોના કેસો વધુ જોવા મળ્યા

વડોદરામાં કોર્પોરેશનની અર્બન પ્રાઇમરી હેલ્થ સેન્ટરોની પ્રથમ પાંચ દિવસની કામગીરીનો રાઉન્ડ પૂરો થયો છે. જેમાં 1129 લોકેશન પર 57,936 દર્દીઓની તપાસ કરવામાં આવી છે. જેમાં 4301 કેસ તાવના, 1122 કેસ ઝાડાના, 169 કેસ ઝાડા ઉલટીના અને 14,969 કેસ ચામડીના દર્દીના જોવા મળ્યા છે. પૂરના પાણીને લીધે ચામડીના દર્દીઓ વધી ગયા છે. જ્યારે ઘેર-ઘેર ફરીને 497 ટિમ દ્વારા 4,85,482 ઘરમાં જઈને 39,704 દર્દીઓની તપાસ કરી હતી. જેમાં 4,755 કેસ તાવના, 833 કેસ ઝાડા, 119 કેસ ઉલટીના, 9434 કેસ ચામડીના દર્દીઓ જોવા મળ્યા હતા.

## પૂરને કારણે MGVCLને આઠ કરોડનું નુકસાન, 6000 મીટર બદલવા પડશે

વરસાદ અને પૂરમાં વીજ કંપનીના ૪૫ થાંભલા શહેરમાં પડી ગયા હતા અને ૪૫ જેટલા ટ્રાન્સફોર્મર પાણી ઘુસી જવાના કારણે બદલવા પડયા હતા.બેઝમેન્ટો અને ગ્રાઉન્ડ ફ્લોર પાણી પ્રવેશી જવાના કારણે ૬૦૦૦ મીટરો બદલવાની જરુરિયાત ઉભી થઈ છે.જેમાં ૩૦૦૦ મીટર અત્યાર સુધીમાં બદલવામાં આવ્યા છે અને ૩૦૦૦ મીટર બદલવાની કવાયત ચાલી રહી છે. વીજ કંપનીના એમડી તેજસ પરમારે કહ્યું હતું કે, મધ્ય ગુજરાત વીજ કંપની તેમજ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની ટીમો એમ કુલ ૬૧૫ ટેકનિકલ કર્મચારીઓ તેમજ અધિકારીઓની ટીમોએ રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરીને ૨ દિવસમાં ૧૦૦ ટકા વિસ્તારોમાં પાવર સપ્લાય ફરી શરુ કર્યો હતો.પૂરના કારણે કુલ ૧૧૭ ફીડરો અને ૬૧૫ ટ્રાન્સફોર્મરોને કોઇને કોઇ તબક્કે બંધ રાખવા પડયા હતા. અકોટા માંજલપુર, સમા, કારેલીબાગ, હરણીમાં સૌથી વીજ પુરવઠો સૌથી વધારે પ્રભાવિત થયો હતો. વીજ કંપનીના સપ્લાયથી કરંટ લાગવાના કારણે કોઈનુ મોત થયું નથી.શહેરમાં જન મહેલ અને સેન્ટ્રલ એસટી ડેપોમાં હજી પણ પાણી કાઢવાની કામગીરી ચાલી રહી હોવાથી વીજ સપ્લાય શરુ કરી શકાયો નથી તેમ સૂત્રોએ કહ્યું હતું.

## ભાજપના કાઉન્સિલરોને ઘેરાવ.. 'હવે સહાનુભૂતિ લેવા આવ્યા છો'

વડોદરામાં કિટ વિતરણ કરવા જતા ભાજપના આગેવાનો હજી પણ લોકોના રોષનો ભોગ બની રહ્યા છે. સોમવારે સલાટવાડા વિસ્તારમાં ભાજપના કાઉન્સિલર બંદિશ શાહ અને કાર્યકરો મુલાકાતે ગયા ત્યારે તેમને સ્થાનિક રહીશોની નારાજગીનો સામનો કરવો પડયો હતો. નાગરવાડા નવીધરતી વિસ્તારમાં કિટ વિતરણ માટે ભાજપના કાઉન્સિલરો બંદિશ શાહ,મનોજ પટેલ અને શ્વેતાબેન ગયા ત્યારે પણ લોકો તેમને ફરી વળ્યા હતા.કેટલાક લોકોએ પીવાનું પાણી નહતું ત્યારે કેમ ના દેખાયા,હવે સહાનુભૂતિ લેવા નીકળ્યા છો તેમ કહી આક્રોશ વ્યક્ત કર્યો હતો. તો કેટલાક લોકોએ કેશડોલ વિતરણમાં વહાલા દવલાની નીતિ અપનાવતા હોવાના પણ આક્ષેપ કર્યા હતા.આમ,ભાજપના મંત્રી અને ધારાસભ્યોની સાથે હવે સ્થાનિક આગેવાનોને પણ રોષનો અનુભવ થઇ રહ્યો છે.

## વેપારીઓએ ગૃહ મંત્રીને કહ્યું કે, અમને વડોદરાના શાસકો ઉપર ભરોસો નથી

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વડોદરાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે વેપારી સંગઠનો અને ઔદ્યોગિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજી હતી અને તેમાં વેપારીઓ અને ઉદ્યોગોએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. વેપારી સંગઠને તો કહ્યું હતું કે, અમને વડોદરાના તંત્ર પર ભરોસો જ નથી. વડોદરા વેપાર વિકાસ એસોસિએશનના આગેવાનોએ હૈયા વરાળ ઠાલવીને વડોદરાના લોકોના



રોષનો પડઘો પાડતા ગૃહ મંત્રીને જણાવ્યું હતું કે, કોર્પોરેશનમાં ચૂંટાયેલી પાંખ અને અધિકારીઓ વચ્ચે સંકલનની ખામી છે. જેના કારણે વેપારી આલમ પણ પિસાઈ રહી છે. કોઈ અમારા ફોન પણ ઉપાડતું નથી. ઉલ્ટાનું શાસકો વેપારીઓ પર દાદાગીરી કરે છે. આ બેઠકમાં વડોદરાના વીસીસીઆઈ સહિત વિવિધ જીઆઈડીસીઓના ઔદ્યોગિક સંગઠનોના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. ઔદ્યોગિક આલમના આગેવાનોએ માગણી કરી હતી કે, ઉદ્યોગોને પૂરના કારણે ભારે નુકસાન થયું છે. અત્યારની પરિસ્થિતિને જોતા ઉદ્યોગોને ૨૦૨૪-૨૫માં મ્યુનિસિપલ ટેક્સ અને પ્રોપર્ટી ટેક્સમાંથી રાહત આપવામાં આવે. સાથે સાથે ઉદ્યોગોએ જીઆઈડીસીઓમાં પાયાની સુવિધાઓ જેવી કે રોડ-રસ્તા, સફાઈ અને વીજળી સપ્લાયના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે પણ રજૂઆત કરી હતી તેમજ ઈન્સ્યોરન્સ કંપનીઓ નુકસાનના દાવાઓનો વહેલી તકે નિકાલ લાવે.

## લોકોએ શિક્ષણમંત્રીને કહ્યું, પાણીના નિકાલનું કાયમી સોલ્યુશન લાવો

વાઘોડિયારોડ વિસ્તારમાં વોર્ડ નંબર-15 ના વિસ્તારમાં આજે કિટ વિતરણ કરવા ગયેલા શિક્ષણ મંત્રીને પણ લોકોના રોષનો ભોગ બનવું પડયું હતું. વાઘોડિયારોડ પર પૂરને કારણે સાંઇ આશિષ સોસાયટી સોમનાથ નગર, સાંઇ વિહાર, સાંઇ આશિષ ડુપ્લેક્સ, વલ્લભ વાટિકા, પ્રમુખ પાર્ક, શ્રીનાથ દિપ સહિતની સંખ્યાબંધ સોસાયટીઓ અને તેની આસપાસના વિસ્તારો જળબંબાકાર થઇ ગયા હતા. દરમિયાનમાં રાજ્યના શિક્ષણ મંત્રી કુબેરભાઇ ડિંડોર દ્વારા વોર્ડ નંબર-15ના વિસ્તારમાં કિટ વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.પરંતુ તે દરમિયાન અનેક લોકોએ દૂરથી જ કિટ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો અને તેમણે અમારે કિટની જરૂર નથી તેમ કહી પાણીના નિકાલનો કાયમી ઉકેલ જોઇએ છે તેમ કહી ઠંડો રોષ ઠાલવ્યો હતો.

## પાદરા નજીક ગણેશ પંડાલ બાંધી રહેલા 15 યુવકોને લાગ્યો કરંટ, એકનું મોત

**પાદરા**

પાદરા તાલુકાના ડબકા ગામે 15 યુવકોને કરંટ લાગવાની ઘટનાથી ભક્તિમય માહોલ શોકમય બની ગયો હતો. ડબકા ગામે આવેલા વેરાઇ માતાના મંદિર પાસે ગણેશ પંડાલ બાંધી રહ્યા હતા, તે દરમિયાન લોખંડની એંગલ હાઇટેન્શન લાઇનને અડી જતાં 15 યુવકોને અચાનક કરંટ લાગ્યો હતો. જેમાં 1 યુવકનું મોત નિપજ્યું છે, જ્યારે 14 યુવાનોને શરીરના અલગ અલગ ભાગો પર ઇજા પહોંચી હતી. ઇજાગ્રસ્ત યુવકોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે આ મામલે પ્રાથમિક તપાસ શરૂ કરી દીધી છે.

## નીતિન પટેલ સહિત ભાજપીઓએ બાજી સંભાળી: મહેસાણા બેંકની ચૂંટણી સમરસ

**મહેસાણા**

મહેસાણા કો-ઓપરેટિવ બેંકની ચૂંટણી બિનહરિફ કે સમરસ કરવામાં પૂર્વ મુખ્ય પ્રધાન નીતિન પટેલ અને અહીંના સાંસદ હરીભાઈ પટેલ સહિતના આગેવાનોને સફળતા મળી છે 8મી સપ્ટેમ્બરે યોજાનારી 17 બેઠક માટે 87 ફોર્મ ભરવામાં આવ્યા હતા. બેંકના ખાતાધારકો અને સમાજના હીત માટે ચૂંટણી ન યોજાતા એકબીજા સાથે સમન્વય સાધી કારભાર ચલાવવામાં આવે તેવી વાત ભાજપના આગેવાનોએ ઉમેદવારો અને તેમની પેનલો સામે મૂકી હતી. જેના પરિણામરૂપે ચૂંટણી સમરસ થયાના અહેવાલો મળ્યા છે. 15 હજાર કરોડનું ટર્નઓવર ધરાવતી મલ્ટી સ્ટેટ મહેસાણા અર્બન કો-ઓપ બેંકની ચૂંટણી મામલે બુધવારે ભારે રસાકસી સર્જાઈ હતી. 97 માંથી 80 ફોર્મ પરત ખેંચાતાં તમામ 17 ડિરેક્ટરોને બિનહરીફ જાહેર કરાયા હતા. વર્તમાન શાસકોમાં કે.કે જૂથના 11 સભ્યને રિપીટ કરવામાં આવ્યા છે અને 1 નવા સભ્યને પ્રવેશ મળ્યો છે. આમ આ પેનલના 12 સભ્ય અને સામેના ડી.એમ પટેલ ગ્રુપના નવા 5 ચહેરાને સમાવી ચૂંટણી સમરસ બનાવાઈ છે.

## હરણીમાં મહિલા ધારાસભ્ય માટે અભદ્ર ઈશારા કરનાર વેપારીની ધરપકડ કરાઈ

**હરણી**

હરણીમાં પૂરના પાણી ફરી વળતાં લોકોને ત્રણ દિવસ સુધી લાઇટ,પાણી તેમજ આવશ્યક ચીજવસ્તુઓ વગર ટળવળવું પડયું હતું. આ દરમિયાન મીડિયા કર્મી સમક્ષ કેટલાક રહીશોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો.જે દરમિયાન એક યુવકે ભાજપના ચૂંટાયેલા આગેવાનો સામે બેફામ ઉચ્ચારણો કરી કહ્યું હતું કે, અહીં આવશો તો ટાંટિયા તોડી નાંખીશ.મહિલા ધારાસભ્ય મનિષા વકીલ માટે પણ જાહેરમાં અભદ્ર ઈશારા કરી ટિપ્પણી કરી હતી.આ વીડિયો વાયરલ થતાં તેના પર કોમેન્ટો પણ થઇ હતી. ઉપરોક્ત બનાવ અંગે ક્રાઇમ બ્રાન્ચે ગુનો નોંધી કુલદીપ સૂર્યકાન્ત ભટ્ટ સામે ગુનો નોંધી ધરપકડ કરી છે.

# સુરતમાં કોન્ટ્રાક્ટર પાસે 10 લાખ માંગવાનું બે કોર્પોરેટરને ભારે પડ્યું

**સુરત**

સુરત મહાનગરપાલિકાના પુણાના વોર્ડ નં.16 અને 17 ના કોર્પોરેટર જીતુ ઉર્ફે જીતેન્દ્ર પાંછાભાઈ કાછડીયા અને વિપુલભાઈ વસરામભાઈ સુહાગીયાનાઓએ આ ‘પે એન્ડ પાર્ક’ ની સુવિધાવાળી જગ્યાની મુલાકાત લીધી હતી અને તેઓએ કોન્ટ્રાક્ટરને શાકભાજી માર્કેટની કોર્પોરેશનની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કર્યું હોવાનું કહી બોલાચાલી કરી હતી. આ અંગે પોલીસ ફરિયાદ કરવાની અને કોન્ટ્રાક્ટ રદ કરાવી દેવાની ધમકી આપી હતી. આ અંગે કોન્ટ્રાક્ટર પાસે ગેરકાયદેસર દબાણ કરવા બાબતનું માફીપત્ર લખાવ્યું હતું અને ત્યારબાદ આ બંન્ને કોર્પોરેટરોએ જો આ કાર્યવાહીથી એટલે કે કોન્ટ્રાક્ટ રદ કરવામાંથી બચવું હોય તો રૂા.11 લાખ આપવા પડશે તેવી માંગણી કરી હતી.

આ અંગે બંન્ને કોર્પોરેટરોએ કોન્ટ્રાક્ટર સાથે રૂબરૂમાં તથા મોબાઈલ ફોન પર લાંચની માંગણી અંગેની વાતચીત કરી હતી. રકઝકને અંતે રૂા. 10 લાખ આપવાનું નક્કી થયું હતું. આ સમગ્ર વાતચીતનું કોન્ટ્રાક્ટર દ્વારા ઓડીયો રેકોર્ડીંગ કરી લેવામાં આવ્યું હતું. આ વાતચીતમાં આરોપીઓ દ્વારા નાણાં શબ્દને બદલે કોર્ડવર્ડ તરીકે સાંકેતિક ભાષામાં ‘ડોક્યુમેન્ટ’ આપવાના છે તેવો શબ્દ વાપરતા હતા, જે અંગે વાતચીતમાં જ ડોક્યુમેન્ટ એટલે નાણાં એવી સ્પષ્ટતા આરોપીઓ દ્વારા કરવામાં આવી હતી.

આ અંગે કોન્ટ્રાક્ટર પોતે આ લાંચના નાણાં આપવા માંગતા ન હોઈ વાતચીતના રેકોર્ડીંગની CD સાથેની વિગતવારની અરજી એ.સી.બી.માં કરી હતી. એ.સી.બી. દ્વારા CD નું ‘No-Tempering’ પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું હતું. ત્યાર બાદ ફરિયાદી તથા આરોપીઓનું FSL ખાતે ‘વોઈસ સ્પેક્ટોગ્રાફી’ પરિક્ષણ કરાવવામાં આવ્યું હતું. આ પરિક્ષણમાં રજુ થયેલ CD માં અરજદાર/ કોન્ટ્રાક્ટર તથા આરોપીઓના જ અવાજ હોવાનું FSL દ્વારા સર્ટિફિકેટ અપાયું હતું.

# રિક્ષા ચાલકનો પુત્ર સ્કોલરશીપ પરીક્ષામાં રાજ્યમાં ત્રીજા ક્રમે

**સુરત**

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શ્રીમતી એલ.પી.ડી પટેલ સાર્વજનિક વિદ્યાલય પુણાગામની શાળામાંથી ઘણા બાળકોએ આ પરીક્ષા આપી હતી. આ પરીક્ષાની મેરીટ યાદી બહાર પડતાં શાળાનો વિદ્યાર્થી ગારોલે સુમિત સંજયભાઈ કે જેમણે પ્રાથમિક શિક્ષણ શ્રીમતી એલ.સી.એન પટેલ પ્રાથમિક શાળા પુણાગામમાંથી મેળવ્યું હતું. જેમની માતા સુનિતાબેન જેઓ પોતે મજૂરી કામ અને પિતા સંજયભાઈ જેઓ રિક્ષા ચાલકનું કાર્ય કરે છે અને ભાડાના મકાનમાં રહી પોતાનું ગુજરાત ચલાવે છે. પુત્ર સુમિતે વગર ટ્યુશને અને મોટી બહેન દર્શનાની મદદ લઈ પોતાની મહેનત થકી આ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર ગુજરાતમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી પોતાના પરિવારનું તેમજ શાળા પરિવારનું નામ રોશન કરેલ છે. આ વિદ્યાર્થીનું 5મી સપ્ટેમ્બરે રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવશે.

# કારમાં આવેલા ચોર દુકાનમાંથી કરોડોના દાગીના ઉઠાવી ગયા

**સુરત**

શહેરના પોશ વિસ્તાર ઉમરામાં આવેલા જ્વેલર્સની દુકાનમાં ચોરી થઈ હોવાની ઘટના બની છે. મંગળવારે મોડી રાત્રે ઉમરામાં ટર્નિંગ પોઈન્ટ નજીક આવેલી ઓરનામેન્ટલ જ્વેલર્સની દુકાનનું શટર તોડી અંદર પ્રવેશી ચાર કરોડો રૂપિયાના સોના-ચાંદીના ઝવેરાત ચોરી ગયા છે.

શહેરના ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં ટર્નિંગ પોઈન્ટ નજીક ઓરનામેન્ટલ જ્વેલર્સ નામની સોના-ચાંદીની દુકાન આવેલી છે. ગઈકાલે મંગળવારે તા. 3 સપ્ટેમ્બરની મોડી રાત્રિએ અહીં ઈકો કારમાં ચાર ચોર આવ્યા હતા. આ ચાર ચોરટાઓએ દુકાનનું શટર ખોલી અંદર પ્રવેશી સોના-ચાંદીની ચોરી કરી હતી. દુકાનના ડિસ્પ્લેમાં મુકેલા બે કિલો સોનુ અને ચાંદી લઈ ચોર ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. ચોરીની ઘટના બન્યા બાદ સવારે પોલીસ તપાસ માટે જ્વેલરની દુકાન



પર પહોંચી હતી. અહીં સીસીટીવી ચેક કર્યા હતા. સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યું કે ચાર ચોર ઈકો કારમાં જ્વેલરની દુકાન પાસે આવે છે. બાદમાં દુકાનનું શટર ઊંચું કરી અંદર ઘુસી ચોરી કરે છે. ત્યાર બાદ ડીવીઆર લઈ ફરાર થઈ જાય છે. ચોરીની સ્ટાઈલ જોતાં કોઈ જાણભેદુએ ચોરી કરી હોવાની શંકા છે. પોલીસ હાલ તે દિશામાં તપાસ કરી રહી છે. એસીપી વિજય મલ્હોત્રાએ કહ્યું કે, ચોરીની ઘટના અંગે તપાસ ચાલી રહી છે. બિલ મંગાવીને ચોક્કસ કેટલું સોનું અને ચાંદી ચોરાયા છે તે વેરિફાઈ કરી રહ્યાં છે. સીસીટીવી ફૂટેજની મદદથી ચોર ઈસમોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.


Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
WWW.SWADESH.NEWS

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પોરબંદર નજીકના અરબી સમુદ્રમાં ભારતીય કોસ્ટ ગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ, બે પાઈલટ ગુમ

## પ્લેનનો કાટમાળ મળી આવ્યો, હેલિકોપ્ટરમાં કુલ ચાર ક્રૂ મેમ્બર સવાર હતા

**પોરબંદર**

ગુજરાતમાં પૂર સંબંધિત રાહત અને બચાવ કામગીરી કરતું ભારતીય કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટરનું અરબી સમુદ્રમાં ક્રેશ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન હેલિકોપ્ટરમાં સવાર ભારતીય કોસ્ટગાર્ડના બે પાઈલટ ગુમ છે. તેની સાથે રેસક્યૂ કરનાર એક ડાઈવર પણ મુસાફરી કરી રહ્યો હતો. તેની પણ કોઈ જાણકારી મળી નથી. એક ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યો છે, પરંતુ બાકીના ત્રણ લોકો લાપતા છે.

ભારતીય કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે આ ઘટના ત્યારે બની જ્યારે હેલિકોપ્ટર ખાલી કરાવવા માટે જહાજની નજીક આવી રહ્યું હતું. કોસ્ટ ગાર્ડે સર્ચ ઓપરેશન માટે ચાર જહાજ અને બે એરક્રાફ્ટ તૈનાત કર્યા છે. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG)ના આ એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (ALH) એ ગુજરાતમાં તાજેતરના તોફાની વરસાદ દરમિયાન 67 લોકોના જીવ બચાવ્યા હતા. હેલિકોપ્ટર દુર્ઘટના પછી, ગંભીર રીતે ઘાયલ ક્રૂને તબીબી સ્થળાંતર માટે પોરબંદરથી લગભગ 45 કિમી દૂર દરિયામાં ભારતીય ધ્વજ મોટર ટેન્કર હરી લીલા પર ઉતારવામાં આવ્યા હતા. પૂરગ્રસ્ત ગુજરાતમાં પોરબંદર અને દ્વારકા જિલ્લાના વિવિધ ભાગોમાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ઓપરેશનના પ્રથમ દિવસે, ભારતીય કોસ્ટ ગાર્ડ હેલિકોપ્ટરે ખતરનાક પવન અને ઓછા વિઝન વચ્ચે 33 લોકોને બચાવ્યા હતા. બીજા દિવસે, ભારતીય કોસ્ટ ગાર્ડે વધુ 28 લોકોને બચાવ્યા, જેનાથી બચાવાયેલા લોકોની કુલ સંખ્યા 61 થઈ ગઈ. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે ગુજરાતના અનેક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે.

# જેતપુરમાં પ્રેમ સંબંધ મામલે 2 જૂથ વચ્ચે મારામારી થતા 9 લોકો ઘવાયા

**જેતપુર**

જેતપુરમાં વાલ્મીકિવાસ અંબર ટોકીઝની પાછળ રહેતા સાહીલ મનોજભાઈ વાઘેલાએ નોંધાવેલ ફરિયાદમાં માનવ ગોપાલ ઝાલા, ગૌતમ દિપક ઝાલા, દિવ્યેશ મહેશ ઝાલા, સાગર જેન્તી ઝાલા અને મનીષ મહેશ ઝાલાનું નામ આપતા જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. રાતના સમયે તે કણકીયા પ્લોટમાં મંગલમ કોમ્પલેક્ષની સામે ગણેશ ગેરેજ પર કુલદીપભાઈ વાઘેલા, પ્રશાંત વાઘેલા સાથે બેઠો હતો.ત્યારે તેમને અગાઉ પ્રમસંબધ મામલે બોલાચાલી થયેલ હતી. તે માનવ ઝાલા તેમની પાસે આવેલ અને કહેવા લાગેલ કે, તારા મોટા બાપુના દીકરા રાજને અમે માર્યો હતો ત્યારે તમે અમારૂ શું બગાડી લીધું તેમ કહી બોલાચાલી કરી ઝપાઝપી કરતા તેના મિત્રો છોડાવવા વચ્ચે પડતા બંન્ને મિત્રોને તેમજ પોતાને પણ હાથ-પગમાં ઈજા થઈ હતી. દરમિયાન ગૌતમ ઝાલા, દિવ્યેશ ઝાલા ઘસી આવેલ અને તેમજ યુવાનના પિતા મનોજભાઈ વાઘેલા આવતા તમને પણ આરોપીઓએ લાકડીથી માર માર્યો હતો.ત્યારબાદ તેમના સંબંધી રાજભાઈ વાઘેલા સહીતના લોકો હોસ્પિટલે આવી કહ્યું કે, તેમની સાથે પણ આરોપીઓએ મારામારી અને ઝઘડો કરેલ છે.

# માસીના દિકરા સાથે પૈસાની લેતીદેતીમાં અથડામણ થતાં યુવકે જીવ ગુમાવો પડ્યો

**ભાવનગર**

ડુંગરપુરમાં રહેતા આકીબભાઈ લાખાપોટાને સિરાજ રજાકભાઈ રાંધનપરા અને સિકંદર નાથાભાઈ સૈયદ સાથે પૈસાની લેતીદેતી બાબતે ઝઘડો ચાલતો હતો.દરમિયાનમાં ગત સોમવાર રાત્રિના સમયે પાલિતાણામાં આવેલ ખાનગી હોસ્પિટલની બાજૂમાં આવેલાં કોમ્પ્લેક્ષની નજીક તે તેમના મિત્રો જુનેદ ઈકબાલભાઈ નોડીયા તથા અફઝલ દિનુભાઈ સમા સાથે ઉભા હતા તે દરમિયાન સિરાજ રજાકભાઈ રાધનપરા, સિકંદર નાથાભાઈ સૈયદ તથા તાહિર ગફારભાઈ રાધનપરા સહિતના તેમની પાસે આવ્યા હતા અને પૈસાની લેતી-દેતી મામલે ઝઘડો શરૂ કર્યો હતો. બન્ને પક્ષ વચ્ચેની તકરાર ઉગ્ર બનતાં અફઝલ દિનુભાઈ સમા (રહે. ડુંગરપુર)ને છરી વડે ગંભીર ઈજા થતાં લોહીયાળ હાલતે તે ગબડી પડયો હતો. જ્યારે, આ મારામારીમાં આકીબ લાખાપોટા અને સામા પક્ષે તોફિક રાંધનપુરાને પણ નાની મોટી ઈજા થઈ હતી.જો કે, ઈજાગ્રસ્તોનો સારવાર માટે પાલિતાણાની માનસિંહજી હોસ્પિટલ ખસેડાતાં ફરજ પના તબીબે અફઝલ દિનુભાઈ સમાને મૃત જાહેર કરતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો.

# સસ્પેન્ડ કરી દેવાયેલા બે મહિલા કૉર્પોરેટરોને પક્ષની જવાબદારી સોંપાતાં ફરી વિવાદ વકર્યો

**રાજકોટ**

રાજકોટમાં થોડા મહિનાઓ પહેલાં ચર્ચાસ્પદ બનેલા આવાસ યોજના કૌભાંડમાં કૉર્પોરેટર દેવુબેન જાદવના પતિ દ્વારા પૈસાની માંગણી કરતો એક વીડિયો વાયરલ થયો હતો. ત્યારબાદ રાજકોટ શહેર ભાજપ દ્વારા કડક કાર્યવાહી કરતાં વજીબેન ગોલતર અને દેવુબેન જાદવનું ચેરમેન પદેથી રાજીનામું લઈ લીધું હતું અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી પાલિકામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો હતો. મુખ્યમંત્રીના હસ્તે યોજાયેલા ડ્રોમાં મનસુખ જાદવ અને કવા ગોલતર નામના ભાજપના નેતાઓના નામ આવતાં અને બન્નેએ ઘરનું ઘર હોવા છતાં લાભાર્થી તરીકે જોડાતાં મહિલા કૉર્પોરેટર એવા વોર્ડ નં.5ના વજીબેન ગોલતર અને વોર્ડ નં. 6ના કૉર્પોરેટર દેવુબેન જાદવને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા હતા. શહેર ભાજપે પ્રથમવાર ભાજપના નેતાઓ દ્વારા ભ્રષ્ટાચાર કે ગેરરીતિ થયાનો સ્વીકાર કરીને આ પગલાં લીધા હતા. કૉર્પોરેટરોના પતિઓ મનસુખ જાદવ અને કવા ગોલતરે પોતાના અન્ય જગ્યાએ ઘરનું ઘર હોવા છતાં સાગરનગર અને મચ્છાનગર સ્લમ વિસ્તારમાં આવાસ મેળવવાપાત્ર લાભાર્થીઓની યાદીમાં પોતાનું નામ લખાવ્યું હતું. દેવુબેન જાદવ કાયદો-નિયમન સમિતિના ચેરમેન હતા જેથી તેમનું ચેરમેનપદ પહેલા આંચકી લેવાયું હતું. ત્યારબાદ આ બન્નેને ખુલાસો પૂછવામાં આવ્યો હતો જેમાં બન્નેએ પોતાને ઘરનું ઘર નથી તેવું સોગંદનામુ કર્યું. વળી કોઈ ફોર્મમાં આવું જણાવ્યું નથી. પરંતુ, અધિકારીઓએ રહેણાંકના દસ્તાવેજો માંગતા તે આપતાં અધિકારીઓએ નામ ઉમેર્યા હતા.

# સોમનાથમાં 75,000 ભાવિકો ઉમટયા દ્વારકા, ઘેલા સોમનાથ સહિત સ્થળે ભીડ

**સોમનાથ**

શ્રાવણ માસના અંતિમ પાંચમા સોમવાર નિમિત્તે ભગવાન શિવજીના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં રાત્રિ સુધીમાં અંદાજે 75,000થી વધુ ભાવિકોએ કતારમાં ઉભા રહીને દેવાધિદેવ મહાદેવને શીશ નમાવ્યું હતું. તો આજે શ્રાવણી સોમવાર સાથે સોમવતી અમાસના પવિત્ર સંગમનો દિવસ હોવાથી દ્વારકાના ગોમતીઘાટથી માંડીને જુનાગઢના દામોદાર કુંડ, ત્રિવેણી સંગમ સહિતના સ્થળે લાખો ભાવિકો ઉમટી પડયા હતા અને પિતૃ તર્પણ કર્યું હતું.



આ વર્ષે શ્રાવણ માસની અમાસ બે દિવસ છે, આજે સોમવતી અમાસ હોવાથી તેનું ધર્મકાર્ય માટે સવિશેષ મહત્વ રહ્યું છે. આવતીકાલે સવાર સુધી અમાસ છે અને તેથી આવતીકાલે શ્રાવણ માસની પૂર્ણાહુતિ થશે. સૌરાષ્ટ્રમાં એકંદરે વરસાદનો વિરામ રહેતા શિવાલયોએ ભાવિકો મોટી સંખ્યામાં ઉમટયા હતા. પ્રાચીન પરંપરાને લક્ષ્યમાં રાખીને દરેક શિવમંદિરમાં પીપળાનું વૃક્ષ અચૂક હોય છે અને આજે અમાસના દિવસે લાખો શ્રધ્ધાળુઓએ પીપળાના વૃક્ષે જવતલ સાથે શુધ્ધ જળ રેડીને, દિવડો પ્રગટાવીને, વૃક્ષદેવને પૂજા કરીને, પરિક્રમા કરીને પિતૃઓનું તર્પણ કર્યું હતું. સોમનાથ ટ્રસ્ટના સૂત્રો અનુસાર સાંજે 7 વાગ્યા સુધીમાં 55,000થી વધુ ભાવિકો બાદ રાત્રિના 10 વાગ્યા સુધી દર્શનાર્થીઓનો ધસારો રહ્યો હતો.

# ગાંધીધામની કિશોરીના અપહરણ, દુષ્કર્મ બદલ યુવકને 10 વર્ષની કેદ

**ભુજ**

16 વર્ષની કિશોરીનું ઘરમાંથી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ દુષ્કર્મ ગુજારનારા નરાધમને ગાંધીધામ સેશન્સ કૉર્ટે દોષી ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

મૂળ પાટણના શંખેશ્વરના પંચાસરના સંજય રાજેશ વાલ્મીકિ નામના શખ્સ વિરુધ્ધ ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે ગત ૪થી ઓક્ટોબર,૨૦૨૧ના રોજ અપહરણ, દુષ્કર્મ અને પોક્સોની કલમો તળે ગુનો દાખલ થયો હતો. આ કેસમાં અધિક સેશન્સ જજ અને પોક્સો કૉર્ટના વિશેષ જજ બસન્તકુમાર ગોલાણીએ સંજયને દંડ સંહિતાની કલમ ૩૬૩ હેઠળ ૫ વર્ષની કેદ ૭૫૦૦ રૂપિયા દંડ, કલમ ૩૬૬ હેઠળ ૭ વર્ષની કેદ અને ૭૫૦૦ રૂપિયા દંડ, ૩૭૬ (જે) (એન) (૨) હેઠળ ૧૦ વર્ષની કેદ અને ૧૫ હજાર રૂપિયા દંડ તથા પોક્સો એક્ટની કલમ ૪ અને ૬ હેઠળ ૧૦ વર્ષની કેદ સાથે ૧૫ હજાર રૂપિયા દંડ ફટકાર્યો છે. તમામ સજા એકસાથે ભોગવવાની રહેશે. કૉર્ટે દંડની રકમમાંથી ૪૦ હજાર રૂપિયા અને વળતર યોજના હેઠળ ૧ લાખ રૂપિયા ગુનાનો ભોગ બનનારીને વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો હોવાનું કેસની ટ્રાયલ ચલાવનારા સરકારી વકીલ મહેન્દ્રસિંહ આર. જાડેજાએ જણાવ્યું હતું.

# ધ્રોલના હાડાટોડામાં જુગાર રમતા ભાજપના પૂર્વ કોર્પોરેટર સહિત સાત પકડાયા

**જામનગર**

ધ્રોલના હાડાટોડા ગામે ચોરાવાળી શેરીમાં જાહેરમા જુગાર રમતા સાત ઈસમોને ધ્રોલ પોલીસે પકડી પાડયા છે. જેમાં વોર્ડ નં 1ના ભાજપના પુર્વ કોર્પોરેટર વિજયભાઈ ટપુભાઈ વાઘેલા પણ સામેલ છે. ગઈકાલે ધ્રોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પોલીસને ખાનગી રાહે બાતમી મળતા હાડાટોડા ગામના પાદરમાં ચોરા વાળી શેરીમાં રેડ કરી હતી. આ સમયે જુગાર રમતા સાત ઈસમો રમેશભાઈ બાબુભાઈ પરમાર, વિજયભાઈ ટપુભાઈ વાઘેલા, જગદીશભાઈ દેવજીભાઈ ચાવડા, વિદુર સીંહ વેલુભા જાડેજા, પ્રસાદરામ ગરીબદાસ દાણીધારીયા, રમેશભાઈ ટપુભાઈ વાઘેલા, જયેન્દ્ર સિંહ સહદેવને 47600 સાથે પકડી પાડ્યા હતા.

# ગઢડા ત્રિવેણી સંગમમાં શ્રદ્ધાળુઓની હોડી પલટી, બચાવવા ગયેલાનું મૃત્યુ

**ગઢડા**

ગઢડા તાલુકાના ચોસલા, અનિડા, માંડવા, ખીજડીયા અને ગઢાળઈ ગામ ફરતે અલૌકિક ત્રિવેણી સંગમ રચાય છે. અહીં કાળુભાર, સીતાપરી અને રસનાળી એમ ત્રણ નદીઓના સંગમ કાંઠે પુરાતન બેલનાથ મહાદેવનું મંદિર આવેલું છે. અહીં શ્રાવણ માસમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શન માટે જતા હોય છે. આ મંદિર નદીની વચ્ચોવચ આવેલું હોવાથી ગ્રામજનો દ્વારા નાની હોડીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમિયાન અકસ્માતે હોડી ડૂબી જતાં સામાકાંઠે ઊભા વ્યક્તિઓને બચાવવા માટે નદીમાં ઝંપલાવતા પરગજુ વ્યક્તિનું નદીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું હતું.

આ મંદિરે પહોંચવા માટે નદી વચ્ચેથી થોડુ અંતર કાપવુ પડે તેવો રસ્તો હોવાથી આવા ગમન માટે બંને છેડે વર્ષોથી વાયર બાંધી એક હોડીની વ્યવસ્થા રાખવામાં આવી છે. આ પુરાતન મંદિરે આજુબાજુના ગામ અનિડા, ચોસલા, ખીજડીયા, ગઢાળી, વનાળી, સાંજણાવદરના ભક્તો મોટી સંખ્યામાં આવતા હોય છે. શ્રાવણ માસના અંતિમ દિવસે વહેલા સવારે આઠ વાગ્યા આજુબાજુ ગઢાળીના એક પરિવારના ચાર સભ્યો આ હોડીમાં બેસીને મંદિરે જઈ રહ્યા હતાં.

# ભાવનગર રેલવેનો કર્મચારી NOC આપવા માટે લાંચ લેતા ઝબ્બે, એક ફરાર

**ભાવનગર**

ભાવનગર : ભાવનગર રેલવેમાં ડીઆરએમ કચેરીની નિર્માણ શાખામાં ફરજ બજાવતો ઓ.એસ. કાળુ ધીરૂભાઈ દુબલ (વર્ગ-૩) અને ક્લાર્ક પ્રશાંત પંડયા (વર્ગ -૩ )એ કોન્ટ્રાક્ટરને એનઓસી આપવા માટે ૧૫ હજારની લાંચ માંગી હતી. જે બાબતે એન્ટી કરપ્શન બ્યૂરોમાં ફરિયાદ થતાં એસીબીની ટીમે ટ્રેપ ગોઠવી લાંચિયા કર્મચારી ઓ.એસ.ને રંગેહાથ ઝડપી લીધો હતો. જ્યારે ક્લાર્ક ફરાર થઈ ગયો હોય, તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. આ બનાવની જાણવા મળતી વિગતો અનુસાર રેલવે તરફથી એક કોન્ટ્રાક્ટરને ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. અને એનઓસી મેળવી આપવાની કન્સલ્ટનસીનું કામ કરે છે.



## અર્જુન-ભૂમિની 'લેડી કિલર'ની મફતમાં ડિજિટલ રીલિઝ

મુંબઇ : એક ફિલ્મ કલાકાર તરીકે અર્જુન કપૂરની ઝીરો કમર્શિયલ વેલ્યૂ હોવાનું પુરવાર કરતા કિસ્સામાં તેની અને ભૂમિ પેડનેકરની ફિલ્મ 'ધી લેડી કિલર' મફતમાં જોવા માટે યુ ટયૂબ પર અપલોડ કરી દેવાઈ છે. આ સુપરફલોપ ફિલ્મને ખરીદવામાં કોઈ ઓટીટી પ્લેટફોર્મે રસ નહિ દેખાડતાં આખરે પ્રોડયસૂરે ગાંઠનું ગોપીચંદન કરવું પડયું છે. આ ફિલ્મ બોલીવૂડના ઇતિહાસની સૌથી ફલોપ ફિલ્મોમાં સમેલ છે. ગયા નવેમ્બર માસમાં તેને ભારતમાં માત્ર ૧૨ જ થિયેટરમાં રીલિઝ કરાઈ હતી અને પહેલા દિવસે તે માત્ર ૩૮ હજાર રુપિયા કમાઈ હતી.

## હાલ રીલિઝ નહીં થાય કંગનાની ફિલ્મ, 19 સપ્ટેમ્બરે લેવાશે 'ઈમરજન્સી' પર નિર્ણય



ફિલ્મ 'ઈમરજન્સી' ને સેન્સર સર્ટિફિકેટ ન મળવાને લઈને મેકર્સ બોમ્બે હાઈકોર્ટ પહોંચ્યા હતાં. હવે કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) ને આદેશ આપ્યો છે કે, 18 સપ્ટેમ્બર સુધી 'ઈમરજન્સી' ના સર્ટિફિકેટ પર નિર્ણય લેવામાં આવે. કંગના રણૌતની ફિલ્મ 'ઈમરજન્સી' ને લઈને ચાલી રહેલા વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. 6 સપ્ટેમ્બરે રીલિઝ માટે તૈયાર 'ઈમરજન્સી' સેન્સર બોર્ડમાં અટવાઈ છે. હજુ સુધી ફિલ્મને સેન્સર સર્ટિફિકેટ મળ્યું નથી. જેના કારણે ઓછામાં ઓછા બે અઠવાડિયા સુધી ફિલ્મ રીલિઝ થઈ શકશે નહીં. 'ઈમરજન્સી' ને સેન્સર સર્ટિફિકેટ ન મળવાના કારણે મેકર્સ બોમ્બે હાઈકોર્ટ પહોંચ્યા હતાં. હવે કોર્ટે CBFC ને આદેશ કર્યો છે કે, તે 18 સપ્ટેમ્બર સુધી 'ઈમરજન્સી' ના સર્ટિફિકેટ પર નિર્ણય લઈ લે. ત્યારબાદ 19 સપ્ટેમ્બરે કોર્ટ આગળની સુનવણી કરશે.

## 'હું સ્ત્રી છું, કંઈપણ કરી શકું છું, મારા માથે પપ્પાનો હાથ છે'



બોલિવૂડ અભિનેતા શક્તિ કપૂર આજે ૩જી સપ્ટેમ્બરે પોતાનો જન્મદિવસ મનાવી રહ્યો છે. આ ખાસ પ્રસંગે તેમની પુત્રી અને દિગ્ગજ અભિનેત્રી શ્રદ્ધા કપૂરે અલગ અંદાજમાં પિતાને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. શ્રદ્ધા કપૂર હાલમાં સફળતાના શિખર પર છે. થિયેટરોમાં લાગેલી ફિલ્મ 'સ્ત્રી 2' બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે. શ્રદ્ધા કપૂરે તેના પિતાને જન્મદિવસની શુભેચ્છા પાઠવતાની સાથે સાથે લાગણીશીલ વાત કરીને સૌને પિતાના પ્રેમની યાદ આપવી હતી, તેણે કહ્યું કે, તેના પિતાના કારણે જ તે આ લેવલ પર પહોંચી છે. શ્રદ્ધા કપૂરે પિતા શક્તિ કપૂર સાથેનો એક સુંદર ફોટો શેર કર્યો છે અને તેની સાથે તેણે લખ્યું છે કે, 'આજે મારા પ્રિય વ્યક્તિનો જન્મદિવસ છે, હેપ્પી બર્થ ડે બાપુ. તે એક મહિલા છે, તે કંઈ પણ કરી શકે છે, કારણ કે તેના પિતાનો હાથ હંમેશા તેના ઉપર છે. લવ યુ બાપુ'.

શ્રદ્ધા કપૂરની આ પોસ્ટ બાદ રમૂજી રિએક્શન આવી રહ્યા છે. તમામ ફેન્સની સાથે સાથે ફેમસ હસ્તીઓ પણ કોમેન્ટ કરી રહી છે. અભિનેતા વરુણ ધવને કોમેન્ટ કરી છે કે, 'તમે બંને ફ્રેશ જોવા મળી રહ્યા છો'. બિગ બોસમાં પહોંચેલી યુટ્યુબર શિવાની કુમારીએ પણ તેમના જન્મદિવસની શુભેચ્છાઓ આપી હતી. તો કેટલાક યુઝર્સ લખી રહ્યા છે, 'મહિલાના પિતાને જન્મદિવસની શુભેચ્છા'.

## સોનાક્ષી અને ઝહિરની ફિલ્મ કોપીરાઈટના વિવાદમાં ફસાઈ



મુંબઈ : સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલની ફિલ્મ 'તુ હૈ મેરી કિરણ' કાનૂની વિવાદમાં ફસાઈ છે. આ ફિલ્મ બે વિદેશી ફિલ્મ પર આધારિત છે. આ બે વિદેશી ફિલ્મોના રાઈટ્સ અન્ય નિર્માતા પાસે છે. જોકે, એક નિર્માતા કંપનીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર આ ફિલ્મ મૂળ બ્રિટિશ ફિલ્મ 'ધી કોલર' અને સાઉથ કોરિયાની ફિલ્મ 'ધી કોલ' પર આધારિત છે. આ બંને ફિલ્મોના રાઈટ્સ આ નિર્માતા કંપની પાસે છે. આ નિર્માતા કંપનીએ 'તુ હૈ મેરી કિરણ'ના નિર્માતાને લીગલ નોટિસ આપી છે અને તેની સાથે સાથે પ્રોડયૂસર્સના સંગઠનમાં પણ ફરિયાદ કરી છે.

## આઈસી 814માં શરૂઆતમાં જ આતંકીઓના અસલી નામ દર્શાવાશે



મુંબઈ : કંદહાર હાઈજેક ઘટના પર આધારિત વેબ સીરિઝ 'આઈસી ૮૧૪'માં આતંકીઓના કોડનેમ ભોલા અને શંકર દર્શાવવા મુદ્દે થયેલા વિવાદ બાદ ઓટીટી પ્લેટફોર્મ નેટફલિક્સ દ્વારા સરકારને ખાતરી અપાઈ છે કે તે સીરિઝની શરુઆતમાં જ આતંકીઓનાં અસલી નામ સાથે ડિસક્લેમર મૂકશે. કેન્દ્ર સરકારે તેડું મોકલ્યા બાદ આજે નેટફલિક્સના ઈન્ડિયા કન્ટેન્ટ હેડ મોનિકા શેરગિલ માહિતી અને પ્રસારણ ખાતાંના સેક્રેટરી સંજય જાજુને મળ્યાં હતાં. તે પછી નેટ ફલિક્સ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. સરકારે કહ્યું હતું કે તે કન્ટેન્ટ અને કન્ટેન્ટ ક્રિએટર્સનું સમર્થન કરે છે પરંતુ રચનાત્મક આઝાદીના નામે દેશવાસીઓની ભાવનાને ઠેસ પહોંચાડી શકાય નહીં. શેરગિલે જણાવ્યુ હતું કે વાસ્તવિક અપહરણ વખતે આતંકીઓએ જે કોડનેમ આપસમાં રાખ્યાં હતાં અને પ્રવાસીઓની હાજરીમાં તેઓ જે કોડ નેમથી એકબીજાને સંબોધન કરત હતા તે જ આ સીરિઝમાં યથાવત રાખવામાં આવ્યાં છે. જોકે, ઓડિયન્સને વધારે સ્પષ્ટતા મળે તે માટે હવે આ અંગે ઓપનિંગ ડિસ્કલેમર પણ જોડી દેવામાં આવશે. સીરિઝમાં આતંકીઓને હિંદુ નામ આપવા બાબતે હોબાળો થયો હતો. સીરિઝના સર્જક અનુભવ સિંહાએ જાણીજોઈને આવું પગલું લીધું હોવાનો આક્ષેપ પણ થયો હતો. જોકે, બાદમાં કેટલાય લોકોએ એવી સ્પષ્ટતા કરી હતી કે અપહરણની ઘટના દરમિયાન આતંકીઓને ખરેખર ભોલા અને શંકર એવાં કોડ નેમ આપવામાં આવ્યાં હતાં અને આ ફલાઈટના પ્રવાસીઓએ પણ આતંકીઓ આ કોડ નેમનો ઉપયોગ કરતા હોવાનું સ્વીકાર્યું હતું. અલબત્ત, સોશિયલ મીડિયા યૂઝર્સ એવી દલીલ કરી રહ્યા છે કે જો સીરિઝમાં વિદેશ પ્રધાન તથા તત્કાલીન કેન્દ્રીય અધિકારીઓના નામ બદલી નાખવામાં આવ્યાં છે તો તેઓ આ આતંકીઓના કોડ નેમ પણ બદલી શકે તેમ હતા.

## યો યો હની સિંઘની કબૂલાત, મેં સાવ બકવાસ ગીતો ગાયાં છે



મુંબઈ : યો યો હની સિંઘે કબૂલ કર્યું છે કે પોતે કેરિયરમાં મોટાભાગે સાવ બકવાસ ગીતો ગાયાં છે. આ ગીતો ગાવા બદલ તેને હવે અફસોસ થાય છે. એક ઈન્ટરવ્યૂમાં તેણે કબૂલ્યું હતું કે 'આજ બ્લૂ હૈ પાની પાની પાની' કે 'લૂંગી ડાન્સ' જેવાં ગીતો સાવ ધડમાથાં વગરના ગીતો હતાં. તેણે કહ્યું હતું કે 'બ્લૂ હૈ પાની પાની' ગીત તો સાવ ફાલતુ તુકબંદી સિવાય કશું નથી. આવાં ગીતો પોતે માત્ર બે કલાકમાં જ રેકોર્ડિંગ કરી નાખ્યાં હતાં. હવે તેને આ બધાં ગીતો સાંભળીને હસવું આવે છે કે પોતે આ કેવાં બકવાસ ગીતો ગાયાં છે. યો યો હની સિંહે કહ્યું હતું કે તેને પોતાને તે વખતે ભાન ન હતી કે પોતે શું કરી રહ્યો છે. તેને એ વાતની નવાઈ લાગે છે કે કેમ ત્યારે લોકોએ તેને આટલો માથે ચઢાવી દીધો હતો. આજે પણ મને આ ગીતોથી આવક મળે છે. પરંતુ, આવાં બેકાર ગીતો ગાવાનો મને બહુ જ અફસોસ છે.

## ગુજરાતી ફિલ્મ 'ફક્ત પુરુષો માટે'ને ૬.૬૫ કરોડની રેકોડબ્રેક કમાણી

ગુજરાતી દર્શકોએ જેવો પ્રતિસાદ 'ફક્ત મહિલાઓ માટે' ફિલ્મને આપ્યો હતો, ના કરતાં પણ સારો પ્રતિસાદ 'ફક્ત પુરુષો માટે' ફિલ્મને મળી રહ્યો છે. જય બોડાસ અને પાજ્ઞથ ત્રિવેદીએ ડિરેક્ટ કરેલી તેમજ યશ સોની, મિત્ર ગઢવી અને એશા કંસારા જેમાં મુખ્ય રોલમાં છે એવી આ ફિલ્મ હાલ સફળતાપૂર્વક થિએટરમાં ચાલી રહી છે. તેમાં અમિતાભ બચ્ચન, દર્શન જરિવાલા અને આરતી પટેલ જેવા કલાકારો પણ મહત્વના રોલમાં છે. જન્માષ્ટમીની રજાઓ દરમિયાન રિલીઝ થયેલી આ ફિલ્મે પહેલા અઠવાડિયે જ ૫ કરોડની કમાણી કરી લીધી હતી. બીજા અઠવાડિયા દરમિયાન અને વીકેન્ડમાં પણ આ પારીવારિક ફિલ્મને દર્શકોએ સારો સાથ આપ્યો છે. બીજા વીકેન્ડમાં ફિલ્મે ૧.૬૦ કરોડની કમાણી કરી છે, તેની સાથે દસ દિવસ બાદ ફિલ્મ ૬.૬૫ કરોડે




પહોંચી ગઈ છે. હાલ જો હિન્દી ફિલ્મોની વાત આવે તો ત્રણ અઠવાડિયાથી 'સ્ત્રી ૨' થિએટરમાં ચાલી રહી છે, તે સિવાય કોઈ સારી ગુજરાતી ફિલ્મ છેલ્લાં થોડાં દિવસોમાં હજુ રિલીઝ થઈ નથી, તેથી આ અઠવાડિયા દરમિયાન પણ આ ફિલ્મ પાસે ધીમી પણ સ્થિર ગતિએ કમાણી કરવાની તક છે.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## દર્શકોને માત્ર મનોરંજન પીરસતી સ્ત્રી-2 ફિલ્મ જવાન અને પઠાણ સાથે સ્પર્ધામાં

# સ્ત્રી-2 : દર્શક માટે હવે સ્ટાર નહીં પણ સ્ટોરી હીરો

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

પાંચેક વર્ષથી બોલિવૂડના કહેવાતા સુપર સ્ટાર્સની ફિલ્મોને ઝાઝી સફળતા મળી રહી નથી. બોક્સ ઓફિસ પર મોટાભાગની સફળ કહી શકાય તેવી ફિલ્મોની કમાણી પણ માંડ માંડ 100 કરોડની આસપાસ પહોંચી રહી છે. આવા સંજોગોમાં તાજેતરમાં રીલીઝ થયેલી સ્ત્રી-ટુએ જોરદાર સફળતા મેળવીને સૌને ચોંકાવી દીધા છે. ‘ સ્ત્રી 2’ માટે લોકોને ભારે ઉત્સુકતા હતી. કેમ કે, ‘સ્ત્રી 2’ની પ્રીક્વલ ‘સ્ત્રી’ લોકોને ખૂબ જ પસંદ પડી છે.

‘સ્ત્રી-ટુ’ના રાઈટર નિરેન ભટ્ટ ગુજરાતી, લાખોની નોકરી છોડી લેખન તરફ વળ્યા હતા. ‘સ્ત્રી-ટુ’ ફિલ્મની સ્ટોરી ગુજરાતી નિરેન ભટ્ટે લખી છે. ૨૦૧૮માં રીલીઝ થયેલી ‘ સ્ત્રી’ના લેખક રાજ એન્ડ ડીકે (રાજ નિડિમોરુ અને ક્રિષ્ના ડીકે) હતા કે જેમણે ફેમિલીમેન, ફર્ઝી અને ગન્સ એન્ડ ગુલાબ્સ જેવી વેબ સીરિઝ બનાવી છે. ‘સ્ત્રી’ના ડાયલોગ સુમિત અરોરાએ લખેલા પણ ‘સ્ત્રી’ની સિક્વલ માટે ડિરેક્ટર અમર કૌશિકે નિરેન ભટ્ટની પસંદગી કરી હતી. અમર કૌશિક સાથે નિરેન ભટ્ટની જોડી બાલા ફિલ્મથી જામી. નિરેન ભટ્ટે અમર માટે બાલા, ભેડિયા, મુંજયા અને સ્ત્રી-ટુ એમ ચાર ફિલ્મો લખી છે. ‘સ્ત્રી-ટુ’ની સિક્વલ ‘સ્ત્રી-૩’ પણ નિરેન ભટ્ટ જ લખી રહ્યા છે. મૂળ ભાવનગરના નિરેન ભટ્ટ એમ.ઈ. અને એમબીએ થયેલા છે.

ઓરિજિનલ ‘સ્ત્રી’ ખૂબ જ ઓછા બજેટમાં બની હતી. માત્ર 25 કરોડમાં બનેલી ‘સ્ત્રી’નું બોક્સ ઓફિસ કલેક્શન 181 કરોડ હતું. જયારે સાત ગણાથી વધારે કમાણી કરીને આ ફિલ્મ સુપરડુપર હીટ સાબિત થઈ હતી. આ વાતને આજે 6 વર્ષ વીતી ગયા છે ત્યારે ‘સ્ત્રી’ની સિક્વલ પાછી આવી રહી હોવાથી લોકોને ખૂબ જ ઉત્સૂકતા હતા. જો કે, નિર્માતાઓ કે કલાકારોને લોકોને ફિલ્મ માટે આટલો રસ હશે તેની કલ્પના નહોતી. ટ્રેલર અને પ્રોમો જોઈને ફિલ્મ મજેદાર હશે એવી હવા જામી ગઈ હતી. આ સાથે જ નિર્માતાઓને પણ આ ફિલ્મ થકી 300 કરોડ રૂપિયાની આસપાસની કમાણી થવાની આશા હતા. પરંતુ ‘સ્ત્રી ૨’ એ રીલીઝ થયાના પહેલા જ દિવસથી બધી ધારણાઓને ખોટી પાડી દીધી.

નવી રીલીઝ થતી હિન્દી ફિલ્મોને ખર્ચ કાઢવાનાં પણ ફાંફાં છે ત્યારે રાજકુમાર રાવ



અને શ્રધ્ધા કપૂર અભિનિત ‘સ્ત્રી-ટુ’ ફિલ્મે ધમાકો બોલાવી દીધો છે. ૧૨૦ કરોડ રૂપિયામાં બનેલી ‘સ્ત્રી-ટુ’એ અત્યાર સુધીમાં જ ખર્ચ કરતા પાંચ ઘણી વધારે કમાણી કરી નાંખી છે. અમર કૌશિક નિર્દેશિત સ્ત્રી અને સરકટા પુરૂષની કથા કહેતી કોમેડી હોરર ‘સ્ત્રી-ટુ’ ફિલ્મ હજુ અડીખમ છે. બે અઠવાડિયામાં જ વર્લ્ડ વાઈડ ૬૫૦ કરોડ રૂપિયાની કમાણી આ ફિલ્મે કરી છે. જો કે, તેમ છતાં પણ તેની રોજિંદી આવકમાં હજી કોઈ ફરક પડી રહ્યો નથી. આથી આ ફિલ્મ થકી નિર્માતાઓને ૧૦૦૦ કરોડ રૂપિયાની આવક થાય તેવી સંભાવના વધી છે.

રાજકુમાર રાવ અને પંકજ ત્રિપાઠી સારા અભિનેતા ગણાય છે પણ સુપરસ્ટાર નથી. શ્રધ્ધા કપૂર ઉપર તો નિષ્ફળ એક્ટ્રેસનું લેબલ લાગી જ ગયું છે. શ્રધ્ધાને નીપો ચાઈલ્ડ એટલે કે, બાપના જોરે ફિલ્મોમાં આવી ગયેલી છોકરી ગણનારાઓની સંખ્યા બોલીવુડમાં જ વધારે છે. તેથી તેનામાં સ્ટારડમ નથી. અપારશક્તિ ખુરાના અને અભિષેક બેનરજી પણ સારા એક્ટર ખરા પણ તેમના નામે કોઈ દર્શક ફિલ્મ જોવા થિયેટર સુધી આવે તેમ નથી. સૌથી મહત્વની વાત તો એ છે કે, આ ફિલ્મના ડિરેકટર અમર કૌશિક પણ બહુ સફળ ડિરેક્ટર નથી. 6 વર્ષ પહેલાં અમર કૌશિકની ‘સ્ત્રી’ ફિલ્મ ચાલી હતી પણ એ પછીની ફિલ્મો બહું ચાલી નથી. તેણે બનાવેલી છેલ્લી બે ફિલ્મો ભેડિયા અને મુંજયા ધરાર નિષ્ફળ ગઈ હતી. આમ છતાં ‘સ્ત્રી-ટુ’ માટે લોકોને ભારે ઉત્સુકતા હતી.’સ્ત્રી-ટુ’નું ટ્રેલર અને પ્રોમો જોઈને પણ આ ફિલ્મ મજેદાર હશે એવી આશા દર્શકોને હતી. ‘સ્ત્રી-ટુ’ એ રીલીઝ થયાના પહેલા જ દિવસથી બધી ધારણાઓને ખોટી પાડી છે. પહેલાં જ દિવસે ૫૫.૪૦ કરોડ રૂપિયાની કમાણી કરીને તેણે જબરદસ્ત ઓપનિંગ કર્યું હતું. પહેલા વીક-એન્ડમાં ૨૦૪ કરોડ અને પહેલા અઠવાડિયે ૩૦૭.૮૦ કરોડ રૂપિયાની કમાણી કરીને આ ફિલ્મે ખર્ચો તો કાઢી જ માંખ્યો પણ સાથે સાથે સુપરહીટની શ્રેણીમાં પણ આવી ગઈ. જે બાદ પણ ‘સ્ત્રી-ટુ’એ બીજા વીકમાં પણ સફળતાના રસ્તા પર પુરપાટ ઝડપે દોડવાનું ચાલુ રાખ્યું અને બીજા સપ્તાહના અંત સુધીમાં લગભગ ૯૪ કરોડ રૂપિયાનો વકરો કરાવી દીધો. સૌથી રસપ્રદ વાત એ છે કે, અઠવાડિયામાં રજા સિવાયના દિવસોમાં પણ ફિલ્મ જોરદાર કલેક્શન લાવી રહી છે. આ અઠવાડિયે સોમવારે ૨૦.૨૦ કરોડ, મંગળવારે ૧૨.૨૫ કરોડ અને બુધવારે ૧૦.૪૦ કરોડ રૂપિયાની આવક થઈ છે.

‘સ્ત્રી-ટુ’ ચાલી ગઈ તેનું કારણ ફિલ્મની સ્ટોરી, ટ્રીટમેન્ટ, સાંભળવું ગમે એવું સંગીત તેમજ મુખ્ય કલાકારોની કાબિલેદાદ એક્ટિંગ છે. હિન્દી ફિલ્મોમાં જોવા મળતા હીરોના ટીપીકલ ગળે ના ઉતરે એવા સ્ટંટ સાથેની મારામારી, હીરોને લાર્જર ધેન લાઈફ બતાવતા વાહિયાત સ્ક્રીન-પ્લે કે વેવલાવેડા લાગે એવાં ઈમોશનલ સીન ફિલ્મમાં નથી. ફિલ્મ હોરર છે. પણ લોકોને ભૂતના નામે ડરાવવાના બદલે કોમેડી પીરસીને ફિલ્મને એકદમ હલકીફુલ રાખવામાં આવી છે. લોકો બધું ભૂલીને ફિલ્મ મનોરંજન મેળવવા જઈ રહ્યા છે. ‘સ્ત્રી-ટુ’ની સફળતા એ વાતનો પુરાવો છે કે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હવે સ્ટાર સિસ્ટમ ખતમ થઈ ગઈ છે અને હવે સ્ટાર નહીં પણ સ્ટોરી હીરો છે.

ભારતમાં વરસો સુધી લોકો ફિલ્મમાં કોણ અભિનેતા કે અભિનેત્રી છે તે જાણીને થિયેટર સુધી પહોંચતા હતા. પરંતુ લોકોને હવે ભરપૂર મનોરંજન જોઈએ છે. થીયેટરમાં જવા માટે ખર્ચેલા રૂપિયાનું વળતર જોઈએ છે. પૈસા વસૂલ ના થાય એવી ફિલ્મમાં ગમે તેવો મોટો કહેવાતો સ્ટાર જ કેમ ના હોય, લોકોને સ્ટોરીમાં રસ ના પડે. એટલે લોકો ફરકતા પણ નથી.

‘સ્ત્રી-ટુ’ હિન્દીમાં ૨૦૨૪માં સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે અને ભારતીય ફિલ્મોમાં કલ્કી પછી બીજા નંબરે છે. કલ્કીએ વર્લ્ડ વાઈડ ૧૧૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે જ્યારે ‘સ્ત્રી-ટુ’ની કમાણી ૬૫૦ કરોડ રૂપિયાને પાર થઈ ગઈ છે. ‘સ્ત્રી-ટુ’ હજુ જોરદાર ચાલી રહી છે એ જોતાં કલ્કીને પછાડીને ૨૦૨૪માં સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની શકે છે. હિન્દીમાં કમાણીમાં બીજી કોઈ ફિલ્મ ‘સ્ત્રી-ટુ’ની નજીક પણ નથી. ૨૦૨૪માં સૌથી વધુ કમાણી કરનારી હિન્દી ફિલ્મોમાં ૩૩૭ કરોડની કમાણી સાથે ફાઈટર બીજા નંબરે હતી. જ્યારે એ પછીની ફિલ્મો તો ૨૦૦ કરોડથી પણ ઓછી કમાણી કરનારી છે.

હિન્દીમાં ઓલ ટાઈમ સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મોમાં ‘સ્ત્રી-ટુ’ અત્યારે નવમા નંબરે છે. આ લિસ્ટમાં દંગલ ૨૦૨૩ કરોડ રૂપિયાની કમાણી સાથે ટોપ ઉપર છે. જવાન ૧૧૪૮ કરોડ રૂપિયાની કમાણી સાથે બીજાક્રમે અને પઠાણ ૧૦૫૦ કરોડ રૂપિયાની કમાણી સાથે ત્રીજા નંબરે છે. ‘સ્ત્રી-ટુ’એ આમિરખાનની દંગલ ફિલ્મની ૨૦૨૩ કરોડ રૂપિયાની કમાણીને આંબવા માટે ઘણી મજલ કાપવાની છે. પણ જવાન અને પઠાણને પાછળ છોડીને ઓલટાઈમ કમાણીમાં બીજા નંબરની ફિલ્મ બની જશે એ નક્કી મનાય છે. ‘સ્ત્રી-ટુ’ની કમાણીનો ગ્રાફ સતત જળવાયો છે એ જોતાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ પણ બની શકે છે.

**‘સ્ત્રી-ટુ’ હિન્દીમાં 2024માં સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની છે, આ પહેલાં કલ્કીએ વર્લ્ડ વાઈડ 1100 કરોડ રૂપિયાની આવક રળી હતી. ‘સ્ત્રી-ટુ’ હજુ જોરદાર રીતે ચાલી રહી હોવાથી ચાલુ વર્ષે તે સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બને તેવી પ્રબળ સંભાવના છે**

# વિઘ્નહર્તા ગણેશજીનો પ્રાગટ્ય દિવસ એટલે ગણેશ ચતુર્થી

આપણે સૌ આપણાં કાર્યોને નિર્વિઘ્ને પાર પાડવા સૌપ્રથમ વિઘ્નહર્તા ભગવાન ગણપતિનું સ્મરણ-પૂજન કરીએ છીએ. અને દરેક કાર્યોમાં **ગણાનાત્વા ગણપતિ હવામહે** વિગેરે મંત્રોથી તેનું આહવાન કરીએ છીએ. ભગવાન ગણેશ ગજાનન સ્વરૂપ છે અને પદ્મપુરાણ, બ્રહ્મવૈતપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ, વરાહપુરાણ ઈત્યાદિ પુરાણોમાં ગણપતિનાં ગજાનન સ્વરૂપનું વર્ણન જોવા મળે છે. પરંતુ મૂળ વાતમાં ગણપતિ સ્વયંભૂ દેવતા છે. બધા જ દેવતાઓમાં એકસાથે અવાજે તેમને પ્રથમ પૂજનીય-અગ્ર પૂજનનાં અધિકારી તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગજમુખ, એકદંત, લંબોદર, ચતુર્ભુજ, ઈત્યાદિ તેમના સ્વરૂપોનું વર્ણન છે.

"ૐ **ગણાનાત્વા ગણપતિ હવામહે**" કહી ગણોના પતિ તરીકે તેનું તથા અજર અને અમર અનંત વ્યાપક પરબ્રહ્મને સૌએ તેમને માન્યા છે. જન્મ-મરણનાં ચક્રાવામાંથી મુક્તિ થવા માટે તેનું પૂજન કરાય છે. ગણેશ શબ્દની વ્યાખ્યા સમજાવતા ગણેશ મહિમ્ન સ્તોત્રમાં કહેવાયું છે

'ગ' કાર એટલે કંઠ ઉપરનો ગજમુખવાણી ભાગ. જયારે 'ણે' એટલે કાર કંઠથી ઉદર(પેટ) સુધીનો ભાગ તથા શ' એટલે કમરથી ચરણ સુધીનાં ભાગનું સંકેત છે.

તદ્ઉપરાંત સત ચિત્ આનંદ અને ગણનાં પતિ (રક્ષક) હોવાથી તેનાથી વિભૂષિત હોવાનાં કારણે 'ગણપતિ' કહેવાય છે. ત્રિભૂવન એટલે પૃથ્વી-આકાશ અને સ્વર્ગ એ ત્રણેયનાં પતિ હોવાથી પણ 'ગણપતિ' કહેવાય છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ દેવગણ, માનવગણ તથા રાક્ષસગણ એ ત્રણેયનાં સ્વામી હોવાથી પણ 'ગણપતિ' કહેવામાં આવે છે.

### ગણપતિ પ્રાગટ્ય (અવતરણ)ની પૌરાણિક કથાઓ

ભગવાન શિવ પાર્વતીને એકલા મૂકીને કૈલાસ પર તપ કરવામાં લીન બની ગયા. આ બાજુ પાર્વતીને પોતાના રક્ષણ માટે પોતાના શરીરના મેલમાંથી એક નાનકડા બાળકની મૂર્તિ બનાવી તેમાં જીવ પૂર્યો. પાર્વતીને સ્નાન કરવાની ઈચ્છા થતાં તેમણે ગણેશજીને પોતાના રક્ષણની આજ્ઞા કરીને દ્વારપાળ બનાવ્યા. ઓચિંતું શિવનું આગમન થતાં બાળકને દ્વારપાળ તરીકે નિહાળ્યો. ગણપતિએ શિવજીને દ્વાર પાસે જ રોક્યા, તેથી શિવજીએ તે બાળકનું મસ્તક છેદી નાખ્યું. પાર્વતીએ આ દૃશ્ય જોઈને રુદન કર્યું અને કહ્યું કે, આ મારાથી ઉત્પન્ન થયેલો આપણો પુત્ર હતો. તમે ફરીથી તેને સજીવન કરો. પાર્વતીની વિનંતી સ્વીકારીને શિવજીએ ગણોને આજ્ઞા કરી કે, પૂર્વ દિશામાં જાઓ અને જે કોઈ મળે તેનું મસ્તક લેતા આવો. આમ રસ્તામાં હાથી મળતા તેનું મસ્તક છેદીને લાવ્યા અને તેનું મસ્તક બાળકના ધડ પર લગાવ્યું. પણ પાર્વતીએ કહ્યું કે, મારો બાળક કદરૂપો લાગે છે. ત્યારે દરેક દેવતાઓએ આ બાળકને વરદાનો આપ્યા. આમ દેવોના ગણના અધિપતિ તરીકે સ્થાપ્યા. જેથી તેઓ ગણોના પતિ અથવા ગણપતિ ઓળખાયા. તે દિવસ ભાદરવા સુદ ચોથ હતી. તેથી આ દિવસને ગણપતિનો "પ્રાગટ્ય દિવસ" તરીકે મનાવવામાં આવે છે.



અન્ય કથા અનુસાર શિવજી ત્રિપુરાસુરનો સંહાર કરવામાં અસમર્થ રહેતા તેઓએ ચિંતન કર્યું અને અંતે એવા નિર્ણય પર આવ્યા કે, માત્ર ગણપતિની અર્ચનાથી જ વિજય પ્રાપ્ત થશે. આમ, તેઓએ ગણપતિની સ્થાપના કરીને લાડુ અર્પણ કર્યા. અંતે ત્રિપુરાસુરને હરાવ્યો.

ત્રીજી કથા એવી છે કે, પ્રાચીનકાળમાં અનલાસુર નામનો રાક્ષસ હતો. આ રાક્ષસના કારણે સ્વર્ગ અને ધરતીના તમામ લોકો પરેશાન હતા. આ ભયાનક રાક્ષસ ઋષિ મુનિઓ સહિત તમામ લોકોને જીવતો ગળી જતો હતો. આ રાક્ષસથી પરેશાન થઈને દેવરાજ ઈંદ્રની સાથે તમામ દેવી દેવતાઓ અને ઋષિમુનિઓએ મહાદેવને પ્રાર્થના કરી કે, તેઓ આ અસુરનો વધ કરે. જેથી શિવજીએ પ્રાર્થના સાંભળીને કહ્યું અનુલાસુરનો અંત માત્ર ગણપતિ જ કરી શકે છે. ભગવાન ગણેશ અનલાસુરને ગળી જતા ગણેશજીને પેટમાં બળતરા થવા લાગી. પેટની બળતરા દૂર કરવા માટે અનેક ઉપાય કરવામાં આવ્યા. પરંતુ આ બળતરા શાંત થતી નહોતી. તે સમયે કશ્યપ ઋષિએ એક ઉપાય કર્યો. તેમણે 21 દૂર્વાની ગાંઠ બનાવીને ભગવાન ગણેશને આપી અને પેટની બળતરા શાંત થઈ ગઈ. ત્યારથી ભગવાન ગણેશને દૂર્વા અર્પણ કરવામાં આવે છે. દૂર્વાને દૂબ, અમૃતા, અનંતા, મહૌષધિ નામથી ઓળખવામાં આવે છે.

### ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્ર દર્શન કેમ નિષેધ છે?

જો આ રાત્રિએ આપણે ચંદ્રમાને ભૂલથી પણ જોઈ લઈએ તો આપણા પર કોઈ ખોટો આરોપ કે કલંક લાગી શકે છે. તેથી આ ચતુર્થીને કલંક ચતુર્થી, કલંક ચોથ કે પત્થર ચોથ તરીકે પણ ઓળખવામાં આવે છે. પુરાણમાં કથા છે કે, એક વાર ભગવાન ગણેશ પ્રેમપૂર્વક પોતાના પ્રિય મોદકનું સેવન કરી રહ્યા હતા. તેઓ મોદક ખાવામાં એટલા મસ્ત હતા, ત્યારે ત્યાં ચંદ્રદેવે ગણેશજીને લાડુ ખાતા જોયા. પછી તેઓએ ગણેશજીની સૂંઢ અને તેમના મોટા પેટ પર કટાક્ષ કર્યો. ગણેશજીની હાંસી કરવા લાગ્યા. આ જોઈને ગણેશજીએ ચંદ્ર પર ક્રોધિત થઈને શ્રાપ આપતા કહ્યું કે, તને તારા સુંદર સ્વરૂપ પર બહુ ઘમંડ છે. હું તને શ્રાપ આપું છું કે, તું તારું સુંદર સ્વરૂપ ગુમાવી બેસીશ અને તારી બધી કલાઓ નષ્ટ થઈ જશે. આ દિવસે જે પણ તારા દર્શન કરશે તે પણ કલંકિત થઈ જશે. આ દિવસ ભાદરવા મહિનાની શુક્લ પક્ષની ગણેશ ચતુર્થીનો દિવસ હતો. જે બાદ ચંદ્ર દેવને પોતાની ભૂલને અહેસાસ થયો અને તે ગણેશજીની માફી માંગવા લાગ્યા. ગણેશજીએ કહ્યું કે હવે હું તને આ શ્રાપમાંથી મુક્ત તો ન કરી શકું, પરંતુ આને સીમિત જરૂર કરી શકું છું. ચંદ્રદેવની આજીજી પર ગણેશજીએ તેને મહિનાના 15 દિવસ કલાઓ ઘટવા અને 15 દિવસ કલાઓ વધવાનુ વરદાન આપ્યું.

### ગણેશજીની પૂજા વિધિ

પૂજા માટે પૂર્વ કે ઉત્તર તરફ મુખ કરીને બેસો. ત્યારબાદ ગણેશજીને ફૂલ, ધૂપ, દીવો, કપૂર, નાડાછડી, ચંદન, મોદક વગેરે અર્પણ કરો. ગણેશજીને માથા પર સૂકું સિંદૂર ચઢાવો. ત્યારબાદ ગણેશજીની આરતી કરો અને ગણેશ મંત્રોનો જાપ કરો.

### ચતુર્ભુજધારી ગણપતિનું રહસ્ય

શ્રી ગણેશને શામ, દામ, દંડ અને ભેદ એ ચારેય હેતુ માટે કાર્ય કરવા માટે તેને ચાર હાથ છે. સાચું કહેવાની હામ અને દુશ્મનોને દંડ આપવાનાં પ્રતિક રૂપે તેઓ હાથમાં કુહાડી પણ રાખે છે. વરદહસ્ત સહુને મંગળકારી વસ્તુઓ આપવા અને કૃપાળુના પ્રતિકરૂપ છે. તેઓ વિચક્ષણ શ્રોતા હોવાને કારણે મોટા કાન ધરાવે છે. માનવીની કપિવૃત્તિ, ચંચળવૃત્તિ વાળી મર્કર ચેષ્ટા ઉપર નિયંત્રણ કરનાર હોવાથી તેને કપિલ નામથી પણ સહુ ઓળખે છે.

**- ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)**









# ટોરોન્ટો જેવો ટ્રાફિક રોડ રેજનું મુખ્ય કારણ છે : મનોવિજ્ઞાની

## રસ્તા પર સર્જાતી ભીડ પણ ચાલકોમાં આક્રમકતા વધારવા માટે મહત્વનું કારણ : ડ્રાઈવરોની માનસિક સ્થિતિને અસર

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં કારના વ્હીલ પાછળ રહેનાર કોઈપણ વ્યક્તિ જાણે છે કે તે ચિંતાજનક હોઈ શકે છે. પરંતુ રોડ રેજ પર તેની અસર ચર્ચાનો મુદ્દો છે. ટોરોન્ટો પોલીસ અને ઓન્ટેરિયો પ્રોવિન્સિયલ પોલીસ (OPP) બંને રોડ રેજને ટ્રેક કરતા નથી અને તે ક્રિમિનલ કોડ હેઠળ ગુનો નથી અથવા હાઈવે ટ્રાફિક એક્ટ હેઠળ ગુનો નથી. પરંતુ મીડિયા સાથે વાત કરતા કેટલાક રોડ સેફ્ટી નિષ્ણાતો અને એક મનોવૈજ્ઞાનિક માને છે કે, શહેરનો ટ્રાફિક બનાવતા ડ્રાઈવરોમાં રોડ રેજ વધી રહ્યો છે. સંશોધન દર્શાવે છે કે ભીડ



એ એક મોટી સમસ્યા છે." સેનેકા કોલેજના મનોવિજ્ઞાનના પ્રોફેસર લૌરા કેવનાઘે જણાવ્યું હતું કે, અમે એવી પરિસ્થિતિઓમાં વધુ નિરાશ થઈએ છીએ જ્યાં અમે આગળ વધી રહ્યા નથી, જ્યાં અમને લાગે છે કે અમે અમારા લક્ષ્યસ્થાન સુધી પહોંચી શકતા નથી" કેવનાઘ રોડ રેજને એવી રીતે વ્યાખ્યાયિત કરે છે કે જ્યારે કોઈ વ્યક્તિ ડ્રાઈવિંગના પરિણામે મૌખિક રીતે આક્રમક અથવા શારીરિક રીતે હિંસક બને છે. તેણી કહે છે કે રોડ રેજ મનોવૈજ્ઞાનિકો માટે રસપ્રદ છે. કારણ કે તે આક્રમકતાનો એક પ્રકાર છે જે ચોક્કસ સંદર્ભ માટે વિશિષ્ટ છે.

કેવનાઘ કહે છે કે મનોવૈજ્ઞાનિક સંશોધનોએ સતત દર્શાવ્યું છે કે જ્યારે લોકો અનામી અનુભવે છે, ત્યારે તેઓ તેમની ક્રિયાઓ માટે ઓછી જવાબદારી અનુભવે છે - જે તેણી દલીલ કરે છે કે ડ્રાઈવરો અન્ય દશ્યોની તુલનામાં વ્હીલ પાછળ વધુ આક્રમક રીતે કાર્ય કરવા માટેનું કારણ બની શકે છે. અન્ય મનોવૈજ્ઞાનિક પરિબળ જે રોડ રેજમાં હાજર હોય છે તે એટ્રિબ્યુશન બાયસ કહેવાય છે, કેવનાઘ કહે છે, જ્યાં લોકો તેમની પોતાની ભૂલોને પરિસ્થિતિગત પરિબળોને જવાબદાર ગણે છે. શહેરના રસ્તાઓ પરના કેટલાક લોકો માને છે કે ટ્રાફિક ડ્રાઈવરોને ગુસ્સો કરાવે છે. કમલસિંહ તેની બાઈક પર ભીડભાડવાળા ડાઉનટાઉનમાંથી ફૂડ ડિલિવરી કરે છે. તે કહે છે કે શહેર અસંસ્કારી ડ્રાઈવરોથી ભરેલું છે જે દરેક બાબતમાં હોર્ન વાગે છે.

# પ્રોવિન્સ ટોરોન્ટોમાં 3 લાઈન સ્ટેશન નજીકની જમીનને સમતલ કરાઈ : પ્રજાની સુવિધા વધશે

**ઓન્ટેરિયો**

પ્રાંતીય સરકારે ટોરોન્ટોમાં ત્રણ ઓન્ટારિયો લાઈન સ્ટેશનો આસપાસની જમીનને સમતલ અને ખુલ્લી કરાઈ છે. પરિવહન મંત્રી પ્રબમીત સરકારિયાએ બુધવારે એક ન્યૂઝ રિલીઝમાં જણાવ્યું હતું કે, આ ત્રણ સ્ટેશનમાં કિંગ-બાથર્સ્ટ, ક્વીન-સ્પાડીના અને મોસ પાર્કનો સમાવેશ થાય છે. જે મુસાફરોને 15.6-કિલોમીટરની સબવે લાઈન સાથે જોડશે, જે 2031માં પૂર્ણ થવાની ધારણા છે. અમે આજે જે સ્ટેશનો ઉપર ગ્રાઉન્ડની આસપાસનો વિસ્તાર સમતલ અને ખુલ્લો કરી રહ્યા છીએ. તે ગ્રીડલોકને હલ કરવામાં મદદ કરશે. મુસાફરીનો સમય ઘટાડવો અને દરરોજ હજારો મુસાફરોને ઘર અને સારા પગારવાળી નોકરીઓ સાથે જોડો એ અમારું લક્ષ્ય છે.

> 2031 સુધીમાં ત્રણેય સ્ટેશનોને 15.6-કિલોમીટરની સબવે લાઇન સાથે જોડાશે

સબવે રૂટ ઓન્ટેરિયો પ્લેસ નજીકથી શરૂ થશે, એક્ઝિબિશન પ્લેસની દક્ષિણે, ડાઉનટાઉન કોરમાંથી પસાર થશે અને નોર્થ યોર્કમાં હવે નિષ્ક્રિય ઓન્ટેરિયો સાયન્સ સેન્ટર પર સમાપ્ત થશે. જેમાં કુલ 15 સ્ટેશન સ્ટોપ હશે. કિંગ-બાથર્સ્ટ સ્ટેશન પર સવારના ધસારાના કલાકો દરમિયાન 5,000થી વધુ વાહનો દોડે છે. તે 504 કિંગ અને 511 બાથર્સ્ટ સ્ટ્રીટકારનો ઉપયોગ કરીને ઓન્ટારિયો લાઈનથી મુસાફરોને પણ જોડશે.

# કેનેડિયન કેનોલાની આયાતમાં એન્ટિ-ડમ્પિંગ અંગે તપાસ કરવા ચીન દ્વારા જાહેરાત કરાઈ

**ઓન્ટેરિયો**

ચીને મંગળવારે જણાવ્યું હતું કે, તે કેનેડામાંથી કેનોલાની આયાતમાં એન્ટિ-ડમ્પિંગ તપાસ શરૂ કરવાની યોજના ધરાવે છે. કેનેડાએ યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયનની આગેવાનીનું અનુસરણ કર્યું છે અને ગયા અઠવાડિયે ચાઈનીઝ ઈલેક્ટ્રિક વાહનોની આયાત પર 100 ટકા ટેરિફ અને ચીનમાંથી આયાત કરાયેલ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર 25 ટકા ટેરિફની જાહેરાત કરી હતી. વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઘણા પક્ષોના વિરોધ અને અસંતોષ છતાં કેનેડા દ્વારા ચીનમાંથી તેની આયાત સામે લેવામાં આવેલા ભેદભાવપૂર્ણ, એકપક્ષીય, પ્રતિબંધિત પગલાંનો ચીન સખત નિંદા કરે છે અને તેનો સખત વિરોધ કરે છે." મંત્રાલયે જણાવ્યું હતું કે ચીન કેટલાક કેનેડિયન કેમિકલ ઉત્પાદનોની એન્ટિ-ડમ્પિંગ તપાસ પણ શરૂ કરશે. નિવેદનમાં કૃષિ પ્રધાન લોરેન્સ મેકોલેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેનેડિયન કેનોલા ઉત્પાદકો વૈશ્વિક વેપાર નિયમો દ્વારા રમે છે. તેમણે કહ્યું, "આજની જાહેરાત ખૂબ જ ચિંતાજનક છે, અને હું વિકાસની નજીકથી દેખરેખ રાખવા માટે સરકારમાં અને ક્ષેત્રમાં મારા સાથીદારો સાથે કામ કરી રહ્યો છું. અમે દરેક પગલાથી સેક્ટરનો બચાવ અને સમર્થન કરવાનું ચાલુ રાખીશું."

> કેનેડા દ્વારા લેવાયેલો નિર્ણય ભેદભાવપૂર્ણ અને એકપક્ષીય હોવાનો ચીને દાવો કર્યો

# 23મીથી આંદોલન, 10 માંગણી લઈને ગયેલા દલિત આગેવાનોને CM સુધી જતા અટકાવાયા

**અમદાવાદ**

ગુજરાતના દલિત સમાજના આગેવાનો લેખિતમાં સમાજના પ્રશ્નો લઈને ગાંધીનગર સચિવાલય ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. આગેવાનો અહીં મુખ્યમંત્રી કાર્યાલય રજૂઆત કરવા આવ્યા હતા, જોકે મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓએ તેમને મુલાકાત કરવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ દલિત સમાજના કર્મશીલોએ આક્ષેપ કર્યો કે, તેમની રજૂઆત સાંભળવામાં પણ રાજ્યના મુખ્યમંત્રી રાજકીય આભડછેટ રાખી રહ્યાં છે. છેલ્લા ઘણાં સમયથી દલિત સમાજના જે મુદ્દાઓ અને પ્રશ્નોનો ઉકેલ નથી થયો, તે સંદર્ભે આજે ગાંધીનગર સચિવાલય ખાતે મુખ્યમંત્રીને રૂબરૂ રજૂઆત કરવા માટે આશરે 30થી 35 જેટલા દલિત કર્મશીલો મુખ્યમંત્રીના જન સંપર્ક કાર્યાલય પહોંચ્યા હતા. તેઓને મુખ્યમંત્રી જન સંપર્ક કાર્યાલય ખાતે બેસાડીને તેમની મુલાકાત અધિક મુખ્ય સચિવ ગૃહ સાથે કરાવવામાં આવી હતી. જ્યાં તેઓએ લેખિતમાં પોતાની રજૂઆત કરી હતી. દલિત સમાજના કર્મશીલો સમાજના પ્રશ્નો મુદ્દે રજૂઆત કરવા આવ્યા ત્યારે તેમની સાથે આ ઘટના બનતા તેઓએ નારાજગી વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીને રૂબરૂ રજૂઆત કરવા આવેલા દલિત કર્મશીલોએ મુખ્યમંત્રીને આપવાનું આવેદનપત્ર દર્શાવતા જણાવ્યું કે, ગુજરાતને અસ્પૃશ્યતમુક્ત જાહેર કરી જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવવામાં આવે, પાટીદાર આંદોલનના 255 ફોજદારી કેસ પાછા ખેંચી લેવામાં આવ્યા પણ દલિતો સામેના કેસો પાછા ખેંચવામાં ભેદભાવ કરવામાં આવ્યો છે.

# અમદાવાદ રિવરફ્રન્ટ પરથી નર્સે સાબરમતીમાં કૂદીને કર્યો આપઘાત

**અમદાવાદ**

સુભાષબ્રિજ રિવરફ્રન્ટ પરથી લગભગ 2:40 વાગ્યે એક યુવતીની સાબરમતી નદીમાં ડૂબી જવાની ઘટના સામે આવી છે. ભૂમિ વાઘેલા નામની 19 વર્ષની નર્સે નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો હતો. ઘટનાસ્થળે હાજર રહેલા 21 વર્ષીય ચિત્રકાર બિલાલ અન્સારીના જણાવ્યા અનુસાર, તે અને તેનો મિત્ર નજીકમાં બેઠા હતા ત્યારે તેઓએ જોયું કે ભૂમિ રિવરફ્રન્ટ વોકવેમાં પ્રવેશી રહી છે. તે થોડા સમય માટે ફોન પર વાત કરતી જોવા મળી હતી. થોડા સમય પછી, તેણીએ પોતાનો ફોન અને બેગ એક બેંચ પર મૂકીને નદીમાં કૂદકો લગાવી દીધો હતો. અન્સારી અને તેના મિત્રએ તેને બચાવવા માટે કાઢવા દુપટ્ટો (લાંબા સ્કાર્ફ) તેની તરફ ફેંક્યો હતો, જોકે ભૂમિએ તેને પકડ્યો નહતો અને વિરૂદ્ધ દિશામાં ડૂબવાનો પ્રયાસ કર્યો હતો. રિવરફ્રન્ટ પોલીસ અને ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને બચાવ કામગીરી શરૂ કરવા માટે ઘટના સ્થળે પહોંચ્યા હતા. લગભગ અડધા કલાકની શોધખોળ પછી, ફાયર વિભાગના અધિકારીઓએ તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો તેના મૃત્યુની પુષ્ટિ કરી હતી.

# અમરેલીમાં દોઢ વર્ષના પૌત્રને રડતો બંધ કરવા દાદીએ બચકાં ભર્યાં અને માર માર્યો

**અમરેલી**

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામમા રહેણાંક મકાનમાં બાળકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી હતી. જે બાદ પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મૃતક બાળક અને તેની બહેન દાદી પાસે રૂમમાં રમી રહ્યાં હતાં. આ દરમિયાન બાળક એકાએક રડવા લાગ્યું હતું. જે બાદ દાદીને બાળકને છાનું રાખવાનો પ્રયાસ કર્યો હતો. તેમછતાં બાળકે રડવાનું બંધ ન કરતા દાદીએ આવેશમાં આવીને બાળકના ગાલ, કપાળ, હાથ અને શરીરના અન્ય ભાગ પર બચકાં ભર્યાં હતાં. એટલું જ નહીં મૂઢમાર માર્યો હતો. બાદમાં બાળકનું મૃત્યુ થયું હતું. બીજી તરફ પોલીસે હત્યાનો ગુનો નોંધી દાદીની ધરપકડ કરી છે.

# કલોલમાં રિ ટેન્ડરિંગનો વિવાદ મારામારી સુધી પહોંચ્યો, કોર્પોરેટરના પતિને ફટકાર્યા

**ગાંધીનગર**

કલોલ પાલિકામાં વિકાસના કામોને સ્ટેન્ડિંગ કમિટીએ અગાઉથી મંજૂર કરેલા કામોનું ફરીથી રિ ટેન્ડરિંગ કરતાં વિવાદ થયો હતો. સમગ્ર મામલે સૌથી પહેલાં સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પ્રકાશ મરાઠા તેમજ અન્ય અધિકારીઓ સાથે ટોળાની ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ દરમિયાન વાત વણસી જતાં હાજર લોકોએ પોતાનો કાબુ ગુમાવતા મામલો બિચક્યો હતો અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતાં. રોષે ભરાયેલા લોકોમાંથી એક વ્યક્તિએ તો ટેબલ પર ચઢીને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને લાફો ઝીંકી દીધો હતો. આ સાથે ત્યાં હાજર ટોળામાંથી એક અન્ય વ્યક્તિએ કોર્પોરેટરના પતિને ઉપરા-છાપરી ત્રણ-ચાર તમાચા માર્યા હતાં. ગુસ્સે ભરાયેલા ટોળામાંથી એક વ્યક્તિએ તો ખુરશી માથે ઉપાડીને અધિકારીને મારવાનો પ્રયત્ન પણ કર્યો હતો. આ મારામારીની ઘટના દરમિયાન હાજર અન્ય લોકો નારાબાજી કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ઉશ્કેરાયેલું ટોળું છેલ્લે ચીફ ઓફિસરને ત્યાં રજૂઆત કરવા પહોંચ્યું હતું. જ્યાં હાજર કોર્પોરેટરોએ ટોળાને સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ લોકો માનતા નહતાં. ત્યારબાદ પોલીસ વચ્ચે પડતાં સમગ્ર મામલો થાળે પડ્યો હતો.

# વિસનગરમાં પિતા-પુત્રએ 'એક કા ડબલ' સ્કીમથી ૨.૩૦ કરોડની કરી ઠગાઈ

**મહેસાણા**

વિસનગરમાં પિતા-પુત્રએ લોકોને લાલચ આપી ૭૫ દિવસમાં એક કા ડબલ કરવાની લાલચ આપી ઈન્વેસ્ટમેન્ટ સ્કીમમાં પૈસા રોકવા કહ્યું હતું. લોકોએ ઓછા દિવસમાં પૈસા બમણા થઈ જશે તેવી લોભામણી લાલચમાં આવી સ્કીમમાં પૈસા લગાવ્યા હતા. જોકે, સમયસર પૈસા પાછા ન મળતા લોકો સાથે ઠગાઈ થઈ હોવાનું અનુમાન લગાવી તેમની સાથે ૨.૩૦ કરોડની છેતરપિંડી થતા લોકોને આંચકો લાગ્યો હતો. જેથી ભોગ બનનારે વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. પોલીસે ગુનો નોંધી કિરીત સિંહ ચાવડા અને વિશાલ સિંહ ચાવડા સામે ફરિયાદ નોંધાવી છે.

# ગુજરાતમાં સીઝનનો 108 ટકા વરસાદ, 49 લોકોના મોત

## રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ડિપ્રેશન સર્જાતાં ભારે વરસાદ ખાબક્યો : વરસાદ અને પૂરને કારણે ઘરવખરી અને મિલકતોને નુકસાન

**અમદાવાદ**

25થી 30 ઑગસ્ટ દરમિયાન પડેલા ભારે વરસાદના લીધે ગુજરાત જળબંબાકાર થઈ ગયું હતું. જેને લીધે રાજ્યમાં જાન અને માલની હાનિ સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે 49 વ્યક્તિઓના મોત થયા હતા અને લોકોની ઘરવખરીને ભારે નુકસાન પણ થયું છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી રાજ્યમાં 108 ટકા વરસાદ ખાબકી ચૂક્યો છે. આમ, તમામ ઝોનમાં 100 ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. ત્યારે આજે રાહત કમિશ્નર આલોક પાંડેએ ભારે વરસાદના લીધે થયેલા નુકસાનનો અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ડિપ્રેશન સર્જાતાં ભારે વરસાદ ખાબક્યો છે. આ દરમિયાન (25થી 30 ઑગસ્ટ) 30 ટકા જેટલા વરસાદથી 14 જિલ્લા પ્રભાવિત થયા છે. પૂરગ્રસ્ત વિસ્તારોના 16,95,561 લોકોને 8 કરોડથી વધુ કેશડોલ ચૂકવવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચૂકવણી પ્રક્રિયા અસરગ્રસ્તોનો સરવે કરીને હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત વરસાદથી અસર પામેલા જરૂરિયાતમંદ વ્યક્તિઓ-પરિવારો કે જેમની રોજી-રોટીને અસર થઈ છે.

### રાજ્ય સરકાર દ્વારા 8 કરોડની વધુની કેશડોલ્સની ચૂકવણી

રાહત કમિશ્નર આલોકકુમાર પાંડે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ‘રાજ્યના વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લામાં કુલ 1120 ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અહીં 3 સપ્ટેમ્બર સુધીમાં પૂરગ્રસ્ત વિસ્તારોના 16,95,561 લોકોને 8 કરોડથી વધુ કેશડોલ્સ ચૂકવવામાં આવી છે, જેમાં 5 હજાર લોકોને તાત્કાલિક કેશડોલ્સ ચૂકવાઈ હતી. આ ઉપરાંત 11 પરિવારને 50 હજારની ઘરવખરી અપાઈ હતી. ઉલ્લેખનીય છે કે 22 મૃતકોના પરિવારજનોને 88 લાખની સહાય ચૂકવી દેવામાં આવી છે. જો કે ફક્ત બે-ત્રણ લોકોને સહાય ચૂકવવાની બાકી છે, જેમને આગામી બે દિવસમાં ચૂકવી દેવામાં આવશે.

# 12 જિલ્લામાં એક જ દિવસમાં 10 વર્ષનો નોંધપાત્ર વરસાદ, IITના રિસર્ચમાં ઘટસ્ફોટ

**અમદાવાદ**

ગુજરાતમાં 12 જિલ્લામાં એક જ દિવસમાં એટલો વરસાદ પડ્યો કે સરેરાશ 10 વર્ષમાં આવું એક જ વાર બનતું હોય છે. આ ઉપરાંત મોરબીમાં 50 વર્ષ, દ્વારકામાં 100 વર્ષમાં ન પડ્યો હોય તેવો વરસાદ આ સમયગાળામાં નોંધાયો હતો તેમ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ગાંધીનગર દ્વારા કરાયેલા અભ્યાસમાં સામે આવ્યું છે. ગત 20 થી 29 ઓગસ્ટ દરમિયાન કેટલો વધારે વરસાદ પડ્યો તેના અંગે આઈઆઈટી ગાંધીનગર ખાતે મશીન ઈન્ટેલિજન્સ એન્ડ રીસાયલન્સ લેબોરેટરી અભ્યાસ હાથ ધરાયો હતો. જેના અનુસાર 17 જિલ્લામાં બે દિવસમાં કુલ એટલો વરસાદ પડ્યો જેટલો છેલ્લા 10 વર્ષમાં પણ નહોતો. આ પૈકી જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકામાં 50 વર્ષમાં પણ ના પડ્યો હોય તેવો વરસાદ બે દિવસના સમયગાળામાં પડ્યો હતો. આ જ રીતે 15 જિલ્લામાં 3 દિવસમાં પડેલો વરસાદ છેલ્લા 10 વર્ષ કરતાં વધુ છે.

### આડેધડ શહેરીકરણથી પૂરનું સંકટ વધ્યું

આઇઆઇટી ગાંધીનગરના સિવિલ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર-એમઆઈઆર લેબના મુખ્ય સંશોધક ઉદિત ભાટીયાએ જણાવ્યું કે, ‘પૂરનું સંભવિત જોખમ ધરાવતા વિસ્તારમાં અણઘડ શહેરી વિકાસ, રસ્તાની ઊંચાઈમાં ફેરફાર કરવો, બેફામ શહેરીરરણ માટે ડ્રેનેજ લાઈન સાથે ચેડાં કરવા જેવી બાબતને કારણે પૂરનું સંકટ વધ્યું હોઈ શકે છે.

# જળસંકટ તણાયું : સરદાર સરોવર સહિત 115 જળાશય છલકાઈ ગયા

**ગાંધીનગર**

ગુજરાતમાં મેઘરાજાની સાર્વત્રિક મહેરના પરિણામે રાજ્યના 55 ટકાથી વધુ એટલે કે 206 જળાશયોમાંથી 115 જળાશયો સંપૂર્ણ-100 ટકા જ્યારે 45 જળાશયો-ડેમ 70 થી 100 ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના 17 ડેમ 50 ટકાથી 70 ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે 20 ડેમમાં 25 થી 50 ટકા વચ્ચે તેમજ 9 ડેમમાં 25 ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે.

જળ સંપત્તિ વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં 2,88,248 એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના 86 ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય 206 જળાશયોમાં 4,40,773 એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના 79 ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ 207 જળાશયોમાં 81 ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતના 17 જળાશયોમાં 92 ટકા, કચ્છના 20 જળાશયોમાં 87 ટકા, સૌરાષ્ટ્રના 141માં 85 ટકા, દક્ષિણ ગુજરાતના 13માં 78 ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના 15 જળાશયોમાં 52 ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

# અંબાજીમાં ચૂંદડીમાં વિંટાળીને ભક્ત 100 ગ્રામનાં સોનાનાં 10 બિસ્કિટ્સ મૂકી ગયો

**અંબાજી**

મંગળવારે અંબાજી મંદિરનું ભંડાર ખોલતા ચૂંદડીમાં બાંધેલી સોનાની 100 ગ્રામ વાળી 10 લગડીઓ મંદિરને ભેટમાં ચઢાવવામાં આવી હતી. તે લગડીઓ આજે ભંડાર ખુલતા મંદિર ટ્રસ્ટના હિસાબી અધિકારીને હાથ લાગી હતી. જોકે જે શ્રદ્ધાળુએ ભંડારમાં આ લગડી નાખી છે, તેને પોતાનું કોઈ જ નામ સરનામું મુકવામાં આવેલ નથી. દાતાએ ગુપ્ત દાન રૂપે આ સોનું મંદિરમાં ચડાવ્યું હતું. અંબાજી મંદિરમાં આજે મંગળવારે ભંડાર ગણાતા આ સોનું જે 100 ગ્રામ વાળી સોના ની 10 લગડીઓ જે એક કિલો વજનની થાય છે. જે અંદાજે કિંમત 70થી 75 લાખની થવા જાય છે.

મંદિર ટ્રસ્ટ એ આ સોનું મેળવી પોતાના સ્ટ્રોંગ રૂમમાં મુકવામાં આવ્યું હતું. મંદિર ટ્રસ્ટના અધિક કલેકટરે માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે આવા દાતાઓ અવિરતપણે મંદિરને દાન આપી ભંડાર છલકાવતાં હોય છે. જોકે આજે સોનાની સાથે જે રોકડ રકમ ગણવામાં આવી હતી. તે પણ 27 લાખને પાર પહોંચી હતી.

# લોકસભા ચૂંટણીમાં ભાજપના કાર્યકરો પોતાના સિવાયનો અન્ય એક વોટ લાવવામાં નિષ્ફળ

**અમદાવાદ**

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ગુજરાત ભાજપ સંગઠનને રાજ્યમાં 2 કરોડ સભ્યો બનાવવાનો ટાર્ગેટ આપીને ફરી એક વાર ફાંકા ફોજદારી શરૂ કરી છે. પાટીલે લોકસભાની ચૂંટણીમાં ભાજપને તમામ 26 બેઠકો 5 લાખ કરતાં વધારે મતે જીતાડવાનો હુંકાર કર્યો હતો પણ ભાજપ ઊંધા માથે પછડાયો હતો.

ભાજપ 5 લાખ મતે જીતવાની વાત છોડો પણ તમામ બેઠકો જીતવામાં પણ સફળ નહોતો થયો. બનાસકાંઠા લોકસભા ભાજપ પાસેથી આંચકી લઈને સળંગ ત્રીજી વાર બધી બેઠકો જીતવાની હેટ્રિક કરવા નહોતી દીધી. હવે પાટીલે ફરી એવો જ દાવો કરીને 2 કરોડ સભ્યો નોંધવાનો અતિ મહત્વાકાંક્ષી ટાર્ગેટ આપી દીધો છે. ગુજરાતમાં કુલ 4.30 કરોડ મતદારો છે. એ જોતાં પાટીલે લગભગ 45 ટકા મતદારોને ભાજપના કાર્યકર બનાવવાનો ટાર્ગેટ આપી દીધો છે. પાટીલે દાવો કર્યો કે, ગુજરાતમાં છેલ્લે સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરાઈ ત્યારે ભાજપના નોંધાયેલા સભ્યોની સંખ્યા 1.19 કરોડની હતી. લોકસભાની ચૂંટણીમાં ભાજપને કુલ 1.88 કરોડ મત મળ્યા હતા. પાટીલના નિવેદનનો અર્થ એ થયો કે, ભાજપનો દરેક કાર્યકર પોતાના ઉપરાંત અન્યનો એક મત લાવવામાં પણ સફળ થયો નથી.

ભાજપનો દરેક કાર્યકર એક-એક મતદારને ભાજપને મત આપવા માટે મનાવી શક્યો હોત. તો પણ 1.19 કાર્યકરોના પોતાના અને દરેક કાર્યકરના કારણે પડેલા 1.19 મત મળીને ભાજપને 2.38 કરોડ મત મળ્યા હોત. તેના બદલે ભાજપને 50 લાખ ઓછા એટલે કે, 1.88 કરોડ મતો જ મળ્યા છે.

# દેશના 131 શહેરોમાં ગુજરાતનું સુરત સૌથી વધુ સ્વચ્છ સિટી

**અમદાવાદ**

સ્વચ્છ વાયુ સર્વેક્ષણ 2024માં દેશના 131 શહેરોને પાછળ છોડી સુરતે પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે. ડાયમન્ડ સિટીએ કુલ 200 માર્ક્સમાંથી 194 માર્ક્સ મેળવ્યા છે. સુરત 2023-24ના પીએમ10 ના રજકણોમાં 12.71 ટકાનો નોંધપાત્ર ઘટાડો કરવામાં સફળ રહ્યું છે. ગયા વર્ષે યોજાયેલા સર્વેમાં સુરતને 13મો ક્રમાંક મળ્યો હતો અને ઈન્દોર પ્રથમ ક્રમે આવ્યું હતું. 2023માં સુરતે ખૂટતી સુવિધા, કેટલાક પગલાં અને ત્રુટીઓનું નિવારણ કરતાં આ ક્રમ આવ્યો હોવાનું કહેવાય છે. આ સિદ્ધિ બદલ 7મી સપ્ટેમ્બરે જયપુરના નેશનલ મિશન ફોર ક્લીન એર કાર્યક્રમ અંતર્ગત યોજનારા સમારંભમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા નેશનલ ક્લીન એર સિટીના બહુમાન સાથે 1.5 કરોડની ઈનામી રકમ, ટ્રોફી અને પ્રમાણપત્ર અપાશે.

# મોદીના જન્મદિવસે ‘હલ્લાબોલ’ની તૈયારી લાખો સરકારી કર્મચારી હડતાળની ફિરાકમાં

**ગાંધીનગર**

ગુજરાતના કર્મચારીઓ 10 પડતર પ્રશ્નોના નિરાકરણ માટે 17મી સપ્ટેમ્બરે પેનડાઉન હડતાલ કરશે અને છઠ્ઠી ઓક્ટોબર થી 27મી ઓક્ટોબર દરમ્યાન ઝોન પ્રમાણે ધરણાંનો કાર્યક્રમ યોજશે. પડતર પ્રશ્નોમાં કર્મચારીઓએ જૂની પેન્શન યોજનાનો મુદ્દો ફરી ઉભો કર્યો છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીનો 17 સપ્ટેમ્બરના રોજ જ જન્મદિવસ પણ છે અને બની શકે તેઓ ગુજરાતની મુલાકાતે પણ આવી શકે છે. આ દિવસે તેઓ ગુજરાતમાં આવવાના પણ છે અને મેટ્રો ટ્રેનનું ઉદઘાટન કરી શકે છે.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના દ્વારા આંદોલનના કાર્યક્રમો નક્કી થયાં છે. 17મી સપ્ટેમ્બરે સમગ્ર રાજ્યમાં કર્મચારીઓ પેનડાઉન, શટ ડાઉન દ્વારા કામગીરીનો બહિષ્કાર કરશે, જ્યારે ઓક્ટોબરમાં ચાર ઝોનમાંથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી પર આવીને કર્મચારીઓ ધરણાં કરશે. છઠ્ઠી ઓક્ટોબરે મધ્ય ગુજરાત, 13મીએ દક્ષિણ અને ઉત્તર ગુજરાત તેમજ 20 અને 27મીએ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી કર્મચારીઓ ગાંધીનગર આવશે. રાજ્યના મુખ્યમંત્રી અને મુખ્યસચિવને પત્ર લખીને કર્મચારી મહામંડળે તેમના કાર્યક્રમો જાહેર કર્યા છે.

# સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં બેઠકોની વહેંચણી સંદર્ભે નોટિફિકેશન જાહેર

**અમદાવાદ**

ગુજરાતમાં હવે થોડા સમયમાં સ્થાનિક સ્વરાજ ચૂંટણીઓ યોજાવાની છે. તે પહેલા એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં 27 ટકા ઓબીસી અનામત પ્રમાણે બેઠકો નિશ્ચિત કરવામાં આવી છે. રાજ્યની નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં બેઠકોની વહેંચણીને લઈ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યુ છે. રાજ્યની 75 નગરપાલિકાઓ તથા 2 જિલ્લા પંચાયતો બેઠકોની વહેંચણીને લઈ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. આગામી ઓક્ટોબર માં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ નોટિફિકેશન જાહેર થઈ શકે છે. આગામી નવેમ્બર-ડિસેમ્બરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઈ શકે છે.

# આસામમાં 22,000 કરોડનું ઓનલાઈન કૌભાંડ રોકાણ પર 30% રિટર્નનો વાયદો કરી છેતરપિંડી

## બળાત્કારીને ફાંસી માટે કાયદામાં સુધારા કરશે, બિલને મંજૂરી ના મળી ધરણા કરીશ : મમતા

**ઈમ્ફાલ**

દલાલોએ લોકોને નાણાં બમણા કરી આપવાનો વાયદો કરી રોકાણ કરાવ્યું હતું, દિબ્રુગઢના બિઝનેસમેન વિશાલ ફૂકન અને ગુવાહાટીના સ્વપ્નિલ દાસની ધરપકડ કરાઈ, આરોપીએ આસામી ફિલ્મ ઉદ્યોગમાં રોકાણ કરવાની સાથે સંપત્તિઓ ખરીદી હોવાનું તપાસમાં સામે આવ્યું

આસામમાં ઓનલાઈન છેતરપિંડીનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. લોકોના નામે બેન્કોમાં ખાતા ખોલાવીને છેતરપિંડી કરનારા સાઈબર ગુનેગારોની એક મોટી ગેંગ ઉઘાડી પાડવામાં આવી છે. આ કૌભાંડ 22,000 કરોડ કરતા વધારે રકમનું છે. દલાલોએ લોકોને તેમના નાણાં બમણા કરી આપવાનો દાવો કરીને ઓનલાઈન છેતરપિંડી કરી હતી. પોલીસે આ કૌભાંડમાં હજુ સુધીમાં ચાર લોકોની ધરપકડ કરી છે. ડિબ્રૂગઢના 22 વર્ષીય ઓનલાઈન બિઝનેસમેન વિશાલ ફૂકન અને ગુવાહાટીના સ્વપ્નિલ દાસની આસામ પોલીસે ધરપકડ કરી હતી. આ ગેંગ સમગ્ર રાજ્યમાં ફેલાયેલી હોવાની આશંકા છે. ગેંગના અન્ય ઠગોની ધરપકડ કરવા માટે પોલીસ હાલ દરોડાની કાર્યવાહી કરી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર ફૂકન પોતાની આલીશાન જીવનશૈલીથી લોકોને આકર્ષતો હતો. પોતાના રોકાણકારોને તે 60 દિવસની અંદર જ તેમના રોકાણ પર 30 ટકા રિટર્ન આપવાનું વનચ આપતો હતો. ફૂકને ચાર નકલી કંપનીઓ બનાવી હતી તેણે આસામના ફિલ્મ ઉદ્યોગમાં રોકાણ કર્યું હતું અને ઘણી બધી સંપત્તિઓ ખરીદી હતી.

# દિલ્હીથી વિશાખાપટ્ટનમ જતી ફ્લાઈટમાં બોમ્બની ધમકી, 107 મુસાફરોમાં ફફડાટ




**નવી દિલ્હી**

નવી દિલ્હીથી વિશાખાપટ્ટનમ જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને બોમ્બની ધમકી મળી હતી. જો કે, ધમકી ભર્યા કોલ મળ્યા બાદ તપાસમાં જાણવા મળ્યું કે, આ એક અફવા છે. વિશાખાપટ્ટનમ એરપોર્ટના ડિરેક્ટર એસ રાજા રેડ્ડીએ જણાવ્યું હતું કે દિલ્હી પોલીસને બોમ્બની ધમકીનો કોલ મળ્યો હતો અને તેણે એરલાઈન અને વિશાખાપટ્ટનમ એરપોર્ટને એલર્ટ કરી દીધું હતું. દિલ્હીથી વિશાખાપટ્ટનમ જઈ રહેલું વિમાન સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવ્યું હતું અને પ્લેનની સંપૂર્ણ તપાસ કર્યા પછી જાણવા મળ્યું કે સમગ્ર મામલે તપાસ કરવામાં આવતા કોઈ શંકાસ્પદ મળ્યો નથી અને આ અફવા હોય તેવું ગણાવ્યું છે.

# ઇન્ટરપોલે 2023માં ભારતની વિનંતી બાદ 100 રેડ કોર્નર નોટિસ જારી કરી

**નવી દિલ્હી**

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)ના ડિરેક્ટર પ્રવીણ સૂદે ગુરુવારે જણાવ્યું કે, ઈન્ટરપોલે 2023માં ભારતની વિનંતી પર 100 રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. જે એક વર્ષમાં સૌથી વધુ છે. આ ઉપરાંત વિશ્વભરના પોલીસ દળોને તેમના અધિકારક્ષેત્રમાં ભાગેડુઓને અટકાયતમાં લેવા માટે કહેવામાં આવ્યું છે. જેઓ ભારતીય કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા વોન્ટેડ છે અને જેમણે સરહદ પાર કરી છે.

CBI દ્વારા આયોજિત 10મી ઈન્ટરપોલ લાયઝન ઓફિસર કોન્ફરન્સને સંબોધતા સૂદે જણાવ્યું હતું કે, ઈન્ટરપોલ અને આંતરરાષ્ટ્રીય કાયદા અમલીકરણ ભાગીદારોની મદદથી 2023માં અત્યાર સુધીમાં 29 અને 2024માં 19 વોન્ટેડ ગુનેગારોને ભારત પાછા લાવવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, CBIના 'ગ્લોબલ ઓપરેશન સેન્ટર'એ 2023માં આંતરરાષ્ટ્રીય સહાય માટેની 17,368 વિનંતીઓ પર પ્રક્રિયા કરી હતી. ગૃહ સચિવ ગોવિંદ મોહને પણ CBIના 'ગ્લોબલ ઓપરેશન સેન્ટર'ની પ્રશંસા કરી હતી અને રેખાંકિત કર્યું હતું કે, આ કેન્દ્ર દરરોજ સહાય માટે 200-300 વિનંતીઓનું સંચાલન કરે છે.

# દિલ્હી પોલીસે 325 સ્થળે દરોડા પાડ્યા, 944ની ધરપકડ, અલગ અલગ નશીલા પદાર્થો પણ જપ્ત

## પકડાયેલા વ્યક્તિઓમાં દારૂના પેડલર્સ તથા નાર્કો અપરાધીઓનો સમાવેશ

**નવી દિલ્હી**

શનિવારે સાંજે ચાર કલાકથી રવિવારે સવારે ચાર કલાક સુધી ચાલેલી ડ્રગ પેડલર્સ પરની સૌથી મોટી કાર્યવાહીમાં દિલ્હી પોલીસના અધિકારીઓએ શહેરભરમાં 325 સ્થાનો પર દરોડા પાડયા હતાં અને 944 લોકોની ધરપકડ કરી લીધી હતી.



ધરપકડ કરાયેલા લોકોમાં 74 નાર્કો અપરાધીઓનો પણ સમાવેશ થાય છે, જેમની પાસેથી વિભિન્ન પ્રકારના પ્રતિબંધિત નશીલા પદાર્થો પકડાયા હતાં. આ લોકો પર એનડીપીએસ અધિનિયમ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. 54 પેડલર્સની આબકારી અધિનિયમ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. જો કે આ દરોડાનું સૌથી ઉલ્લેખનીય પાસુ એ હતું કે 816 પેડલર્સને પ્રિવેન્ટિવ એસેસ્ટ હેઠળ પકડવામાં આવ્યા છે. આ વ્યક્તિઓમાં દારૂના પેડલર્સ તથા અપરાધીઓ સામેલ હતાં જેઓ નશીલા દ્રવ્યોના વેપારમાં સક્રિય રીતે સામેલ છે પણ દરોડા દરમિયાન તેમની પાસેથી કોઈ નશીલો પદાર્થ જપ્ત થઈ શક્યો ના હોવાના કારણે તેમના પર એનડીપીએસ એક્ટ લગાવી શકાયો ન હતો.

# ઉમેદવારોની પ્રથમ યાદી જાહેરાત થયા બાદ હરિયાણામાં 24 કલાકમાં 20ના રાજીનામા

**હરિયાણા**

ભાજપે બુધવારે હરિયાણાની ૯૦ વિધાનસભા બેઠકોની ચૂંટણી માટે ૬૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પરંતુ આ યાદી જાહેર થયા બાદ ભાજપને તેના નેતાઓની નારાજગીનો પણ સામનો કરવો પડ્યો છે. ઘણા નેતાઓએ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. કેટલાકે અપક્ષ તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

ઉર્જા મંત્રી રણજીત સિંહ ચૌટાલા અને ધારાસભ્ય લક્ષ્મણ દાસ નાપા સહિત ઘણા નેતાઓએ ટિકિટ ન મળવા પર નારાજગી વ્યક્ત કરીને પક્ષ છોડવાની જાહેરાત કરી છે. જુઓ અત્યાર સુધી કયા નેતાઓએ પક્ષ સાથે છેડો ફાડ્યો છે.

લક્ષ્મણ નાપાએ રતિયાના ધારાસભ્યએ ટિકિટ ન મળવાના કારણે ભાજપમાંથી રાજીનામું આપ્યું છે. આ ઉપરાતં કરણ દેવ કંબોદ, વિકાસ ઉર્ફે બલે અમિત જૈન, શમશેર ગિલ, સુખવિંદર મંડી, દર્શન ગિરી મહારાજ, સીમા ગેબીપુર, આદિત્ય ચૌટાલા, આશુ શેરા, સવિતા જિંદાલ, તરુણ જૈન, ડો. સતીશ ખોલા, ઈન્દુ વલેચા, રણજિત ચૌટાલાએ પણ મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું અને સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો. પૂર્વ મંત્રી બિશમ્બર વાલ્મિકીએ ભાજપમાંથી રાજીનામું આપ્યું છે.

આ ઉપરાંત પંડિત જીએલ શર્માએ ભાજપમાંથી રાજીનામું આપીને દુષ્યંત ચૌટાલાના ઘરે ગયા હતા. પ્રશાંત સન્ની યાદવે લોકસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા. રેવાડીથી ટિકિટ માંગી હતી, પરંતુ ટિકિટ ન મળતા રાજીનામું આપી દીધું હતું. અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડે તેવી શક્યતા છે.

# પશ્ચિમ બંગાળમાં સૈન્યના વાહનને માર્ગ અકસ્માત, 4 જવાનોના મૃત્યુ

**પાક્યોંગ**

પશ્ચિમ બંગાળના પાક્યોંગ જિલ્લામાં સૈન્યના વાહનનો માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ચાર જવાનોના નિધન થયા હતા. સેનાનું વાહન પેડોંગથી સિલ્ક રૂટ થઈને જુલુક જઈ રહ્યું હતું. તે દરમિયાન આ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં શહીદ થયેલા જવાનોમાં મધ્યપ્રદેશના ડ્રાઈવર પ્રદીપ પટેલ, મણિપુરના કારીગર ડબલ્યુ પીટર, હરિયાણાના નાઈક ગુરસેવ સિંહ અને તમિલનાડુના સુબેદાર કે થંગાપાંડીનો સમાવેશ થાય છે.

એક અધિકારીએ જણાવ્યું કે ડ્રાઈવર સહિત તમામ મૃતક સેનાના જવાનો પશ્ચિમ બંગાળના બીનાગુરીમાં એક યુનિટના હતા. ભારતીય સેનાના એક અધિકારીએ જણાવ્યું કે ભારતીય સેનાની ટ્રક પશ્ચિમ બંગાળના પેડોંગથી સિલ્ક રૂટ થઈને સિક્કિમના જુલુક જઈ રહી હતી. આ દરમિયાન સિક્કિમના પાક્યોંગ જિલ્લામાં ટ્રક ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી ગઈ હતી. આ માર્ગ અકસ્માતમાં ભારતીય સેનાના ચાર જવાનો શહીદ થયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે ટ્રકની સ્પીડ વધુ હતી જેના કારણે આ અકસ્માત થયો હતો. ભારતીય સેના દ્વારા શહીદના પાર્થિવ દેહને તેમના પૈતૃક ઘરે લઈ જવાની તૈયારીઓ ચાલી રહી છે.

# મુખ્યમંત્રી પદ પર દાવો કરતી ઉદ્ધવ સેનાનું કોંગ્રેસ તથા શરદ પવાર આગળ સરેન્ડર

**મુંબઈ**

ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટીએ મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલા મુખ્યમંત્રી પદ પર દાવો કર્યા બાદ પાછીપાની કરી છે. કોંગ્રેસ અને શરદ પવાર જૂથે ઠાકરેને દાવાને મહત્વ ન આપતા છેવટે પાર્ટીના નેતા સંજય રાઉતે મુખ્યમંત્રી પદ અંગે મહત્વની ટિપ્પણી કરી છે. રાઉતે કહ્યું કે, મહાવિકાસ અઘાડીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. સંજય રાઉતે કહ્યું કે, 'મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે એમવીએના મુખ્યમંત્રી પદના ચહેરા અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. આ પહેલા શરદ પવારે કહ્યું હતું કે, હાલ એમવીએને મુખ્યમંત્રી પદ માટે ચહેરો જાહેર કરવાની કોઈ જરૂર નથી. આ અંગેનો નિર્ણય ચૂંટણી પરિણામો બાદ સંખ્યાબળના આધારે લઈ શકાય છે.

# ઉત્તરાખંડમાં બદલીનો ધમધમાટ, 39 IAS સહિત 45 અધિકારીના ટ્રાન્સફર

**લખનઉ**

ઉત્તરાખંડ સરકારે બુધવારે IAS અને PCS અધિકારીઓના પોર્ટફોલિયોમાં મોટા ફેરફારો કર્યા છે. સૂત્રોએ જણાવ્યું કે બે મુખ્ય સચિવો અને અન્ય આઠ સચિવોના પોર્ટફોલિયોમાં ફેરબદલ કરવામાં આવી છે. કુલ 45 અધિકારીઓના વિભાગો બદલવામાં આવ્યા છે, જેમાં 39 IAS અધિકારીઓનો સમાવેશ થાય છે.

1997 બેચના IAS અધિકારી રમેશ કુમાર સુધાંશુએ મહેસૂલ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીની જવાબદારી સંભાળી છે. જો કે, તેઓ મુખ્યમંત્રીના મુખ્ય સચિવ અને વન, પર્યાવરણ સંરક્ષણ અને આબોહવા પરિવર્તન વિભાગના અગ્ર સચિવ તરીકે ચાલુ રહેશે. અગ્ર સચિવ લઘુમતી કલ્યાણ અને અધ્યક્ષ લઘુમતી કલ્યાણ અને વકફ વિકાસ નિગમની જવાબદારી 1997 બેચના લાલિરન લૈના ફનાઈ પાસેથી લેવામાં આવી છે. તેમના સ્થાને રણજીત કુમાર સિન્હાને બંને જવાબદારીઓ સોંપવામાં આવી છે. ફનાઈ આબકારી વિભાગ અને ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના અગ્ર સચિવનું પદ સંભાળશે. ટ્રાન્સપોર્ટ વિભાગના ચેરમેનની પણ આ જવાબદારી રહેશે.

# ૨૪ કલાકમાં બે ટ્રેનોને દેશ વિરોધીઓએ નિશાન બનાવી

**પટના**

દેશમાં વિવિધ સ્થળોએ તોફાની તત્વોમાં સુધરવાના આસાર દેખાઈ રહ્યાં નથી. છેલ્લા ૨૪ કલાકમાં ૨ વંદે ભારત ટ્રેનો પર પથ્થરમારાની ઘટનાઓ સામે આવી છે. પહેલી ઘટના બુધવારે રાત્રે બની હતી જ્યારે લખનૌ પટના વંદે ભારત પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બીજી ઘટના ગુરુવારે સવારે પ્રકાશમાં આવી જ્યારે રાંચીથી પટના જતી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બુધવારે રાત્રે બદમાશોએ લખનઉથી પટના જતી વંદે ભારત ટ્રેન પર ભારે પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાને કારણે ટ્રેનના સી-પ કોચનો કાચ તૂટી ગયો હતો. મળતી માહિતી મુજબ, વારાણસી સ્ટેશનથી ટ્રેન ઉપડ્યા બાદ આ ઘટના બની હતી. આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. રેલવે પણ આ મામલે તપાસ કરી રહી છે.

## કોલકાતા ડોક્ટર પર રેપ અને મર્ડર કેસમાં પીડિતાના પરિવારજનોએ મોટો દાવો કર્યો

# પોલીસ અધિકારી દ્વારા પીડિતાના પિતાને લાંચ આપવા પ્રયાસ

**કોલકાતા**

કોલકાતા રેપ-મર્ડર કેસમાં પીડિતાના પરિવારજનોએ મોટો દાવો કર્યો છે. પીડિત મહિલા ડૉક્ટરના માતા-પિતાએ કહ્યું છે કે, એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ તેમને લાંચ આપવાનો પ્રયાસ કર્યો હતો.

ગયા મહિને કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલા ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યાને લઈને વિરોધ પ્રદર્શન યથાવત છે. બુધવારે પીડિતાના પરિવારજનોએ મોટો દાવો કર્યો છે. મહિલા ડોક્ટરના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે કોલકાતા પોલીસે મૃતદેહનો ઉતાવળે અંતિમ સંસ્કાર કરીને મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તે જ સમયે, તેણે એવો પણ આરોપ લગાવ્યો છે કે કોલકાતા પોલીસે તેની સાથે પૈસાની લાંચ લેવાનો પણ પ્રયાસ કર્યો હતો.

## પોલીસે મામલો દબાવવાનો પ્રયાસ કર્યોઃ પીડિતાના પરિવારજનો

પીટીઆઈ અનુસાર, કોલકાતા રેપ-હત્યા પીડિતાના પરિવારે દાવો કર્યો છે કે કોલકાતા પોલીસે શરૂઆતથી જ કેસને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનોને મૃતદેહ જોવા દેવાયા ન હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવતાં તેણે પોલીસ સ્ટેશનમાં રાહ જોવી પડી હતી. બાદમાં, જ્યારે મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો, ત્યારે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ તેમને પૈસાની ઓફર કરી. પરિવારે તરત જ તેને ફગાવી દીધો.

### પરિવારના સભ્યો વિરોધનો ભોગ બન્યા હતા

પીડિતાના માતા-પિતાએ બુધવારે રાત્રે આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં જુનિયર ડોકટરો સાથે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો અને તેમની પુત્રી માટે ન્યાયની માંગણી કરી હતી. અગાઉ મંગળવારે કોલકાતામાં જુનિયર ડોકટરોના એક પ્રતિનિધિમંડળે શહેરના પોલીસ કમિશનર વિનીત ગોયલને હાથથી બનાવેલ કૃત્રિમ કરોડરજ્જુ રજૂ કરી હતી.

### લોકોએ પોતાના ઘરની લાઈટો બંધ કરી વિરોધ કર્યો

નાગરિકોએ એકતામાં શક્તિશાળી પ્રદર્શન કર્યું. આરજી કાર હોસ્પિટલમાં મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં, લોકોએ રાત્રે 9 વાગ્યાથી 10 વાગ્યા સુધી એક કલાક માટે તેમના ઘરોની લાઇટ બંધ કરી દીધી હતી. શેરીઓમાં કેન્ડલ માર્ચ કાઢી હતી. બરાબર 9 વાગ્યે, વિરોધના ભાગ રૂપે, વિક્ટોરિયા મેમોરિયલ અને રાજભવન જેવા અગ્રણી સીમાચિહ્નો, શહેર અંધકારમાં ડૂબી ગયા હતા.

## સરહદ પર ઘુસણખોરી કરી રહેલા માતા દીકરી પર ગોળીબાર, દીકરીનું મોત

**ત્રિપુરા**

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારનો સત્તાપલટો બાદ હિન્દુઓ સહિત બાકી લઘુમતીઓ પર અત્યાચાર થઈ રહ્યા છે. તેનાથી બચવા ભારતમાં ઘૂસણખોરી પણ વધી છે. મોટી સંખ્યામાં હિન્દુઓ ભારતમાં પ્રવેશવા માટે સરહદ પર ડેરો જમાવીને બેઠા છે. હાલમાં જ ત્રિપુરામાં આવેલ આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘુસણખોરી કરી રહેલ માતા અને તેની ૧૩ વર્ષીય દિકરીને બીએસએફના જવાનોને રોકતાં ગોળીબારીમાં સગીરાનું મોત થયુ હતું.

બીએસએફે ઘટનાના ૪૫ કલાક બાદ મંગળવાર રાત્રે બાંગ્લાદેશી સગીરાનો મૃતદેહ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશને સોંપ્યો હતો. તેની ઓળખ ૧૩ વર્ષીય સ્વર્ણા દાસ તરીકે થઈ છે. બીએસએફની કથિત ગોળીબારીમાં તેનું મોત થયુ હતું. કુલોરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઓફિસર બિનય ભૂષણ રોયે મૃતદેહ સોંપ્યો હોવાની ખાતરી કરતાં જણાવ્યું હતું કે, જરૂરી કાનૂની કાર્યવાહી કર્યા બાદ મૃતદેહ સગીરાના પરિવારને સોંપવામાં આવ્યો છે. તેને બીએસએફના જવાનોએ ઘૂસણખોરી કરવા બદલ ગોળી મારી દીધી હતી. અન્ય લોકો પણ રવિવાર રાત્રે કુલોરા ઉપજિલામાંથી કથિત રૂપે ભારતમાં પ્રવેશ કરી રહ્યા હતા.

## મણીપુરમાં શાંતિના પ્રયાસો વચ્ચે હજી પણ તણાવ આસામ રાયફલના સ્થાને CRPF તૈનાત કરાઈ

### જાલૂકી અને ઘાસપાનીથી અસમ રાઇફલ્સની બે યુનિટ હટાવીને જમ્મુ મોકલાઇ

**નવી દિલ્હી**

એક વર્ષ કરતા પણ વધુ સમયથી હિંસાની આગમાં સળગી રહેલા પૂર્વોત્તર રાજય મણીપુરમાં ફરી તણાવ વધી રહયો હોવાનું જાણવા મળે છે. કેટલાક મીડિયા અહેવાલ મુજબ મણીપુરમાં મુખ્ય બે  મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે જે બફર ઝોન બનાવાયા છે ત્યાં તણાવ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે અસમ રાયફલ્સની બે બટાલિયન મણીપુરમાંથી હટાવવાની શરુઆત થઈ ચુકી છે.

કેટલાક દિવસો પહેલા મણીપુર પોલીસે જણાવ્યું હતું કે કુકી વિદ્રોહીઓએ ડ્રોનનો ઉપયોગ કરીને નાગરિક વિસ્તારમાં ગોળીબાર કર્યા હતા.મણીપુરમાં બે સમુદાયો વચ્ચે શાંતિના પ્રયાસોની આશા વચ્ચે ફરી તણાવ વધી ગયો છે. આસામ રાઈફલ્સની બે બટાલિયન હટાવાયા પછી સીઆરપીએફની ટુકડીઓ ગોઠવવામાં આવી છે. આ પગલું ભરવાથી મૈતેઈ સમુદાય ખૂશ છે જયારે કુકી સમુદાય સતત વિરોધ કરી રહયો છે. સુત્રોના જણાવ્યા અનુસાર નોર્થ ઈસ્ટના જાલૂકી અને ઘાસપાનીથી અસમ રાઈફલ્સની બે યુનિટ હટાવીને જમ્મુ મોકલવામાં આવી છે.અડધા સૈનિકો રવાના થઈ ચુકયા છે તેમના સ્થાને મણીપુરથી બે બટાલિયન મોકલવામાં આવી છે. મણીપુરમાં કાંગબોઈથી ૯ અસમ રાઈફલ્સ બટાલિયન જાલૂકી મોકલાઈ રહી છે. સીઆરપીએફની ૫ જેટલી કંપનીઓ ઈમ્ફાલ તો આવી ગઈ છે પરંતુ  હજુ કાંગબોઈમાં સીઆરપીએફની બધી જ કંપનીઓનું જ આગમન થવાનું બાકી છે.

## હાઈ બોક્સ નામની એપમાં લોકોના 100 કરોડ ડૂબ્યાં, અનેક લોકો ફસાયાની શંકા

**નવી દિલ્હી**

હાઈ બોક્સ નામની એપ દ્વારા મોટી કમાણીની લાલચ આપીને હજારો લોકોથી 100 કરોડ રૂપિયા ઠગી લેવાયા. લોકોને ફસાવવા માટે કંપનીએ અભિનેત્રી અને યુટ્યૂબરો પાસે પ્રચાર કરાવ્યો. આ નવા ટ્રેન્ડે એક વખત ફરી સુરક્ષા એજન્સીઓની ચિંતા વધારી દીધી છે. લોકોએ આવી લોભામણી ઓફરથી સતર્ક રહેવું જોઈએ. ગોકલપુરી રહેવાસી વીરેન્દ્ર કુમારે જણાવ્યું કે મે મારા બે પુત્રોની સાથે ગત જુલાઈમાં હાઈ બોક્સ એપ પર ઘણા બોક્સ ખરીદ્યા પરંતુ એક વખત પણ નફો થયો નહીં. તેમના ત્રણ લાખથી વધુ રૂપિયા એપમાં ફસાઈ ગયા.

ઉત્તર-પૂર્વ સાઈબર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધીને મામલો સ્પેશિયલ સેલને ટ્રાન્સફર કરી દેવાયો. આવી જ એક એફઆઈઆર ઈફસો યુનિટે પણ નોંધી




છે. પોલીસની પાસે 20થી વધુ ફરિયાદો આવી ચૂકી છે. હિમાંશુ અગ્રવાલ, અનન્યા ચોરસિયા અને અંકિત કુમારે એક્સ પર ઠગીનો શિકાર થવાની વાત કહી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ મામલે પીડિત લોકોનો આંકડો હજારોમાં હોઈ શકે છે.

## MCD વોર્ડ સમિતિની ચૂંટણીમાં AAPના ચાર કાઉન્સિલરોએ ક્રોસ વોટિંગ કર્યું

**નવી દિલ્હી**

MCD વોર્ડ સમિતિની ચૂંટણીમાં AAPના 4 કાઉન્સિલરોએ ક્રોસ વોટિંગ કર્યું છે. દક્ષિણ ઝોનની ચૂંટણીમાં AAP કરતા ભાજપની સંખ્યા વધુ રહી છે. AAP પાસે વધુ સંખ્યા હોવા છતાં મુકાબલો 11-11થી ટાઈ થયો હતો. આ પછી લોટરી લાગી હતી. જેમાં ઝોન ચેરમેન પદે AAPના ઉમેદવારનો વિજય થયો હતો.

સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય માટે પશ્ચિમ ઝોનમાં AAPના પ્રવીણ કુમારનો વિજય થયો છે. અહીંથી ભાજપના ઉમેદવારે પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. નજફગઢ ઝોનમાં ભાજપના ઉમેદવાર ઈન્દ્રજીત સેહરાવતનો વિજય થયો છે. શાહદરા દક્ષિણ ઝોનમાં ભાજપના નીમા ભગતનો વિજય થયો છે. AAPના અંકુશ નારંગ કરોલ બાગ ઝોનમાંથી બિનહરીફ ચૂંટાયા હતા. સિટી એસપી ઝોનમાંથી AAPના પુનરદીપ બિનહરીફ ચૂંટાયા છે. સ્થાયી સમિતિની 18માંથી 12 બેઠકોના પરિણામ આવી ગયા છે. તેમાંથી AAPએ 7 સીટો પર જીત મેળવી છે. જ્યારે પાંચ બેઠકો ભાજપના ખાતામાં ગઈ છે. ભાજપે સિટી એસપી ઝોનમાં ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા ન હતા.

## વાયનાડ ભૂસ્ખલન પીડિતોને મુખ્યમંત્રી યોગીએ આપી રૂપિયા 10 કરોડની સહાય

**લખનઉ**

કેરળના વાયનાડમાં 30 જુલાઈના રોજ એક જંગી ભૂસ્ખલન થયું હતું, જેણે ભારે વિનાશ સર્જ્યો હતો. આ દુર્ઘટનામાં 350 થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો લાપતા છે. ભૂસ્ખલન બાદ વાયનાડના કેટલાક ગામો નાશ પામ્યા હતા. મેપ્પડીના ચુરામાલા, મુંડક્કાઈ અને વેલ્લારીમાલા ગામો સૌથી વધુ પ્રભાવિત થયા હતા. સેંકડો પરિવારોને રાહત શિબિરોમાં મોકલવામાં આવ્યા હતા. પીડિતોની મદદ માટે ફિલ્મ જગતના કલાકારો સહિત રાજકારણીઓ આગળ આવ્યા હતા. દરમિયાન, હવે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વાયનાડ જિલ્લામાં ભૂસ્ખલન પીડિતોને પુનર્વસન સહાય માટે રૂ. 10 કરોડ મોકલ્યા છે.

## રાજસ્થાનના બુંદીમાં નશામાં ધૂત પુત્રએ જનેતા ઉપર દુષ્કર્મ આચર્યું

**જયપુર**

રાજસ્થાનના બુંદીમાં એક પુત્ર પર તેની જ માતા પર બળાત્કાર કરવાનો આરોપ લાગ્યો છે. પોલીસે બુધવારે આ જાણકારી આપતા કહ્યું કે તેણે નશાની હાલતમાં ઘટનાને અંજામ આપ્યો. આરોપીની ઉંમર ૨૮ વર્ષ હોવાનું કહેવાય છે. જ્યારે માતાની ઉંમર ૫૨ વર્ષ છે. ઘટના બાદ માતા તેના નાના પુત્ર અને પુત્રી સાથે ડાબી પોલીસ સ્ટેશન પહોંચી અને આરોપી પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી.

માતાની ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી કરતા આરોપી પુત્રની ધરપકડ કરી. પોલીસે પુત્રની કડકાઈથી પૂછપરછ કરતા તેણે નશાની હાલતમાં માતા સાથે હેવાનિયત આચરી હોવાની કબુલાત કરી. આરોપીએ જણાવ્યું કે તે માતા સાથે મામાના ઘરે ગયો હતો. આ દરમિયાન જ્યારે તેઓ ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે સૂમસામ જગ્યા જોતા તેણે માતા સાથે હેવાનિયત આચરી. ડીએસપી તરુણકાંત સોમાનીએ જણાવ્યું કે રેપના આરોપીની ધરપકડ કરી લેવાઈ છે અને આ મામલે વધુ તપાસ ચાલુ છે. આરોપીને કોર્ટમાં રજૂ કરાયો હતો અને ત્યાંથી તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયો છે.

## મોઢું ખોલાવશો તો ઉત્તરાખંડની સાથે દેશના રાજકારણમાં પણ ભૂકંપ આવશે : હરકસિંહ રાવત

**જમ્મુ**

પાખરો સફારી મામલે EDની પૂછપરછથી ભડકેલા પૂર્વ કેબિનેટ મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા હરક સિંહ રાવતે મોટું નિવેદન આપ્યું છે. પોતાના જૂના અંદાજમાં તેમણે કહ્યું કે, મારું મોઢું ખોલાવશો તો ઉત્તરાખંડની સાથે આખા દેશના રાજકારણમાં ભૂકંપ આવશે. કોઈનું પણ નામ લીધા વિના તેમણે કહ્યું કે, કેટલાક લોકો જાણી જોઈને મને ટાર્ગેટ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, જો હું પાખરો રેન્જ મામલે જવાબદાર છું તો તે સમયના મુખ્યમંત્રી પણ એટલા જ જવાબદાર છે. તેમણે કહ્યું કે, જેમના ઘર કાચના બનેલા હોય તેમણે બીજાના ઘર પર પથ્થર ન ફેંકવા જોઈએ. હું શાંત છું પરંતુ મારું મોઢું ખોલાવશો તો ઉત્તરાખંડની સાથે આખા દેશના રાજકારણમાં ભૂકંપ આવશે.

# નાઈજિરિયામાં બોકો હરામના આતંકીઓએ ઘરોમાં ઘૂસીને 100ની ક્રૂરતાપૂર્વક હત્યા કરી

## આતંકવાદીઓ મોટરસાઇકલ પર આવ્યા હતા, ઇમારતોને આગ લગાડતા પહેલા ગોળીબાર કર્યો

**અબુજા**

બોકો હરમના આતંકવાદીઓએ ઉત્તર-પૂર્વ નાઈજીરિયામાં નરસંહાર કર્યો છે. બુધવારે સ્થાનિક રહેવાસીઓએ દાવો કર્યો હતો કે આતંકવાદીઓએ બજાર અને લોકોના ઘરો પર ગોળીબાર કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 100 લોકો માર્યા ગયા હતા. યોબે પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 50થી વધુ આતંકવાદીઓ રવિવારે સાંજે યોબે રાજ્યના તારમુવા કાઉન્સિલ વિસ્તારમાં મોટરસાઈકલ પર પ્રવેશ્યા હતા અને ઈમારતોને આગ લગાડતા પહેલા ગોળીબાર કર્યો હતો.

બોકો હરમ એક આતંકવાદી જૂથ છે, જેની સ્થાપના 2002માં થઈ હતી. તેનો હેતુ નાઈજીરીયામાં શરિયા કાયદાનો અમલ કરવાનો અને પશ્ચિમી શિક્ષણનો વિરોધ કરવાનો છે. આ જૂથે છેલ્લા 10 વર્ષમાં હજારો લોકોની હત્યા કરી છે, જ્યારે લાખો લોકોને તેમના ઘર છોડીને વિસ્થાપિત થવું પડ્યું છે. બોકો હરમ માત્ર ગ્રામીણ વિસ્તારોમાં જ નહીં, પરંતુ શાળાઓ અને ધાર્મિક સ્થળો પર પણ હુમલા કરે છે.

યોબેના ડેપ્યુટી ગવર્નર ઈદી બાર્ડે ગુબાનાએ રવિવારના હુમલામાં 34 લોકના મૃત્યુ થયાની જાણકારી આપી હતી. અત્યાર સુધીમાં કુલ 102 લોકોના મોત થયા છે. અધિકારીઓના આગમન પહેલા મોટાભાગના લોકોને દફનાવવામાં આવ્યા હતા અથવા તેમના મૃતદેહને દફનાવવા માટે અન્ય સ્થળોએ લઈ જવામાં આવ્યા હતા.

# અમેરિકાથી ભયંકર માર્ગ અકસ્માતમાં 5 વાહનો ટકરાયાં, 4 ભારતીયો ભૂંજાયા

**ટેક્સાસ**

અમેરિકાના ટેક્સાસથી ભારે દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. અહીં પાંચ વાહનો વચ્ચે પરસ્પર ભયંકર ટક્કર થતાં 4 ભારતીય મૂળના લોકો જીવતા ભડથું થઈ ગયાની માહિતી છે. એક પૂરપાટ ઝડપે દોડતી એસયુવી કારે બીજી એક કારને પાછળથી જોરદાર ટક્કર મારી દીધી હતી જેના લીધે અકસ્માત સર્જાયો અને વાહનો આગની લપેટમાં આવી ગયા. જેના પગલે કારમાં હાજર તમામ મુસાફરો ગંભીર રીતે દાઝી ગયા હતા. પીડિતોની ઓળખ કરવા માટે ડીએનએ ટેસ્ટ કરવાની ફરજ પડી હતી. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ જાહેર કરી દેવામાં આવી છે. જેમાં આર્યન રઘુનાથ ઓરમપથિ, ફારૂક શેખ, લોકેશ પલાચરલા અને દર્શિની વાસુદેવનનો સમાવેશ થાય છે. આ બધા કારપૂલિંગ એપ દ્વારા જોડાયેલા હતા. તેઓ અરકન્સાસના બેન્ટનવિલે તરફ જઈ રહ્યા હોવાનું ખૂલ્યું છે. આ બધા લોકો પોત-પોતાના કોઈ કામથી એકસાથે નીકળ્યા હતા. આર્યન અને તેનો મિત્ર ફારૂક ડલાસમાં એક સંબંધીને મળી પરત ફરી રહ્યા હતા, જ્યારે લોકેશ તેની પત્નીને મળવા જઈ રહ્યો હતો.

# બ્રુનેઈની બે દિવસની મુલાકાતે ગયેલા મોદીનું શાહજાદાએ ભવ્ય સ્વાગત કર્યું

**બંદર શ્રીબગવાન**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રુનેઈની બે દિવસની ઐતિહાસિક મુલાકાતે આજે અહીં આવી પહોંચ્યા ત્યારે વિમાન મથકે બ્રુનેઈના યુવરાજ અબૂ મુહનાદી બિલ્લારે તેઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું. વડાપ્રધાનને ગાર્ડ ઓફ ઓનર પણ અપાયું હતું. વડાપ્રધાન અહીં આવી પહોંચ્યા પછી આ તેવા સમૃદ્ધ રાષ્ટ્રના સુલ્તાન, હસ-અલ-બોલ્કીયારે તેઓનું વિશ્વના સૌથી સમૃદ્ધ રાજમહાલય ધ ઈસ્તાના નુરૂખ ઈમાન પેલેસમાં સ્વાગત કર્યું હતું તે પછી બંને નેતાઓ વચ્ચે મંત્રણા થઈ હતી. સુલ્તાનનો આ પેલેસ વિશ્વનો સૌથી વિશાળ અને સૌથી સમૃદ્ધ પેલેસ છે, તેમાં ૨૨ કેરેટ ગોલ્ડનાં ઉપકરણો છે. પાંચ સ્વીમીંગ પુલ છે. ૧૭૦૦ બેડરૂમ્સ છે, ૨૫૭ બાથરૂમ્સ છે. ૧૧૦ ગેરેજો છે. સુલ્તાનનું અંગત 'ઝૂ' પણ છે. જેમાં બેંગાલ-ટાઈગર્સ પણ છે. અનેક વિધ પશુઓ પ્રાણીઓ અને પક્ષીઓ છે.

# અમેરિકામાં હાઈસ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર 4 લોકોનાં મોત, 30થી વધુને ઈજા પહોંચી

**જ્યોર્જિયા**



ફરી એકવાર અમેરિકાને લજવતી ઘટના સામે આવી છે. આ વખતે અમેરિકાના જ્યોર્જિયાની એક હાઈસ્કૂલમાં ગોળીબારની ઘટના બની છે જ્યાં ઓછામાં ઓછા 4 લોકો મૃત્યુ પામ્યા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત વિન્ડરમાં અપાલાચી હાઈસ્કૂલમાં ગોળીબારમાં અન્ય 30 લોકો ઘાયલ પણ થયા હતા. શાળાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે હવે સ્થિતિ નિયંત્રણમાં છે અને વિદ્યાર્થીઓને બપોરે ઘરે મોકલી દેવાયા હતા.

વિદ્યાર્થી સર્જિયો કાલ્ડેરાએ દાવો કર્યો હતો કે જ્યારે અમે ગોળીબારનો અવાજ સાંભળ્યો ત્યારે રસાયણશાસ્ત્રના ક્લાસમાં હતા. અમારા સાહેબે દરવાજો ખોલ્યો ત્યારે અન્ય શિક્ષક દોડીને આવ્યા અને તેમણે દરવાજો બંધ રાખવા કહ્યું. જ્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો એક ક્લાસમાં એકઠા થયા તો કોઈએ બહારથી જોરદાર રીતે દરવાજો ખખડાવ્યો અને બૂમો પણ પાડી. થોડીવાર પછી બધુ શાંત થયા પછી ફરી એકવાર ગોળીબારનો અવાજ આવ્યો હતો.

# ભયંકર પૂર અને જમીન ધસવા અંગે બેદરકારી બદલ ઉને 30 અધિકારીઓને ઠાર મારી દીધા

**સીઉલ**

ચીન કે ઉ.કોરિયાના માંધાતાઓ બહુ માથાકૂટમાં પડે તેવા નથી. તેઓ વિરોધીઓને કે કામમાં ક્ષતિ કરનારાઓને ફાંસી આપવાની તકલીફ લેતા નથી. સીધા ઠાર જ મારી દે છે. પરંતુ 'ફુંગ-ચીયો' (સેન્ટ્રલ-કીંગડમ-ચીન) અને ઉ.કોરિયાના 'બાંબુ કટેન'માંથી વહેલી મોડી ખબર તો પડી જાય જ છે.

ગયા મહિને ઉત્તર કોરિયામાં ભયંકર પૂર આવ્યાં હતાં, તેમજ જમીન ધસી પડવાની ઘટનાઓને લીધે હજારથી વધુ લોકોનાં મૃત્યુ થયા હતા. ઉ.કોરિયાના ઉ.-પશ્ચિમે રહેલા આગાંગ પ્રાંતમાં બનેલી આ ઘટના અંગે બેદરકાર રહેલા અને લોકોના જાન બચાવવામાં નિષ્ફળ ગયેલા ૩૦ અધિકારીઓને ઠાર મારવાનો કીમ-જોંગ ઉને હુકમ કરી દીધો હતો. તેમ દક્ષિણ કોરિયાની સમાચાર સંસ્થા કોરિયન ન્યૂઝ એજન્સી (કે.એન.એ) જણાવે છે. એજન્સી વધુમાં



જણાવે છે કે, ભારે વરસાદ અને જમીન ધસી પડવાને લીધે વાસ્તવમાં કેટલાંક મૃત્યુ થયા હશે, તેનો ચોક્કસ આંક તો મળતો નથી, પરંતુ પ્રાપ્ય માહિતી પ્રમાણે તેમાં ૧૦૦૦થી વધુના જાન ગયા હતા, અનેકના હાથપગ ભાંગી ગયા હતા, અનેક ઘરબાર વિહોણા થઈ ગયા હતા.

# ભારતને સેમિકન્ડક્ટરનું હબ બનાવવાનું PM મોદીનું સપનું

## વોંગના આમંત્રણ પર મોદી બે દિવસીય સિંગાપોરની મુલાકાતે

**સિંગાપોર**

નરેન્દ્ર મોદીએ સિંગાપોરના સમકક્ષ લોરેન્સ વોંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કર્યા બાદ સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સિંગાપોરની અગ્રણી કંપનીઓમાંની એકની મુલાકાત લીધી હતી. છેવટે, સેમિકન્ડક્ટર શું છે, જેના માટે પીએમ મોદી ભારતને હબ બનાવવા માંગે છે? તમને આ પણ કહેશે. પરંતુ પહેલા જાણી લો કે પીએમ મોદી વોંગના આમંત્રણ પર બે દિવસીય સિંગાપોરની મુલાકાતે છે. બંને નેતાઓએ એઈએમ હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી જ્યાં તેઓને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં કંપનીની ભૂમિકા, તેની કામગીરી અને ભારત માટેની તેની યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલય ના પ્રવક્તા રણધીર જયસ્વાલે ટ્વીટર પર માહિતી આપી, "અદ્યતન ઉત્પાદન ક્ષેત્રે સંબંધોને પ્રોત્સાહન આપવું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને (સિંગાપોરના) વડા પ્રધાન લોરેન્સ વોંગે આજે સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સિંગાપોરની અગ્રણી કંપની એઈએમ હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી.

# વિશ્વભરમાં જાણીતા બોડી બિલ્ડરનું હાર્ટ એટેકના કારણે 19 વર્ષની વયે નિધન

**વોશિંગ્ટન**

યુવાનોમાં હાલના સમયમાં હાર્ટએટેકથી થતા મોતના કિસ્સાઓમાંચિંતાજનક વધારો થઇ રહ્યો છે. ત્યારે બ્રાઝિલમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે. બ્રાઝિલમાં પ્રખ્યાત બોડી બિલ્ડર મેથ્યુસ પાવલકનું હાર્ટ એટેકથી નિધન થયું છે. મેથ્યુઝની વય માત્ર 19 વર્ષ હતી. તેનું જીવન પ્રેરણાદાયક હતું, ખાસ કરીને એ લોકો માટે જે બોડી ટ્રાન્સફોર્મેશન અને ફિટનેસ માટે સમર્પિત છે.

મેથ્યુઝે વધારે વજન સામે લડી પાંચ વર્ષમાં પોતાની મહેનત અને મજબૂત સંકલ્પ દ્વારા બોડી બિલ્ડર તરીકે વિશ્વભરમાં પોતાનું નામ બનાવ્યું હતું. તેના અકાળે મૃત્યુથી સમગ્ર ફિટનેસ જગતને આઘાત લાગ્યો છે.

# યુક્રેનની યુનિવર્સિટી-હોસ્પિટલ પર રશિયાનો મિસાઈલ હુમલો, 41 મોત

## હુમલા થતાં 180થી વધુ લોકો ગંભીર રીતે ઈજા પામ્યા

**કીવ**

પાછલા અઢી વર્ષોથી ચાલતા રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયાએ આજે (૩ સપ્ટેમ્બર) યુક્રેન પર ભીષણ મિસાઈલ હુમલો કર્યો છે. રશિયાના એરફોર્સે યુક્રેનના પોલ્તાવા શહેરમાં યુનિવર્સિટી અને હોસ્પિટલને નિશાન બનાવી બે બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી હતી. યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીના જણાવ્યા મુજબ રશિયાના આ ભયંકર હુમલામાં 41 લોકોએ જીવ ગુમાવ્યા છે અને 180થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયામાં વીડિયો શેર કરી આ હુમલા અંગે માહિતી આપી છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે, 'બે બેલેસ્ટિક મિસાઈલથી યુનિવર્સિટી અને હોસ્પિટલને નિશાન બનાવવામાં આવ્યા છે. રશિયાના ભયંકર હુમલાથી ભયંકર વિનાશની સ્થિતિ સર્જાઈ છે. રશિયાએ ઇરાદાપૂર્વક યુક્રેનના રહેણાંક વિસ્તારો અને જાહેર સંપત્તીઓને નિશાન બનાવ્યો છે. આ હુમલામાં 41 લોકોએ જીવ ગુમાવ્યા છે અને 180થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.'

# પાકિસ્તાનના 20,000 નાગરિકો દુનિયાની વિવિધ 88 જેલોમાં બંધ

**ઈસ્લામાબાદ**

દુનિયાની વિવિધ જેલોમાં 20 હજાર કરતા વધુ પાકિસ્તાનીઓ જેલમાં સડી રહયા છે. એકસપ્રેસ ટ્રિબ્યુનને ટાંકીને જણાવાયું છે કે સૌથી વધુ 10432 પાકિસ્તાનીઓ સાઉદી અરબની જેલમાં બંધ છે. આ ઉપરાંત સંયુકત અરબ અમીરાત (યુએઈ)માં 5293 કેદીઓ જેલમાં સડી રહયા છે. બ્રિટનમાં 321 અને ઓમાનમાં 578 સાથે કુલ આંકડો 20 હજાર કરતા વધારે છે જેમાં તુર્કી, બહેરિન, ગ્રીસ, ચીન, અમેરિકા અને જર્મનીનો પણ સમાવેશ થાય છે. આ કેદીઓ આતંકવાદ,ચોરી લૂંટફાટ, હત્યાથી માંડીને વિવિધ પ્રકારના ગંભીર આર્થિક ગુનાઓમાં પણ સંડોવાયેલા છે. ભારતની વાત કરીએ તો ભારતના 8330 કેદીઓ 90 દેશોની જેલમાં છે. દુનિયામાં પકડાતા ભીખારીઓમાં 90 ટકા પાકિસ્તાની મૂળના હોય છે.

**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



## MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels

SOLD OVER 50 Hotels & Motels. TOP 75 Producers in Canada& Centurion Producer Awards Winner

**21 ROOM MOTEL - $1.9 Million**
Gravenhurst, Muskoka
All rooms are on monthly & longterm
+ Restaurant &Bar on Lease

**78 ROOM HOTEL RAMADA BY WYNDHAM Near Kingston - $6.99 Million**
Over $1.2M spent on renovation and upgrades in last 4 years
9+ AcreLand at Hwy 401 exit, Room Rev$1.4 Million, EBITA $625K- SOLD COND.

**17 ROOM MOTEL - $1.8 Million**
Sault Ste Marie
Fully Renovated and Upgraded
Very profitable motel

**11 ROOM MOTEL - $849,000**
Hwy 11, between North Bay & Cochrane
+1 Room Apt, Indoor Corridor, easy operation
Ideal for one man or couple to own & operate
Be a motel owner with $250 to $300K down

**Coming up For Sale- Hotels & Motels**
FRANCHISE HOTEL 5 Hrs East of Toronto
55 ROOM MOTEL 3 Hrs East of Toronto
10 ROOM MOTEL near Sudbury

**16 ROOM MOTEL- $2Millon**
Between London and Grand Bend/Lake Huron
Indoor Corridor + 3 BR, 3WR Apt for Owner
Very well maintained and clean motel
+ additional area for restaurant & banquet hall,
In the downtown, all aminites minutes away
Current owner is running it for last 16 years

**35 ROOM MOTEL- $3.5 Million**
Hwy 11, 7 Hrs North of Toronto

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $200,000. Partnership % + Salary to run and manage the motel. Must be PR or Citizen, Must know English & Computer

**Urgent Listing Require: Motels & Hotels**
Any Size, Any Price, Any Location
Qualified Buyers having 40% to 50% Down
Payment Are Ready to CLOSE the Deal ASAP

**Motel Jobs Avaiable**
Housekeeping and all general work,
Front-desk(must know English & Computer)
Free Acomodation + Compititive Salary
Location: 6 to 8 Hrs north of Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CATEGORY FOR INSIDE OR OUTSIDE CANADA CANDIDATE

DO YOU HAVE IELTS WITH 5 BAND ?

DO YOU HAVE GRADE 12 PLUS ANY DIPLOMA OR DEGREE ?

DO YOU KNOW YOU CAN BE ELIGIBLE FOR FOREIGN GRADUATE ENTREPRENEUR STREAM WITH 50K INVESTMENT

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST



**AMI MEHTA**
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

**CONTACT TODAY TO KNOW MORE**

**OCI પાસપોર્ટ બનાવી આપવામાં આવશે તથા તત્કાલ પાસપોર્ટ રિન્યુ કરી આપવામાં આવશે.**

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ;
Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911


Ganesha Accounting & Shiv Financial Services
proudly presents
Navratri 2024
Ganesha Accounting & Tax Services Inc.
Manishaben Sevak
647-770-3876
SHIV FINANCIAL SERVICES
Super Visa Insurance
Visitor to Canada
Medical Insurance
JAGDISHBHAI SEVAK
647-236-7620
Garba Night
with
Jitendra Joshi
Legendry Garba Singer of
North America & India (Nadiadi)
Registration is Full
Delicious food is available
from Multiple vendors.
21 SEP 2024
SATURDAY - 6:30PM
Sringeri Temple Hall
80 Brydon Drive, Etobicoke, ON
Title Sponsors
iDREAM
WE CARE REALTY INC
KALPESH THAKKAR
Broker
Cell: 647-719-5125
Email: kalpesh.thakkar@idreamrealty.ca
kalpesht72@gmail.com
Devang Vyas
Mortgage Agent | Level 2 | #M20003201
416-830-5349
mortgage.devang@gmail.com
www.mortgagebydevang.ca
703-100 Allstate Parkway, Markham, ON L3R 6H3
in association with
ISLINGTON OPTICAL
FREE EDUCATION & GOVT. GRANTS
437-430-3535
MARUTI
Ashish Parekh
Website & App Development
Email Marketing
Graphic Design & Printing
DK Creative
647-287-2882
DR. AMANPREET CHOPRA DENTISTRY
Family Dental Care
Krupa Shah Law Professional Corporation
PESTINATOR
JIGNESH
Jay Brar
647-400-5100
ROHIT SHARMA
Ishwar Jewellers
T: 416-747-7100
NEW INDIA GROCERS
416-744-3586
Media Support
ગુજરાત ન્યૂઝલાઈન
647 400 6248
ગુજરાત વીક્લી
Morari Shreekhand
PRAGNESH PATEL
JYOTISH SONI
AUM PROPERTY INSPECTIONS INC
Cell: 647-801-7664
www.AumPropertyInspections.ca
UNIQUE INTERNATIONAL
KULIN PATEL
સ્વદેશ
Designed by: DK Creative 647-287-2882

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price
- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

JK EVENTS

JK EVENT INNOVATORS
PRESENTS



SEPT 13TH 2024
BRAMPTON
BRAMALEA GO STATION, SOUTH LOT

Radhiyali Raat

SEPT 14TH 2024
NORTH YORK
DOWNS VIEW PARK, 70 CANUCK AVE

SUPPORTED BY
Kunj Shah REAL ESTATE +1 647-966-3974
HUMANS FOR HARMONY

WITH
AAMIR MIR I OSMAN MIR I PARTHI VYAS
PERFORMING LIVE

CO TITLE SPONSOR
YAGNESH SHAH
MORTGAGE AGENT LEVEL 1
PHONE : 647-500-9274
EMAIL : yshahmort@gmail.com
LIC : M14001372
ISCON THAAL

DOOR OPENS AT 6 PM I TICKET PRICE $30

FOR GROUP TICKET PLEASE CONTACT US VIA WHATSAPP OR CALL THE NUMBERS BELOW

KUNJ SHAH +1 647-966-3974 | DHAVAL RATHOD +1 437-984-2318

FREE PARKING AVAILABLE